જય ગુરૂ

નવનીત

ૐ

જયગુરૂ

'કભુ' ચાલ ગગન ગુહા પ્રતિ, જ્યાં ઐશ્વર્ય નિરાળા,
ગુરૂ ઐશ્વર્યનિધી ત્યાં જોયો, તોડી અવિધા તાળા;
પ્રભુ કેરા એ પરમ ધામમાં, મહામસ્ત થઇ મહાલ્યા,
ગુરૂસ્મરણે ગુરૂ અનુગ્રહથી ઝટ ઉધ્ધરી ગયા માયા.

આવૃત્તિ પહેલી　　　　પ્રત ૧૦૦૦

પ્રકાશક :

નવનીતલાલ વ્રીજભુખણદાસ દલાલ

કિંમત : અમૂલ્ય પ્રેમ "એકલક્ષ"

પ્રકાશક:
નવનીતલાલ વ્રજભુખણદાસ દલાલ
શ્રી કૃષ્ણ ભજનાશ્રમ
કોરોનેશન બીલ્ડીંગ સી. પી. ટેન્ક.
મુંબઈ નં. ૪.

શ્રી ગુરૂ પૂર્ણિમા
સંવત ૧૯૯૯

પહેલી આવૃત્તિ
પ્રત ૧૦૦૦

મુદ્રક:
ભોગીલાલ માણેકલાલ પટેલ.
ધર્મ વિજય પ્રિન્ટીંગ પ્રેસ,
પહેલો ભોઇવાડો, ભુલેશ્વર,
મુંબઈ ૨.



कृष्णं वंदे जगद्गुरुम्

શ્રી ગુરૂ સ્તવન

અજ્ઞાન તિમિરાંધસ્ય જ્ઞાનાંજન શલાકયા,
ચક્ષુરુન્મિલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ
બ્રહ્માનન્દં પરમસુખદં કેવલં જ્ઞાન મૂર્તિમ્;
દ્વંદ્વાતીતં ગગનસદૃશં તત્વમસ્યાદિલક્ષ્યમ્
એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષિભૂતમ્
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરૂં તં નમામિ

અજ્ઞાન રૂપ અંધારાવડે આંધળા થયેલાની અંતઃકરણરૂપ આંખો જેમણે જ્ઞાનરૂપ આંજણની સળી વડે ઉઘાડી તે શ્રીગુરૂને પ્રણામ હો. જે બ્રહ્મરૂપ આનંદવાળા, શિષ્યોને પરમસુખ આપનારા, અવિદ્યાથી રહિત, જ્ઞાનસ્વરૂપ, સર્વ દ્વંદ્વોથી પર આકાશના જેવા નિર્લેપ, તે તું છે ઇત્યાદિ મહાવાકયોના લક્ષ્યાર્થ રૂપ, એક, ત્રણે-કાલમાં રહેનારા, સર્વ પ્રકારના મેલથી રહિત, ચલાયમાનપણાથી રહિત, સર્વ પ્રાણીઓની બુદ્ધીના સાક્ષિરૂપ છ પ્રકારના ભાવવિકારોથી પર, અને ત્રણ ગુણોથી રહિત છે તે સદ્‌ગુરૂને હું નમું છું.

જાદવ જગમાં જીવ્યો

આજે આજે આ જુગજુગની ઓળખાણ
જાદવ જગમાં જીવ્યો
ગાજે ગાજે એ અંતરને ઉંડાણ
જાદવ જગમાં જીવ્યો—આજે
જનમી જેણે જીવન સુધાર્યું (૨)
જ્ઞાનદીપકનું તેજ વધાર્યું (૨)
લીધી લીધી જેણે મનુષ્ય જનમની લ્હાણ
જાદવ જગમાં જીવ્યો-આજે
સત સંગતના સ્વાંગ સજીને (૨)
અંતરના અભિમાન તજીને (૨)
શોધ્યા શોધ્યા જેને આતમના રહેઠાણ
જાદવ જગમાં જીવ્યો—આજે
ધર્મ ભક્તિના નાવ હંકાર્યા (૨)
અંધ અપંગને પાર ઉતાર્યા (૨)
સાચો સાચો એ પરમારથનો પ્રાણ
જાદવ જગમાં જીવ્યો—આજે
તન મન હરિને ચરણે ધરાવ્યા (૨)
કમર કસીને ભજન કરાવ્યા (૨)
મળવા મળવા એવા દુર્લભ સંતસુજાણ
જાદવ જગમાં જીવ્યો—આજે
અગણિત વંદન એ ગુરુવરને (૨)
કરીએ શુદ્ધ કરી અંતરને (૨)
બોલો બોલો ગોવિંદ જાદવ નિર્વાણ
જાદવ જગમાં જીવ્યો—આજે



પૂ. શ્રી જાદવજી મહારાજ



ભક્તરાજ શ્રી હરિદાસભાઈ

ભક્તરાજ શ્રી હરિદાસ મહારાજનું

ભકિતમય જીવન.

कुलं पवित्रं जननी कृतार्था वसुंधरा पुण्यवती च तेन ।
अपार संवित्सुखसागरेऽस्मिन्लीनं परब्रह्मणि यस्य चेतः ॥

અપાર જ્ઞાન અને સુખના સાગરરૂપ પરબ્રહ્મમાં જેમનું ચિત્ત લીન થયું છે એવા મહાત્માઓ, સંતો, ભકતો જે કુળમાં જન્મ્યા હોય તે કુળ પવિત્ર છે; જે જનનીની કુખે અવતર્યા હોય તે જનની કૃતાર્થ છે અને જે ભૂમિ પર તેઓ જન્મ્યા હોય તે ભૂમિ ભાગ્યશાળી છે. વ્હાલા વાંચક આજે જે સંતનું ભકિતમય જીવન તારા હાથમાં મુકુ છું તે સંતની ભકિતમય કથા આલેખવી એ શકિત બહારની વાત છે કારણ કે પ્રગટ છતાં એ ગુપ્ત રીતે પોતાની ભકિત સીધ્ધ કરી અલ્પ વયમાંજ જેને પોતાની જીવન લીલા સંકેલી લીધી એવા સંતની જીવન ગતિમાં કેમ કોઈની મતિ ચાલી શકે? તેમ છતાં પણ આપણા આત્મ કલ્યાણના સાધન માટે આ સંતની પવિત્ર ભકિતમય કથા લખવા મારી ક્ષુદ્ર લેખીની છતાં આજે મારે પ્રવૃત થવું પડે છે.

આવો વાંચક બંધુ! આજે તમારી સમક્ષ તેજ અલૌકિક મહાપુરૂષ, સનાતન ધર્મ પ્રેમી ભકતરાજ શ્રી હરિદાસની ભકિતમય કથા રજુ કરૂં છું. ભકતરાજશ્રીનો જન્મ સંવત ૧૯૫૩ ના આસો સુદી પૂર્ણીમા એટલે શરદ પૂર્ણીમાને દીને થયો હતો. પ્યારા શરદપૂર્ણીમાં એટલે દ્વાપર યુગમાં પ્રગટ થયેલા ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર છ મહિનાની એક રાત્રી કરી વૃજબાળા સંગે

રચેલો રાસોત્સવનો દીન ધન્ય છે એ દીવસને ઘડીને અને પળને કે જે પળે નીર્ગુણ અને નીરાકાર એવા પ્રભુજીઓના નીકટમાં આવવા સગુણ અને સાકાર રૂપ ધારણ કરી જીવોને નીજ ચર્ણાર્વીદમાં ખેચ્યા. સાથે સાથે ધન્ય છે તે સંત મહાત્મા, ભકતરાજને કે જેણે આ પવિત્ર દીને જન્મ ધારણ કરી જગતના જડજીવોની અવિદ્યા અને આવરણ દુર કરવા અધ્યાત્મીક રાસની રચના કરી શરદઋતુમાં, આકાશ જેવું સ્વચ્છ અને નીર્મળ હોય છે તેવું જ્યારે અંતઃકરણ સ્વચ્છ થાય અને શરદપૂર્ણિમાંના ચંદ્ર જેવો પૂર્ણજ્ઞાન ચંદ્ર હ્રદયમાં ઉદય પામે અને જગતના પ્રત્યાભાસની રાત્રીની પેઠે સર્વ વૃત્તિ શાન્ત થાય ત્યારેજ અંતઃકરણની પ્રેમમય વૃત્તિઓ ને આત્માનો અનુભવ થાય અને પરમાનંદના ઉપભોગ રૂપ અખંડ રાસોત્સવ થાય છે. ધન્ય છે આવા સંતને કે જેણે આવા રહસ્યમય અને આનંદમય દિને પ્રગટ થઇ આત્મા પરમાત્માના અખંડ રાસોત્સવ પોતે ખેલ્યા અને ભકતજનોને ખેલાવ્યા. ઉપર જણાવી ગયા તેમ આજથી ૪૫ વર્ષ પૂર્વે ભકતરાજશ્રીનો જન્મ પવિત્ર બ્રાહ્મણ કુલમાં એક મહાન ભકતરાજને ઘેર થયો હતો. તેમની માતાનું નામ મનુબા અને પિતાનું નામ જાદવ હતું. બાળપણથીજ જેને ભકિતના અને ભજનના અને નારાયણના નામના સંસ્કાર હતા. કારણ કે પિતાએ પોતાનું સર્વસ્વ હિત નારાયણના ચરણમાંજ શોધ્યું હતું. ભકતરાજશ્રીનું પ્રાગટ્ય પણ શ્રી નરનારાયણના ચર્ણાર્વીદમાંજ થયું હતું કારણ પિતા શ્રી જાદવ તે વખતે શ્રીનરનારાયણના મંદીરમાં બાંધેલી જગ્યામાંજ રહેતા હતા. અને ત્યાંજ તેમણે સતસંગ મંડળની સ્થાપના કરી હતી. સતસંગમાં આવતા હરિજનોની સાથે નારાયણના નામની ધુનમાં આપણા બાળ અવસ્થાના સંત પણ પુરણ પ્રેમથી ભાગ લેતા અને સર્વેની સાથે ધૂન મચાવતાં. પ્રભુની આ કંઈ કૃપા કે જેને ત્રણે અવસ્થા નારાયણના નામમાં નીર્ગમન કરી જન્મ્યા તે પણ નારાયણના નામમાં જીવ્યા

તે પણ નારાયણના નામમાં અને સ્થુલ શરીરનો અંતપણ નારાયણના નામમાં થયો. પ્યારા પ્રભુના નામમાં દીવસો, મહીનાઓ અને વરસો વ્યતીત કરતાં સંત જ્યારે ઓગણત્રીસ વરસની વયે પહોંચતા, તેમના પુજ્ય માતુશ્રી સ્વર્ગવાસી થયા. ભકતરાજશ્રી ઘણી વાર કહેતા ઉપદેશ આપતા કે માતા મનુષ્ય માત્રની ગુરૂ છે. તે જે સંસ્કાર બાલપણમાં પાડે છે એજ આગળ જતાં મનુષ્યના જીવનમાં ઉતરે છે તેઓશ્રી કહેતા કે મારા પર તો મારી માતાના ઉપકાર ઘણા છે. બાલ્યાવસ્થાથી નીતિ ભકિત ને પુરાણોની સુંદર બોધદાયક કથાઓ કહી, તેમણેજ મારા અંતરમાં પ્રથમ આધ્યાત્મિક જ્ઞાનજ્યોત જગાડેલી. મારામાં ધર્મ જીજ્ઞાસા ઉત્પન્ન કરનાર ને તેને પ્રોત્સાહન આપનાર જો કોઈ ગુરૂ હોય તો ખરી રીતે મારા માતુશ્રી મનુજ હતા; અને આ ઉપકારીક ભાવના એક ભજન મારફત ઠાલવી હતી કે જે પદ માતુશ્રી મનુને અર્પણ એ રીતે પોતે પ્રગટ કરેલાં 'મનુહૃદય સરોજ'માં પ્રગટ કરી હતી. માતુશ્રીના સ્વર્ગવાસ પછી પાંચ વરસે પિતાશ્રીનો સ્વર્ગવાસ થયો પ્યારા આ સમયે ભકતરાજશ્રીને નવી ફરજો બજાવવા માટે કટીબધ્ધ થવું પડ્યું. પિતાશ્રી જાદવે સ્થાપેલ સતસંગ મંડળ ચલાવવાનું કામ પોતે પુર્ણ પ્રેમથી ઉપાડી લીધું અને શ્રીનારાયણની કૃપાથી ભકતરાજશ્રીએ પોતાની સર્વ સેવા શ્રીનારાયણને તેમજ તેમના ભકતોને ચરણે અર્પણ કરી.

બાકીના સમયમાં તેઓ શ્રી ભજનો તેમજ સંતોના ચરિત્રો લખતા. પિતાશ્રી જાદવના નામના લગભગ બસોથી અઢીસો ભજનો લખ્યા છે. વચ્ચે બે વરસ સુધી તો સાધુસંતોની ફુલવાડી એ નામનું માસીક પણ કાઢયું હતું. પિતાશ્રીનો વિયોગ અને ખોટ પોતાને તેમજ મંડલના હરિજનોને ન સાલે તેવી રીતે ઉપદેશનું કામ ઉપાડી લીધું અને પિતાશ્રીને પગલે પગલે પોતાનું જીવન પ્રેર્યું. પિતાશ્રીનો સ્વર્ગવાસ થતાં મંડળનું કામ હાથમાં લેતા ભકતરાજશ્રી એ જે હૃદય ઉદ્દગાર કાઢયા તે આ હતા.

પિતાશ્રી ચર્ણે.

શુષ્ક મુજ હૃદય વાડીમાં, બી જે વાવ્યા હે વિપ્રવર
તે આજે પુષ્પ થઇ ખીલ્યાં, વેરૂં છું તમ સમાધિપર
ઘણા દુઃખે ઘણા કષ્ટે, ઘણી વિપત્તીઓ સહી;
ભકિત જે સાધી આપે, તે કથુ છું ફરી અહીં,
પ્રેમ ધર્મને નીતિના, વસ્યા સદ્‌બોધ સૌ હૃદે;
તાત હું આવું પાછળ, તે પથપર તમ પદે પદે;
શ્રુતિ ભગવદીના આશિષ, સફળ થાજો સુખપ્રદા,
માતૃ દેવો ભવ પ્રીય; પિતૃ દેવો ભવ સદા

मातृ देवो भव ।
पितृ देवो भव ॥

સર્વ ગુણે અલંકૃત એવા આ ભકતરાજમાં એક ગુણ વિશેષ રૂપે હતો અને એ દીનતા અને નિરાભીમાનતા સંતની દીનતા અને નીરાભીમાનતા પ્યારા નીચેના શબ્દોથી સીદ્ધ થાય છે. તેઓ શ્રી કહેતા કે પિતાશ્રીના જ્ઞાન વારસાનો અધિકારી હું એકલો ન હતો એમાં તો બીજા હજારો ભાગીદાર હતા. એમનું જે હતું તે બધાનું હતું. શ્રી નરનારાયણના મંદીરમાં ઘણા ભકતો સાથે એઓને એમના ઉપદેશ મેં સાંભળ્યા હતા અને એ બધા ઉપદેશોમાંથી મારી અલ્પ બુધ્ધી અનુસાર હું જે કંઈ ગ્રહણ કરી શકયો છું તે તમને કહું છું અને સંભળાવું છું. એમાં મારૂં કંઈ નથી. ધર્મ ગ્રંથોમાં ભકતરાજશ્રીને ઉપનીષદોમાં ઘણો ભાવ હતો. આર્યવ્રતના આપણા પ્રાચીન મહાન્ ઋષીઓનું જ્ઞાનધન ઉપનીષદોનાં પવિત્ર ગ્રંથોમાં સચવાઈ રહ્યું છે તે ગ્રંથોની અસર મારાપર ઘણી થઇ છે. છેવટે તેઓશ્રી કહેતા કે એ ઝગમગતી દીવ્યજ્યોતના દર્શન સૌને થાય; સૌના પાપ તિમિર ટળો અને સૌના અંતર એથી ઉજવળ થાય એવીજ મારી મંગળ ભાવના અને પ્રાર્થના શ્રી નારાયણના ચરણમાં છે.

ભકતરાજશ્રી આ જીવનમાં ઘણાક સંતો, ભકતો, મહાત્માઓ, સાધુ અને સન્યાસીઓના સંબંધમાં આવ્યા હતા. કારણ કે મુંબઈ શહેરમાં કાલબ દેવી ઉપર આવેલા શ્રી નરનારાયણનું મંદીર તેમાંએ ભકતરાજશ્રીનું સતસંગ મંડળ એક અજોડ ભકિત ક્ષેત્ર હતું તેથી સર્વ સંતોનો મેળાપ ત્યાં થતો પિતાશ્રીના સ્વર્ગવાસ પછી ભકતરાજશ્રીની શારિરીક સ્થીતી નબળી પડતી ગઈ કારણ કે તેઓશ્રીએ અપવાસની પ્રવૃતી આદરવી શરૂ કરી હતી. કોઈ કોઇ વખતતો અડવાડીયામાં ચાર ચાર દીવસ અપવાસ કરતા હતા. ભકિત કરતા અને કરાવતા શ્રી નારાયણના નામમાં પોતાનું જીવન વ્યતિત કરતાં કરતાં આખરે ૧૯૯૯ ની સાલ આવી. પોતાની જીવન લીલા સંકેલવાની આગાહી ભકતરાજને પ્રથમથી થઇ હતી કુદરત ભગવાનના અટુટ નીયમ પ્રમાણે મૃત્યુ પોતે જોખમદાર બનતું નથી કારણભુત વ્યાધી કે અકસ્માત તો હોયજ તે રીતી પ્રમાણે આપણા સંત પણ આઠ દીવસની ટુંકી બીમારી ભોગવી વૈશાખ સુદી એકાદશીને દીને પોતાના સ્થુલ શરીરનો ત્યાગ કર્યો.

હજારો માણસોને આત્મ શાન્તિ માર્ગ દર્શાવનાર અને ધર્મનીતીનો બોધ આપી સન્માર્ગે દોરનાર ભકતરાજશ્રીના સ્વર્ગ ગમનના સમાચાર સાંભળી, તેમને છેવટનું માન આપવા તેમના અનુયાયીયો તથા તેમના પ્રત્યે પુજ્ય ભાવ ધરાવનારાઓની મોટી મેદની જામી. મંડળના હરિજનો હરિ ૐ ની ધુનો મચાવતા હતા કારણ કે ભકતરાજશ્રીને હરિ ૐ ની ધુન બહુજ પ્રિય હતી હરતા ફરતાં સતસંગીઓની સાથે વાર્તાલાપ કરતાં પણ વચ્ચે હરિ ૐ ના ઉદ્ગાર કાઢતા હતાં. અંતિમ સમયે પણ હરિ ૐનું અખંડ રટણ વચ્ચે શરીર છોડયું હતું. ફુલ અને ગુલાલ ઉડાડતા તેમજ ઝાંઝ પખવાજ આદિ વાદ્યો વગાડતા વગાડતા તેમની અંતીમ ક્રીયા માટે તેમને વાલકેશ્વર લઈ ગયા તે પવિત્ર સ્થળમાં સુખડ, ઘી તેમજ બીજા સુગંધી પદાર્થો

વડે તેમને અગ્ની સંસ્કાર કર્યો. વ્હાલા વાંચક આખું ભકિતમય જીવન વાંચી વીચારી મનન કરી હૃદયથી એ શોધ કર કે કઇ ઉચ્ચ કોટીના આ સંત હતા અને જો ખોળી જોતાં ખબર ન પડે તો નીષ્કુળાનંદના આપદનો વીચાર કર.

જેનું તનમન માન્યું ત્યાગેરે, ભકિતને ધર્મ ભાવે છે,
જેના વચન વિદ્યા વૈરાગેરે, અંતરમાંથી આવે છે;
શિલ સંતોષને વળી શાંતીરે, એમાં રહીને બોલે છે.
ધીરજતા કહી નથી જાતીરે, જ્ઞાન ધ્યાનમાં ડોલે છે;
એવા સંત સહુના સગારે, પરોપકારી પુરા છે,
જેના દિલમાં નહિ કોઇ દગારે, સત્ય વાતમાં શુરા છે;
વળીહિત ઘણું છે હૈયેરે આંખે અમૃત વરસે છે,
કહે નીષ્કુળાનંદ શું કહીયેરે, એ જન જોઇ હરી હરખે છે

આગળ જણાવી ગયા કે પિતાશ્રીને પગલે ચાલી ભકતરાજશ્રીએ ભકિત ભજનની પ્રવૃતી પુરણ પ્રેમથી ચાલુ રાખેલી તેવીજ રીતે ભકતરાજશ્રીના સ્વર્ગવાસ પછી મંડલના સંતસંગીઓએ અને પુજ્ય બ્હેનોએ એજ પ્રમાણે પ્રભુ ભજનની અને નારાયણના નામની અને સતસંગની પ્રવૃતી જેમની તેમ ચાલુ રાખી છે. મંડળના સતસંગીઓએ પિતાશ્રી જાદવને જીવન સુધી સહકાર આપ્યો હતો અને શ્રદ્ધા રાખી અને પિતાશ્રીના સ્વર્ગવાસ પછી આપણા ભકતરાજશ્રીને પણ તે પ્રમાણે સહકાર આપ્યો હતો અને ભકતરાજશ્રીના સ્વર્ગવાસ પછી તેવીજ અચળ શ્રધ્ધા અને સહકાર ભકતરાજશ્રીના કુટુંબ પ્રત્યે રાખી રહ્યા છે. પિતાશ્રી જાદવે રોપેલ ભકતરાજશ્રી હરિદાસ મહારાજે પોષેલ ભજન રૂપી આ વૃક્ષ દિન પ્રતિ દીન વધુને વધુ ફળદાયી થાય અને એની શીતળ છાયા નીચે વધુને વધુ ભકતો વિશ્રાન્તી લે એવી શ્રીનારાયણ પ્રત્યે મારી પ્રાર્થના છે.



ભક્તરાજ શ્રી કસુભાઈ

સંતના સંભારણા.

આજનું પ્રભાત પૂર્ણ પ્રેમથી ભરેલું
પ્રગટયું પરમ દિવ્ય તત્વરે અલબેલા સંતના સંભારણા—આજ
ભાવના ભરેલ આજ સાગર ઉભરાય છે (૨)
ભક્તોના દીલડાં ભીંજાયરે, અલબેલા સંતના સંભારણા - આજ
મંગલમય દીન આજ મંગલમય રાતડી (૨)
મંગલમય વિશ્વ આ જણાયરે અલબેલા સંતના સંભારણા—આજ
ભકિતના મંત્ર ભાણી કંઈકને ઉદ્ધારવા (૨)
પ્રગટયો પ્રતાપી પ્રભુ અંશરે અલબેલા સંતના સંભારણા—આજ
જીવન જગાવ્યું જેણે જગહીતને કારણે (૨)
તરસાને તારવા અનંતરે અલબેલા સંતના સંભારણા—આજ
જ્ઞાનને વૈરાગ્યની બે દિવ્ય ધરી પાંખડી (૨)
ઉડી ગયો જ્યાં અનંત ધામરે અલબેલા સંતના સંભારણા—આજ
ગુણ ગાઈ ગોવિંદના ગુણાતિત સંતના (૨)
કબુલાત 'કબુની' હો સત્યરે અલબેલા સંતના સંભારણા—આજ

જયગુરૂ

જગતના જાણકારોને પૂછું એક વાત મામૂલી !
ગુરૂજ્ઞાને ભરી છલકે કહો, મળશે કહીં પ્યાલી ?

ઉપરથી જોતા શબ્દોમાં કદાચ વ્યંગ લાગશે કારણ કે કોઇ ગાંડાએ એ ગાયું છે. ગાંડા થવું કોને ગમે ?

સવાલનો જવાબ વિચારી કાઢવાનો પ્રયત્ન કરતાં પુરતો જવાબ જડે તે પહેલાંજ એક વિચાર સ્ફુર્યો ઇતિહાસ સાક્ષી પુરે છે કે દુનીઆના ડાહ્યાઓનાં નામ અને કામ તેનાં નાનાં સરખાં વર્તુળમાંજ કોઇ દિવસ તો કોઇ મહીનો માસ સંભારાઇ વિસરાઇ ગયાં જ્યારે ગાંડાઓનાં નામ તો હજુ પણ ઇતિહાસ પાટે જેવાં ને તેવા તાજાજ છે.

ગાંડાનું ગાંડપણ એ જગતને મન ભલે હસવા જેવી વિગત લાગે પરંતુ ગાંડાનો તો એ પ્રાણ છે. એના શ્વાસોશ્વાસમાંથી જે વસ્તુ નીકળી તેને કદાચ જગત સંઘરતાં પણ થાકી જશે. કારણ ? મીરાં ગાંડી હતી. નરસિંહ મ્હેતો ગાંડો હતો. દિલમાં પ્રગટેલી આગ બુઝાવવા એણે ગાંડપણ ધારણ કર્યું અને જગતની નજરે મરેલી છતાં મરીને જીવી ગયેલી એ વ્યક્તિઓ ઇતિહાસમાં અમર થઇ બેઠી.

મનુષ્ય સંસારનો મોટો ભાગ જન્મે છે, પોતાના નાનકડાં સરખાં વર્તુલમાં બાળકમાંથી યુવાન અને યુવાનમાંથી વૃદ્ધ બની એક દિવસ ભવાટવીમાં અદૃશ્ય થાય છે. આમ જો મનુષ્ય માત્રનોજ અંત આવતો હોત તો સંસાર પેદા કરવાનું કોઈ પ્રયોજન દેખાતું નથી. પરંતુ એમ નથી. મનુષ્ય દેહ સકારણ છે. કમનસીબે એને વીંટી વળેલાં તત્વો એવાં ઘેરાં છે કે કારણ અને કાર્યની સાંકળના અંકોડા એને દેખાતા નથી.

કોઈક એ અંકોડા કાં તો જાતે તોડે અથવા પરમાત્માની કોઈ અગમ્ય કૃપાથી પોતાના અને પારકાના અંકોડા તોડાવનાર એને મળી આવે. સાદી ભાષામાં એ કોઇને ગુરૂ કહેવામાં આવે છે. મનુષ્ય દેહનું કારણ અને એ કારણુનીપર જવાના રસ્તાઓ છે. કોઇ પોતાની જાત માટેજ એ મહેનત કરે શરૂઆતમાં એને સાધક કહેવાય – રસ્તાઓ તે એનાં સાધનો અને લક્ષ્યપ્રતિ એ એની સિદ્ધાવસ્થા પરંતુ જગત માત્રને માટે જે સાધક પોતાનાં સાધનો જગત સમક્ષ ધરે એને ગુરૂ કહેવાય ભવાટવીમાંથી પાર ઉતારે એ ગુરૂ જે સાધન વડે એ પાર ઉતારે એ ગુરૂજ્ઞાન યાને ગુરૂભક્તિ.

પરંતુ ભવાટવીની પાર એટલે ?

આ જગત આત્મા અને માયા એ બે ઘટકોનું બનેલું જણાય છે, જે કાંઈ ચિત્સ્વરૂપ છે તે આત્મા છે. અને જે કાંઇ પંચભૂતાત્મક છે તે માયા છે. માયાનું મૂખ્ય લક્ષણ જડતા, પરતંત્રતા કિંવા બધ્ધતા છે અને આત્માનું મુખ્ય લક્ષણ સૂક્ષ્મતા, સ્વતંત્રતા અથવા મોક્ષ છે. આત્મા સ્વયંભૂ સ્વતંત્ર અને સ્વસંવેદ્ય છે. તે પોતેજ પોતાને જાણી શકે છે. આત્મા પોતાનું મૂખ્ય સ્વરૂપ મોક્ષ, મૂકિત વા સ્વતંત્રતાને શોધતો ફરે છે અને એ પ્રયત્નને માનવ ઇતિહાસ કહેવામાં આવે છે.

મોક્ષ માટે જ્ઞાનની અપેક્ષા છે. પરંતુ જ્ઞાન શું ? જે જ્ઞાનથી સાયુજ્ય મૂકિત પ્રાપ્ત થાય અથવા પૂર્ણ સ્વતંત્રતા અથવા મોક્ષ મળે એનેજ વિમલ જ્ઞાન, શુદ્ધ જ્ઞાન કહેવાય છે. અનિત્ય દૃશ્યથી જે પર એનું નામ આત્મજ્ઞાન આત્મા નિત્ય અને એક છે એ વિષેનું જે જ્ઞાન એનું નામ સત્ય જ્ઞાન દૃશ્ય પદાર્થો અથવા માયાનો વિસ્તાર જે જ્ઞાન વર્ણવે છે એવાં જ્ઞાનોના તો ઘણા પ્રકાર છે. પરંતુ ક્ષેત્રી અને ક્ષેત્ર, દૃષ્ટા અને દૃશ્ય, નિત્ય અને અનિત્ય એ સર્વના સંબંધનો જે વિવેક એજ સર્વ જ્ઞાનનો સાર છે.

ક્ષેત્રી, દૃષ્ટા અથવા આત્મા એ સત્, શાશ્વત, નિરૂપાધિ તથા નિર્વિકાર છે અને ક્ષેત્ર, દૃશ્ય અથવા દેહ એ અસત્ અને અશાશ્વત્ છે આત્મા સૂક્ષ્મ છે અને દેહ સ્થૂલ છે. આત્મા સ્વયંભૂ છે અને દેહ પૂર્વજોવાળો છે. આત્મા એ બ્રહ્મનો અંશ છે અને દેહ એ માયાનો અંશ છે. માયાનો નાશ થાય છે. આત્મા અવિનાશી છે. દેહ નશ્વર, આત્મા અમર છે. (આત્મા-દેહ, બ્રહ્મ-માયા નિત્ય-અનિત્યનો ભેદ આદિ કાળથી ચાલ્યો આવ્યો છે.) આત્મા અથવા બ્રહ્મ સ્વતંત્ર અને સ્વાધીન છે જ્યારે માયા અથવા દેહ પરતંત્ર અને પરાધીન છે જ્યારે સ્વતંત્ર આત્માનો પરતંત્ર માયાની સાથે સંયોગ થાય છે ત્યારે આત્માપર માયાનું આવરણ ચઢે છે. ત્યારે આત્મા દેહી અથવા જીવ કહેવાવા લાગે છે.

આત્માને માયાનું આવરણ હોવું એજ નરદેહનો જન્મ છે. જ્યાં સ્વતંત્ર આત્મા નરદેહ પ્રાપ્ત કરે છે કે તરતજ તેના સંસારિક સુખ:દુખ અને તાપત્રયનો આરંભ થઈ જાય છે. તાપત્રયનું મૂળ કારણ ત્રિગુણાત્મક માયાજ છે. સ્વતંત્ર આત્મા નર દેહમાં આવી સત્વ, રજ અને તમના ન્યૂનાધિક મિશ્રણથી ભ્રાંત બની અહંકાર વશ થઈ જાય છે "હું આવો છું" "મેં આકર્યું," "આ મારૂં ઘર" "આ મારૂં કુટુંબ વગેરે અહંકારી કલ્પનાઓમાં ફસાઇ સંસારના

સુખઃદુખમાં આત્મા નિમગ્ન બની જાય છે. માયાના મોહમાં બંધાવાથી તેની જ્ઞાન દૃષ્ટી નિસ્તેજ થઇ જાય છે. તે પોતાની જાતને ભૂલી જાય છે. જાતને ભૂલતાં અજ્ઞાન અને અહંકાર તેનાં રોમરોમમાં વ્યાપી જાય છે. તે બીજાઓને ત્રાસ આપે છે અને પોતે પણ પીડાય છે દુઃખનું કારણ શું છે, દુઃખ શા માટે મટતું નથી સુખજ શા માટે દુઃખ રૂપે દેખાય છે તે તેના લક્ષમાં આવતું નથી માયાનાં કઠિન ફંદમાં ફસાઇ રજ અને તમના અતિશય સંસર્ગથી એની દુર્દશા થાય છે.

બાકી નરદેહ એ વિલક્ષણ શકિત છે. એનો સદુપયોગ કરી શકાય છે અને દુરૂપયોગ પણ કરી શકાય છે. એનો દુરૂપયોગ કરનારને દુર્ગતિ અને સદ્ઉપયોગ કરનારને સદ્ગતિ પ્રાપ્ત થાય છે. કહેવત છે કે "નરના નારાયણ થઇ જાય."

આવા બધ્ધ આત્માને જ્યારે સાંસારિક તાપત્રયથી ખેદ અને પ્રશ્ચાતાપ થાય છે ત્યારે તેમાંથી મુકત થવાનો તે ઉપાય શોધે છે. વાસ્તવમાં બંધન કોઇ આત્માને નથી પરંતુ બંધન માનવું એ માયાનાં આવરણને અંગે ઉપજેલી ભ્રાંતિજ છે. આ ભ્રાંતિનું નિવારણ થતાં મુમુક્ષાનો ઉદય થાય છે. જ્યારે એ ઇચ્છા પ્રબળ બને ત્યારે સાત્વિક વૃત્તિનો અભ્યાસ શરૂ થાય અને પૂર્વ પૃણ્યોના યોગથી જેની કૃપાથી આ ઇચ્છા ઉત્પન્ન થઈ તે સદ્ગુરૂને શરણે જઇ તેની સેવા કરવા લાગે છે. સદ્ગુરૂનાં ઉપદેશથી અહંનો ત્યાગ કરતાં એને પ્રતીત થાય છે કે આત્મા બધ્ધ નથી. આત્મા સ્વતંત્ર છે. ભ્રાંતિને લીધેજ આત્મા પોતાને બંધનમાં પડેલો માનતો હતો. સદ્ગુરૂના ઉપદેશથી મનુષ્યની વિવેક દૃષ્ટી શુદ્ધ અને નિર્મળ થાય છે તેને જણાય છે કે સંસારમાં દરેક જીવને કંઇક કર્તવ્ય છે, કંઇક ઉદ્દેશ છે, કંઇક ધ્યેય છે અને કંઇક સાધ્ય છે. એ સાધ્યને સિધ્ધ કરવા નરદેહ આવશ્યક છે. આ શુદ્ધ અને વિમલ

દૃષ્ટી ગુરૂકૃપાનું અંજન પ્રાપ્ત થયા વિના કદાપિ સંભવતી નથી.

ગુરૂ શિષ્યોને જ્ઞાન આપે એ પરમાર્થ. પરમાર્થ એ તપસ્વીઓ અને સાધકોનો આધાર છે. પરમાર્થ એ ભવસાગરને પાર ઉતારે છે. પરમાર્થથી મૂળ્ય એવો જે પરમાત્મા તેનો અનુભવ થાય છે.

આત્માનુભવ થવો એનુંજ નામ માયાનાં બંધનમાંથી મુકત થવું, એનુંજ નામ મોક્ષ, એનુંજ નામ સ્વતંત્રતા. એ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનાં સાધનો જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ, કર્મમાર્ગ કે ભકિતમાર્ગ આ બધા માર્ગોથીજ તે સંત સમાગમ કરી, અદ્વૈતનિરૂપણનું શ્રવણ મનન કરી, સારાસાર વિચારોથી સંદેહો અને વિકલ્પોનું નિરસન કરી આત્મજ્ઞાનનો વિવેક કરે છે. વિવેકથી તે દેહબુદ્ધિને રોકે છે. માયાની ઉપાધિ છોડી અસાધ્ય વસ્તુ પરબ્રહ્મને તે સાધનથી સાધ્ય કરે–આમ સાધન કરતા કરતા તે ગુરૂના ઉપદેશથી નરદેહની સાર્થકતા કરી, માયાના આવરણને ભેદી, અજ્ઞાનનો નાશ કરી, પોતાની જાતને ઓળખી, સત્સ્વરૂપમાં લીન થઈ ભવસાગર તરી જાય છે. બદ્ધથી મુમુક્ષુ અને મુમુક્ષુથી સાધક થયેલો માણસ સિદ્ધ બની જાય છે.

અને આમ છતાં, સાધક સિદ્ધ બન્યા છતાં સાધન છોડતો નથી. જે બહારથી સાધકના જેવો જણાય પરંતુ અંતરમાં સ્વરૂપાકાર હોય એનું નામ સિદ્ધ.

પરંતુ સિદ્ધ પુરૂષો તો સ્વતંત્ર થઈ ગયા–જગતનું શું ?

પરબ્રહ્મની કલ્પના પણ કેવી રીતે કરવી ? પરબ્રહ્મ સ્વભાવથીજ નિર્વિકલ્પ છે કલ્પના કરવા જઈએ તો પણ હાથમાં આવતો નથી. મન તેને ઓળખી શકતું નથી અને ઉલટું ભ્રમમાં પડી જાય છે. દૃષ્ટી તેને જોઈ શકતી નથી અને દૃષ્ટીગોચર પણ ન થાય, જે ભાસમાન પણ ન થાય એને ઓળખવો કેવી રીતે ? તેને જોવા

જઇએ તો તે નિરાકાર હોવાથી મનની પ્રવૃત્તિજ ત્યાં રદ થઈ પડે છે. કલ્પના કરવા જઇએ તો દિશાનું છેડું આવી જાય છે અને કલ્પનાની દિશાની પેલેપાર કશું દેખાતુંજ નથી. એને વર્ણ નથી, રંગ નથી, રૂપ નથી અને ભાસથી પણ અલિપ્ત છે તેને ઓળખવાનો પ્રયત્ન કરવો એ માત્ર વ્યર્થ શ્રમ જેવુંજ લાગે છે. નિર્ગુણ વા ગુણાતીત, અદૃશ્ય વા અવ્યક્ત,- અચિંત્ય વા ચિંતનાતીત એવા અચિંત્યનું ચિંતન, અવ્યક્તનું ધ્યાનસ્મરણ અને નિર્ગુણનો અનુભવ કેવી રીતે કરવો ? અસંગનો સંગ કેવી રીતે કરવો, અંતરિક્ષમાં શી રીતે જવું, વાણીને પણ અગમ્ય એનું પ્રતિપાદન કેમ કરવું? નિર્વિકલ્પની કલ્પના કરવા લાગીએ અથવા અદ્વૈતનું ધ્યાન કરવાને પ્રવૃત્ત થઇએ તો સામે દ્વૈતજ આવીને ઉભું રહે છે અને ધ્યાન કરવાનું છોડી દઇએ તો પ્રથમ સંબંધ તુટી જતાં મોટા સંશયમાં પડવું પડે. વળી દ્વૈતના ભયથી હૃદયમાં બ્રહ્મનો વિચારજ ન કરીએ તો સમાધાનનો અનુભવ કદિ પણ પ્રાપ્ત થતો નથી. એ તો માત્ર અભ્યાસથીજ બ્રહ્મની પ્રાપ્તી થાય છે અને શાશ્વતાશાશ્વતના મનનથીજ સમાધાન થાય છે. પરંતુ મુશ્કેલી એ છે કે બ્રહ્મનું ચિંતન કરવા જતાં દ્વૈતની ઉત્પત્તિ થાય છે અને ચિંતન ન કરીએ તો કંઈ સમજાતુંજ નથી. વિચાર વિનાની શુન્યાવસ્થામાં રહેતાં તો સંશયમાં પડી જવાય.

આમ ચિંતન તો કરવુંજ પરંતુ અહંભાવનો ત્યાગ કરવો અને જ્ઞાનદ્વારા માયાથી બચવું.

અહંનો ત્યાગ લગભગ અશક્ય જેવો લાગે છે. પરબ્રહ્મ અદ્વૈત છે એમ કલ્પના કરતાં દ્વૈત નજર આગળ આવી રહે.

કહેવાય છે કે આ વિરોધાભાસ છે. સ્મરણ કરતી વખત સ્મરણનું વિસ્મરણ થાય અને વિસ્મરણ થતાં પણ તેનું સ્મરણ તો રહેજ. પરબ્રહ્મની પિછાન કરી પિછાનને પણ ભૂલવી એવી એ અદ્ભૂત ક્રિયા છે.

પરબ્રહ્મ તો ન મળવા જાઓ તો સામો આવી મળશે અને મળવા જશો તો દૂર ભાગશે. સાધ્ય કરવા જાઓ તો અસાધ્ય બની જાય અને અસાધ્ય લાગતો સહજ સાધ્ય પણ બની જાય. અને છોડશો તો છુટશે નહી અને ન છોડો તો એનો સંબંધ ચિરસ્થાયી જેવો લાગશે. એ સર્વદા અસ્તિત્વમાંજ છે છતાં જોવા જશો તો અસ્તિ દેખાતી નથી અને ન જુઓ તો એનો ભાસ સચરાચર જણાશે ત્યાં ઉપાય અપાય બની રહે છે. ધ્યાનસ્થ બનવા જતાં બેધ્યાન બની જવાય અને ઉપમા રહિત એ સર્વોપમાનો સાર છે. નિર્મળ અને નિશ્ચલ છતાં નિસંગ, પ્રકાશ અને અંધકાર જેની બાજુઓ માત્ર, નિરંજન અને અદૃશ્ય એવા એ બ્રહ્મને કેમ પ્રાપ્ત કરવો ?

જ્યારે આમ મન આથડે અને સંશયમાં પડી જાય ત્યારે ગભરાઈને સહજજ સત્ય સ્વરૂપનો અભાવ માની લે અથવા તો મનુષ્ય એવી ત્રિશંકુ દશામાં નાસ્તિક બની જાય. નાસ્તિકની એ દલીલ છે કે જેનું અસ્તિત્વ નથી તેને માનવું કેવી રીતે, તેનું ચિંતન પણ કેવી રીતે કરવું ? એ દલીલ જો ઘડીભર પણ સાચી માનીએ તો વેદ અને શાસ્ત્રોને ખોટાં ઠેરવવાં પડે ! અદ્વૈત જ્ઞાનનો ઉપદેશ આપતી શંકરે પાર્વતીને કહેલી 'ગુરૂગીતા', અવધૂતે ગોરક્ષને સંભળાવેલી "અવધૂતગીતા", વિષ્ણુએ રાજહંસનુ સ્વરૂપ ધારણ કરી બ્રહ્માને ઉપદેશ આપેલો તે 'હંસગીતા', બ્રહ્માએ નારદને ચતુઃશ્લોકી ભાગવતનો આપેલો ઉપદેશ, વસિષ્ઠે યોગવસિષ્ઠમાં શ્રી રામચંદ્રને કહેલો વસિષ્ઠસાર, શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહેલી સપ્તશ્લોકી ગીતા-આમ કેટકેટલાં દૃષ્ટાંત આપીએ ? ઋષીઓએ અનેક ગ્રંથો મારફત આપેલું અદ્વૈતજ્ઞાન ખોટું છે એમ કેમ કહી શકાય ? જ્યાં શેષની બુદ્ધિ ખુટી જાય, જ્યાં શ્રૂતિને મૌન સ્થિતિ પ્રાપ્ત થાય ત્યાં સત્ય સ્વરૂપ સ્થિતિને અહંનું ભાન રાખી બતાવી શકાતીયે નથી, અને પ્રાપ્ત કરી શકાતાયે નથી.

ન સમજાય એવી આ વાતો તો કોઇ સદ્દગુરૂના શ્રીમૂખે નમ્રતાપૂર્વક અને દૃઢતાપૂર્વક શીખ્યેજ શીખાશે અને ગુરૂપાદ વંદનેજ એ અલભ્ય લાભ પમાશે.

મનને કલ્પના કરવાની ટેવ હોય છે. ઘણું ખરૂં એને મિથ્યા વાત સત્ય ભાસે છે અને સત્યવાત મિથ્યા ભાસે છે પરંતુ તે પરબ્રહ્મની કલ્પના કરી શકતું નથી આ બનવાનું કારણ મૂખ્યત્વે અહં છે. અહંને છોડાય તો બ્રહ્મને પમાય-પરંતુ સંદેહગ્રસ્ત મનનો સંદેહ તો ગુરૂજ્ઞાનેજ ટળી શકે એ અહં શસ્ત્રથી તુટતું નથી, ફોડવા જઇએ તો ફુટતું નથી, છોડવા જઇએ તો કોઇ ઉપાયે પણ છુટતું નથી. અહંને લીધે બ્રહ્મની પ્રતીતિ થતી નથી. અહંને લીધે ભકિતનો લય થાય, અહંથી વૈરાગ્યની શકિત શિથિલ થાય, અહંથી પરમાર્થ ડુબે, અહંથી યશ, કિર્તિ અને પ્રતાપ ઝાંખાં પડે, અહંથી મૈત્રિ તુટે, અહંથી પ્રીતિ ઘટે, અહંથી અભિમાન જાગે, અહંથી સંકલ્પ વિકલ્પ ઉઠે, અહંથી કલહ પ્રગટે અને અહંથી પ્રેમને બદલે વિષનાં મૂળ ફેલાય

અહંને વિવેકથી ઓળખી ત્યાગ કરવો, બ્રહ્મ બની બ્રહ્મનો અનુભવ લેવો અને નિસંગથી સમાધાન પ્રાપ્ત કરવું. નિર્વિકલ્પ બ્રહ્મની કલ્પના કરવી જોઇએ પરંતુ સ્વયં કલ્પક બનવું નહી બ્રહ્મ-વિદ્યાના સુખમાં પોતે હોવા છતાં પોતે કંઇજ નથી, જેની કલ્પના કરીએ તે આપણે મૂળથીજ છીએ અને ચલિત ન થતાં સાધન તથા ઉપાય કરતાં અલિપ્તપણું મેળવવું. રાજા રાજ્યપદ પર હોય તો આપોઆપજ સર્વ સત્તા ચાલે છે તે પ્રમાણે સાધ્ય થઇને સાધન કરવું. સાધન દેહને શિરે આવે છે અને આપણે તો મૂળે દેહજ નથી આમ કર્મ કર્યા છતાં સહેજે અકર્ત્તા બની જવું. દેહી છતાં વિદેહી બનવું.

સાધન વિના બ્રહ્મ બનવાથી દેહની મમતા છૂટતી નથી અને કહેવાય છે કે બ્રહ્મજ્ઞાનના નિમિત્તથી તો ઉલ્ટું આલસ્ય આવે, ધ્યાનના નિમિત્તથી ઉંઘ આવે, મૂકિતના નિમિત્તથી દોષ લાગી સ્વચ્છંદતા ઉદ્ભવે, નિરૂપણના નિમિત્તથી નિંદા થાય સંભાષણના નિમિત્તથી વાદ ઉત્પન્ન થાય, ઉપાધિના નિમિત્તથી અંગમાં અભિમાન જાગે આ આંટીઘૂંટી તો કોઈ ગુરૂજ્ઞાનેજ ઉકલે !

કયાંય વાંચ્યું હતું—

Fools eyes are at the end of the earth:

નજર આગળ – રે,

પગ આગળ પડેલું સત્ય એને દેખાતું નથી અને તેને શોધવા દુનીઆ બધી આથડે છે. જગતના બધાય મહાગ્રંથો વાંચો, દુનીઆનાં ઠીક લાગે એ મહાપુરૂષોનાં જીવન ચરિત્રો વાંચો, ઠીક લાગે એ ધર્મના, ઠીક લાગે એ વેદાન્તશાસ્ત્રો ઉથલાવો. દરેકનો સરવાળો એક ઠેકાણે આવી અટકે છે. દરેક ધર્મ, દરેક અવતાર, દરેક મહાગ્રંથ સૌ કોઈ કબૂલ કરે છે કે કોઈક એવી મહાશક્તિ છે જેના જોરે આ બધું ચાલી રહ્યું છે. આ મહાશક્તિને ગમે તે નામે ઓળખો કે પૂજો – મનુષ્ય કલ્પનાને પેલે પાર એક પ્રદેશ છે એનું નામ અક્ષરધામ. એ અક્ષરધામમાંથી ઉદ્ભવતી અને એમાંજ બ્હીલાતી આ દુનીઆનાં માનવીઓ બહુ બહુ કલ્પે તો પણ શું કલ્પી શકે ? જ્યાં મન પણ પહોંચી શકતું નથી ત્યાં કલ્પના કેટલે જઇ શકે ? એ પ્રદેશને પામવા કંઇ કેટલા નરદેહધારીઓ આથડે છે. કોઇ સાધના આરંભી સિદ્ધ બને, કોઇ તપ તપી તપસ્વી બને, કોઇ એકાએક સત્યવસ્તુ હાથ લાધી જતાં સંત બની જાય, કોઈ મહાત્મા તો કોઇ સંન્યાસી અને કોઇ ભક્ત એમ હજારો રસ્તે મનુષ્ય પ્રયત્ન આદરે.

સાધના અને સિદ્ધિમાંયે કેટલાક વર્ગો છે. ઇતિહાસ સાક્ષી પુરે છે કે કોઇકને અચાનકજ તમન્ના જાગી ઉઠે છે. ધ્રુવજી કે નરસિંહ મ્હેતો જ્યારે સાધારણ મનુષ્ય બાળક હતા ત્યારના ભક્તિની ધૂનમાં પડી ગયા હતા. એ તમન્ના એકાએક જાગી ઉઠી હતી. લોકો કદાચ ભલે માને કે પૂર્વ જન્મમાં એઓએ કોઇક સાધના કરી હશે અને દેહ પતન થતાં અધુરી રહેલી સાધના પાછો દેહ ધારણ કરી શરૂ કરી હશે. પૂર્વ જન્મના સંસ્કારની માન્યતાં ખરી છે એમ કબુલ કરવા છતાં પણ એકાએક જાગેલી દેખાતી આ તમન્ના સાધના અને તપથી મેળવેલી સિદ્ધિ કરતાં કંઇક જુદી હોય છે. મીરાંને વ્રજ વ્હાલું હતું. વ્રજ એણે ક્યારે જોયું અને જોયા પછી વ્રજ પર વહાલ ઉપજ્યું કે કલ્પનામાંજ કૃષ્ણને એ વરી એનો ઇતિહાસ ખોળવા કરતાં મીરાંનું જીવનજ કહી આપે છે કે કંઇક એવું બન્યું કે જેને પરિણામે દુન્યવી માયા તરફ એને તિરસ્કાર જાગ્યો. આવી એકાએક તમન્ના જાગનાર સ્ત્રીપુરૂષોમાં એક ખાસ લક્ષણ એ હોય છે કે પોતાને લાધેલું સત્ય બીજાને જણાવવાની એને અપેક્ષા રહ્યા કરે છે. પોતે કરેલા દૃઢ નિશ્ચયને વળગી રહી અને લગભગ દરેક એવા સંતનાં જીવન જોશું તો જણાશે કે દુનીઆનાં મેણાં ટોણાં અને સતત વિરોધ છતાંએ એ નિશ્ચય પ્રમાણે એઓ પ્રભૂમય જીવન ગુજારી ગયાં હતાં.

મીરાંએ કોઈ જંગલમાં જઈ તપ કર્યું ન્હોતું કુંભારાણા સાથે પરણ્યા છતાં અને દેહનાં બધાં કાર્યો કરવા છતાં મીરાંનું મન પ્રભૂ સાથે લાગી રહેતું. એમાંથી ચલાવવા હજારો પ્રયત્ન થયા ઝેરનો પ્યાલો પણ મીરાં અમૃત ગણી પી ગઈ.

અને મીરાંનુ જીવન એટલે ? એક અનાહત નાદ પાછળનું ગાંડપણ. મીરાંએ કોઇ પંથ સ્થાપ્યો સાંભળ્યું નથી. પરબ્રહ્મને ઓળખવા કોઇ ચોક્કસ સાધનનો એણે ઉપદેશ કર્યો નથી. જીવનના

ખારી કડવી અને સારી વાતોનો સાર એણે અંતરમાંથી ઉદ્દ્ભવતાં ભજનો મારફત જગતને સંભળાવ્યો છે.

નરસિંહ મ્હેતાને કેટલી વીતિ એ તો ઇતિહાસ કહે છે. પરંતુ એણે કોઇ દિવસ મુશ્કેલીઓની ફીકર કીધી હોય એવું જાણ્યામાં નથી. મ્હેતા પણ સંસારમાં રહ્યા હતા, સંસારની બધી ઉપાધીઓથી ઘેરાએલા હતા છતાં જરા જેટલો પણ સંસારનો રંગ એને લાગ્યો ન્હોતો. મ્હેતા પણ ભજનમાં જતા, પોતાને ઘેર પણ ભજનની ધૂન મચાવતા છતાં કોઈ પંથ, જીવ શિવનો ભેદ જાણી પરબ્રહ્મમાં પહોંચવાનો કોઇ ચોક્કસ સરળ અને સીધો માર્ગ એણે બતાવ્યો નથી. બહુ બહુ તો ભજનોદ્વારા, ભક્તિથીજ પરબ્રહ્મને પમાય છે. એ એમણે પોતાના જીવન આચરણથી સિદ્ધ કરી બતાવ્યું.

ભક્તિમાર્ગે વળેલા સંતોનો કોઇ વાડો હોતો નથી, કોઇ પંથ તેઓ સ્થાપતા નથી. હરિગુણ ગાવા એજ એમનો જીવનક્રમ અથવા શ્વાચ્છોશ્વાસ સરખી ક્રિયા. શા માટે હરિગુણ ગાવા એ પ્રશ્ન ત્યાં ઉભો થતોજ નથી. મનુષ્ય પામર પ્રાણી છે એ ભક્તને સમજાવવું પડતું નથી કારણ કે જ્યાં સુધી ઇશ્વરી કૃપા હોય અને સંસારનાં બધાં ચક્રો સારાં ચાલે ત્યાં સુધી તો મનુષ્ય જીવન સ્વર્ગીય હોય છે. એકાદ એમાંથી વિફર્યું કે મનુષ્યને ખબર પડે છે કે પોતાના ગણાતાં દેહમાંની એક પણ ક્રિયાપર એનો કાબૂ નથી અને જગતમાં થતી ક્રિયાઓ વિષે તો તે અજાણજ હોય છે. ભક્તનું હૃદય એટલું સરળ અને નિર્મળ હોય છે કે ત્યાં શંકા કુશંકાઓ ઉભી થતીજ નથી અને આવી પડેલી દેખાતી મુશ્કેલીઓનો વિશ્વાસેજ ઉકેલ આવી જાય છે. વિશ્વાસ, શ્રદ્ધા એ એમનાં મૂખ્ય બળ ભક્તિ એ એમની સાધના.

બાકી સાધના કઠીન છે. જેને આપણે સાધના તરીકે ઓળખીએ એ આ દેહ નશ્વર છે એમ પ્રથમથી માનવું શરૂ કરી અવિનાશી

વસ્તુ જે આત્મા તેને ઓળખવાનો પ્રયત્ન કરવો અને આત્મા એકજ છે. જુદા જુદા દેહ રૂપે દેખાતો દરેક સુક્ષ્મ આત્મા એ જુદા જુદા આત્માઓ નથી પરંતુ તેજ પુંજથી ભરેલાં સૂર્યનાં કિરણો સમાન તેજનાં કિરણો છે. સૂર્ય કિરણ જેમ સૂર્યમાં પાછું મળી અદૃશ્ય થઇ જાય તેમ આત્મા પરમાત્મામાં લીન થતાં દેહની ભવાટવીમાંથી એની મેળે છૂટકો થાય આ જ્ઞાન મેળવવાની ક્રીયા એને સાધના કહેવાય છે. કોઈ સિધ્ધો એમ સાધકથી શરૂઆત કરી સાધના સાધી સિધ્ધો બને છે. પરંતુ સિધ્ધો અને સંતોની એક મોટી આંટી એ હોય છે કે એને પછી જગતની તમા રહેતી નથી.

પોતે જે અલભ્ય જ્ઞાન મેળવ્યું એ બીજાને પણ આપીએ એવી ઉદારતા કોઈક સિધ્ધમાં જાગે છે અને એ માટે ગુરૂ જ્ઞાન આપવા બહાર આવે છે. ભૂલાં પડેલાં જગતનાં માનવીઓને એકત્ર કરી, નરદેહની સાર્થકતા કેમ થઇ શકે તે સમજાવવા ગુરૂ પ્રયત્ન કરે છે. એ પ્રયત્નનું નામ ઉપદેશ. ગુરૂ જાણે છે કે સામાન્ય મનુષ્યની બુદ્ધિ શક્તિ એટલી બધી તીવ્ર નથી કે માયા જેવી ભૂલભૂલામણી ભરી વસ્તુને ઓળખી શકે એ ભૂલભૂલામણીનું રહસ્ય સમજાવી, નશ્વર દેહના મોહમાં પડી ગયેલાં મનુષ્યોને ખરો રાહ બતાવી શકાય એ માટે ગુરૂ ઘણું ખરૂં પોતાનો પંથ શરૂ કરે. સામાન્ય આચારના નિયમો રજુ કરી, એ સામાન્ય આચાર પાળતાં પાળતાં ગુરૂએ આપેલા મંત્ર પર લક્ષ્ય રાખી એનો અહોનિશ જાપ જપતાં બીજી વધારાની માથાકુટમાં ઉતરવા કરતાં સહેલાઇથી ભવાટવીમાંથી સામાન્ય માણુસ પણ પાર ઉતરી જાય. પ્રેમલક્ષણા ભકિત અને ગુરૂભકિતમાં આમ મહાન ફેર છે.

પ્રેમલક્ષણા ભકિત સચરાચરમાં પ્રેમ નિરખે. એને લક્ષ્ય દેખાય છે. મીરાં કે નરસિંહ મ્હેતો કૃષ્ણને સદેહે જોઈ શકતાં કારણ કે એમનું

એજ લક્ષ્ય હતું. શ્રીકૃષ્ણ પર પ્રેમ – એ પ્રેમના આવેગમાં લાગેલું ગાંડપણ--પરસ્પરનીજ એ વાતો હતી.

જ્યારે સામાન્ય માણસ માટે ગુરૂ ભકિત પુરતી થઇ પડે છે. સામાન્ય માણસ પરબ્રહ્મની કલ્પના કરી શકતો નથી ગુરૂ ઉપદેશ આપે તો પણ નિર્વિકલ્પને કલ્પનામાં ઉતારવાનું સામાન્ય માણસથી બની શકતું નથી. સામાન્ય માણસને મન ગુરૂ એટલેજ પરમાત્મા. ગુરૂ મારફતજ એનાં હલન ચલન અને શકિત ચાલે છે ગુરૂ સર્વ જ્ઞાની હોય છે અને એ ગુરૂમાંજ પરમાત્મા વસ્યો છે માટે ગુરૂના ઉપદેશને બ્રહ્મવાકય માની સામાન્ય માણસ ગુરૂમંત્રનો જાપ જપતાંજ ઘણીખરી મુશ્કેલીઓ તરી જાય છે ગુરૂને પ્રતીક રૂપે રાખી સામાન્ય માણસ આમ ભવાટવી વટાવી શકે છે.

પરંતુ સામાન્ય માણસનું લક્ષ્ય પરમાત્મા હોઇ શકતું નથી. ઘણું ખરૂં એને કોઇ લક્ષ્યજ હોતું નથી અને જે કંઇ લક્ષ્ય કદાચ જાગે તો ગુરૂમાંજ તેની પ્રતિષ્ઠા કરી એ સંતોષ માની લે છે. ગુરૂભકિત એ એની સાધના.

કોઇ તપસ્વીની તપશ્ચર્યા જોઇ છે ? કોઇ સાધકની સાધનાનાં દિલ ધડકાવનારાં દૃશ્ય જોયાં છે ? નીલાકાશમાંથી કોઇ અનાહત નાદની ઘેરી ગર્જના સંભળાય, આભને વીંટીને ઉડતી પ્રલય સમી કોઇ આંધી ઉપડે, મહાસાગરનાં પેટને પણ ફાડી કોઇ વડવાનળ ઉછળવા માંડે, મહાતત્વો જાણે તાંડવ રમણે ચઢ્યાં હોય અને પ્રલયકાળ સમી પળ જાણે આવી ઉભી રહે–ઉગ્ર તપસ્વી, નિશ્ચયે ચઢેલો સાધક એને પણ તુચ્છકારતો ઉભો રહે. માનવી જ્યાં મામુલી બની જાય ત્યાં સાધક પોતાની સાધના વધુ તિવ્ર બનાવે. માયાનું આવરણ અને એના અટપટા ખેલ જો સાધારણ

વસ્તુજ હોય તો મહાશકિતને માનવા ભાગ્યેજ કોઇ તૈયાર થાય. પરંતુ જ્યારે એ મહાશકિત માઝા મૂકતી દેખાય ત્યારે માનવીને ખબર પડે છે કે શેત્રંજના પ્યાદા જેવું તેનું જીવન કોઇ અદૃષ્ટ શકિતનું ચલાવ્યું ચાલે છે. એ પ્યાદું કયારે જીવે અને કયારે મરે એ શેત્રંજ ખેલનારની ઇચ્છાને આધીન વસ્તુ છે.

ઇંદ્રિય નિગ્રહની વાતો સરખી પણ સામાન્ય માણસને તો ભડકાવે છે. બધાં શાસ્ત્રો કહે છે જેણે જાત જીતી તેણે જગત જીત્યું. જગતમાં બીજા પર જીત મેળવવી એ તો સ્હેલ વસ્તુ છે પરંતુ જાત પર જીત મેળવવી એજ ખરી સાધના છે. રસના રસ માગે, ત્વચા સ્પર્શસુખ માટે તલસે, ચક્ષુ રંગની ભભક પર વારી જાય—કોઇ સુંદર ભોજન, કોઈ કુંળો સ્પર્શ, કોઇ મધુરી સુવાસ એને ભોગવવાં સહેલાં છે પરંતુ જીરવવા તો ઘણાય મુશ્કેલ છે. મિષ્ટાન્ન ભર્યા થાળને સુકા રોટલા જેટલી તટસ્થતા અને ઉદાસીનતાથી નિરખીને આરોગવા એ તો મન મારવાનો કઠીન પ્રયોગ છે. મનુષ્યને કંઇ કેટલી વસ્તુઓ ફસાવી શકે છે ? માનવીના આ મોટા દુશ્મનો, માયાના આ જાલીમ હથીયાર સામે લડવા તો ભાગ્યેજ કોઇ નીકળે છે. અને એને જીતવાં એ પણ ખરૂં દુષ્કર કામ છે. હજારો વરસોની તપશ્ચર્યા જોતજોતામાં નિષ્ફળ જતી કથાઓ ઇતિહાસે આલેખી છે. કોઇકજ એ માથાકુટમાં પડે, આથડે અને હજારો આથડનારાઓમાં કોઇકજ વિજય મેળવે. ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ઇંદ્રિયોનું દમન કરવું, મન વશ કરી સ્થિર બનાવવું એ જો સામાન્ય મનુષ્ય કરી શકતો હોત તો દુનીઆમાં કોઇ મહાપુરૂષ જન્મેજ નહી.

સામાન્ય જનતા આ બધું કરી શકતી નથી માટેજ કોઇક એવાની જરૂર છે કે જેણે આ બધું કર્યું હોય પારાવાર કસોટીમાંથી જપ, તપ, નિયમની આકરી આગમાંથી પસાર થનાર ગુરૂ ઉપદેશ

આપે એને બ્રહ્મ વાક્ય સમજવા જેટલીજ બુદ્ધિ સામાન્ય મનુષ્યને જરૂરની છે. ગુરૂમાં વિશ્વાસ રાખી એના ઉપદેશામૃતનું પાન કરતાં શ્રદ્ધાબળેજ મોક્ષ મેળવી શકાય છે. સાધકની સાધનાની કઠીનતા સામાન્ય માણસને અકળાવી મારે, એ કઠીનતા ન સમજ્યા અને ભોગવ્યા છતાંય માત્ર ગુરૂ ચરણેજ ભવાટવી તરી શકાય એ માટે ગુરૂની જરૂર છે. પછી એ ગુરૂનો પંથ ગમે તે હો-ગુરૂભક્તને માટે ગુરૂજ એક અનિવાર્ય વસ્તુ છે.

સૃષ્ટી સૌંદર્ય ભરી મહાલતી હતી. જગબાગે આનંદના ઓઘ ઉડતા. ભરી ભરી કયારીમાંથી ફુલની ફોરમ ઉડતી અને પ્રસરતી, યુવાન હ્રદયમાં રસસાગર હિલોળે ચઢયો હોય એમ તરંગો ઉદ્‌ભવતા-પ્રભૂતામાં પગલા માંડવાની પળ પાસે આવતી હતી.

અને એ હ્રદય છાતીફાટ રડી ઉઠયું. માનવ સમુદાય જ્યારે આનંદે ઉલ્લાસતો ત્યારે એ હ્રદયની અકળામણ વધતી જતી. પરણવું કોને ન ગમે ? અને માતાપિતાની, સગાવ્હાલાંની, મિત્રમંડળની વિનંતિઓ ને વશ થઈ પરાણે પરણવા બેસનાર **'સાવધાન'** સાંભળતાં ખરેખર સાવધાન થઇ નાસી છૂટે !

અલક મલક જેવી લાગતી આ વાત પાછળ શું રહસ્ય હશે ? એ તો નાસી છૂટનાર જાણે !

કોઇ નાસી છૂટે અને કોઇ નાસી છૂટવાને બદલે ઉભો રહે પરંતુ પાણીમાં કમળ ઉભું રહે તેમ ! સેંકડો ફુટનો પારાવાર ધોધ એની પાંખડી સરખી પણ ન પલાળી શકે !

એક પ્રશ્ન પૂછવાનું મન થઇ જાય છે ! મોટો કોણ ? વૈરાગી કે કર્મયોગી ?

તૃપ્તિ ત્યાગમાંજ છે, ભોગમાં નહી એ સુત્રે સાવધાન બનેલો વૈરાગી ઇંદ્રિયોના દમન પાછળ આથડી પડે. કોઈ ભીષણ અરણ્યમાં રસના અને સ્પર્શ, ચક્ષુ અને કર્ણ પર બળાત્કાર આદરે. સ્વાદને છીતે, સ્પર્શ પર વિજય મેળવે. ટાઢ, તાપને અવગાણી, લોહીનું પાણી કરી મન રૂપી ભયંકર નાગને ત્યાગની ચૂડમાં જકડી ઢીલો, નિશ્ચેતન, નિષ્પ્રાણ સરખો બનાવી દે. વૈરાગ્યની આગમાં એ ખાખ થાય તે પહેલાંજ પણ કંઇ કેટલા ઇન્દ્રો ઇન્દ્રાસન જવાના ધાકે એની ઉપર વધુ ત્રાસ વરસાવે. અને છતાં કોઈકજ એ આગમાંથી બહાર નીકળે.

બીજી બાજુ ઇંદ્રિયોને લોભાવનારી, દર પળે મુગ્ધ કરનારી મોહિનીમાં વિંટાયેલો માનવી બધાંની ફીકર કોઇ બીજાને સોંપીદે. "મારૂં કશુંજ નથી" "હું કંઇ કરતોજ નથી" "જે થાય છે તે કોઈ અદૃષ્ય મહાશકિતને જોરેજ થાય છે પછી એ સારૂં થાય કે નબળું થાય એ બધાંયની જોખમદારી એ અદૃષ્ટને શિરે લાદી પોતે જાણે કંઇમાંજ નથી એમ અદૃષ્ટને સંભળાવતા રહે. સંસારની કોઇ અતિ સુંદર વસ્તુ ન એને ચલાવી શકે કે અતિ ભિષણ વસ્તુ ન એને ડરાવી શકે. કમળ પત્રની જેમ એ નિર્લેપ રહે.

વૈરાગી મોટો કે કર્મયોગી? એક સંસારને ત્યાગી ભવ સાથે ભીષણ યુદ્ધ જગાવે—બીજો લડવાનું છોડી દઈ અહંને ગાળી નાખવાનું પરાક્રમ કરે. "સંસાર શું સરસો રહે ને મન મારી પાસ" એ તો ઘણાયે ઘણી વખત ગાયું હશે. ઉદાસી ભવનો ભગવદ્-ગીતાનો મંત્ર ઘણા પઢી જતા હશે. પુછું છું કે એમાં સારૂં કયું? પુછું છું કે પ્રતાપી કોણ? આગથી ભરેલો, આંખને આંજતો, દિશા અજવાળતો છતાં પાસે જતાં બાળીને ખાખ કરતો સૂર્ય ગમે કે આંખને ઠંડક આપતો, શીતળતાની મૂર્તિસમા જગત આખાંને શાંતિ આપતો ચંદ્ર ગમે?

જેઓ યુક્તિઓ દેખાડે છે તેઓ પણ ગુરૂ કહેવાય છે. નજર બંદી, ચેટકવિદ્યા, ઔષધિપ્રયોગો, કિમીઓ અથવા કેવળ દૃષ્ટીથી ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી લેવાનો માર્ગ દેખાડનારા ઘણા નીકળી આવે છે. ચમત્કારો તથા અસંભવિત કૌતુકો એ ગુરૂઓ શીખવે છે. સાહિત્ય, અલંકાર શાસ્ત્ર, રાગ જ્ઞાન, ગીત, નૃત્ય, તાનમાન વગેરે શીખવનારા પણ ગુરૂઓ કહેવાય છે પરંતુ એઓને સદ્‌ગુરૂની કોટિમાં મુકી શકાય નહી. આપણાં માતા પિતા પણ ખરૂં જોતાં તો ગુરૂજ છે પરંતુ આ ભવસાગરની પેલે પાર પહોંચાડનાર સદ્‌ગુરૂ તો કોઇ જુદાજ હોય છે. ગાયત્રી મંત્રનો ઉચ્ચાર કરનાર બહુ બહુ તો કુલગુરૂ કહેવાય પરંતુ સંસાર સાગર તરાવનાર સદ્‌ગુરૂ તો જુદાજ હોય છે. જે બ્રહ્મ જ્ઞાનનો ઉપદેશ કરે અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરે તથા જીવશિવનું, ઈશ્વર ભકતનું ઐકય કરી દે એને સદ્‌ગુરૂ કહી શકાય. ભવભય રૂપી વ્યાઘ્ર પંચવિષય-રૂપી છલંગ મારી જીવરૂપી વત્સને શિવરૂપી ગાયથી વિખુટું પાડે તે પ્રસંગમાં જે જીવ વત્સને ઉગારી લે અથવા જીવશિવનું ઐકય કરે એનેજ સદ્‌ગુરૂ કહી શકાય. જીવ તથા શિવનાં કારણથી જે દ્વૈત ભાવનો ઉદ્‌ભવ થયો હોય એ ભાવની ભ્રાંતિને ટાળે એનેજ સદ્‌ગુરૂ કહેવાય છે. માયારૂપી જાળમાં ફસાએલાં, વિવિધ દુઃખોથી દુઃખી થયેલાં, વાસનારૂપી નદીનાં મહાપૂરમાં ડુબી જતાં માનવીઓને ઉગારી લેવા જે બહાર પડે એને સદ્‌ગુરૂ જાણવા. ઇચ્છાબંધન ટાળે, શબ્દના ગુઢાર્થનો તોડ કાઢી સાર રૂપી સત્ય વસ્તુનું દર્શન કરાવે એજ સદ્‌ગુરૂ અનાથનો રક્ષક, વચન માત્રથી સંસારનું સંકટ ટાળનાર, એકદેશી જીવને સાક્ષાત્ બ્રહ્મ કરનારનેજ સદ્‌ગુરૂ કહેવાય. માતા જેમ વ્હાલથી બાલકને ભોજન જમાડે એમ વેદના ઉંડાણમાં રહેલાં રહસ્યને તારવીને ઉપદેશ રૂપે શિષ્યોને જ્ઞાનપાન કરાવે એનેજ સદ્‌ગુરૂ કહેવાય.

ગુરૂપ્રતીતિ, શાસ્ત્ર પ્રતિતિ અને આત્મપ્રતીતિ એ ત્રણ પ્રકારથી જેનો અનુભવ લીધો હોય તેજ સદ્દગુરૂને શરણ જવું.

કામનાને લીધે ઘણા જ્ઞાનીઓ ઠગાયા છે, ગાંડા બન્યા છે અને કેટલાકોની મૂર્ખતા તો કામનાની ઝંખના કરતાં કરતાં મરણ પામવાની હદ સુધીની હોય છે. કંઈપણ કામના વિનાનો ગુરૂ તો કોઈ જુદાજ પ્રકારનો હોય છે. આત્મસ્વરૂપનો ખજાનો સર્વ કોઈનો છે છતાં પણ દેહાભિમાનની પરાધીનતા ન છુટવાથી ઈશ્વર માર્ગથી વિમૂખ થઈ જવાય છે. આત્મ સ્વરૂપની પ્રાપ્તિનું અક્ષય સુખ છોડી દઈને જે સામર્થ્ય સિધ્ધિને ઈચ્છે તેનું અધઃપતન વહેલું મોડું પણ થાય છેજ કારણ કે કામના સરખું અન્ય દુઃખ કોઈ છેજ નહી.

સદ્દગુરૂનું મુખ્ય લક્ષણ એ છે કે એનામાં શુધ્ધ બ્રહ્મજ્ઞાન હોવું જોઈએ. નિશ્ચયપૂર્વક અંતઃકરણનું સમાધાન કરી એણે સ્વરૂપ સ્થિતિ સાધ્ય કરી હોવી જોઈએ. પ્રબળ વૈરાગ્યવાળા, ઉદાસીન વૃત્તિવાળા તથા સ્વધર્માચરણ વિષે નિર્મળ, અધ્યાત્મશ્રવણ, હરિકથા નિરૂપણ, નિરંતર પરમાર્થનું વિવરણ, સારાસાર વિચાર અને કેવળ કામના રહિત હોય એને સાચા સદ્ગુરૂ જાણવા.

દરેક સદ્દગુરૂ ઉત્તમ સાધક તો હોય છેજ. જે વિચારપૂર્વક દેહાભિમાનની નિવૃત્તિ કરે જે આત્મબુધ્ધિ દૃઢ રીતે ધારણ કરે, જે દ્વૈતબુદ્ધિનો ત્યાગ કરી અદ્વૈતનાં સાધનોનો અભ્યાસ કરે, જે અભેદની સમાધિ લગાવે, સ્વાનુભવના યોગથી જે વાત વાતમાં બ્રહ્મને અનુભવે, જે આપોઆપ તદાકાર બને, જે સંસારથી અલિપ્ત રહી કર્મયોગી બને, જે દ્વૈતનો સંબંધ તોડે, દૃશ્ય જગતના જોનાર તરીકેનું સાક્ષિપણું જે છિન્નભિન્ન કરે, દેહ હોવા છતાં જે વિદેહી બને, જેના બધાય સંશયો નિવૃત્ત થયા હોય, પંચભૂતોનો વિસ્તાર જેને

સ્વપ્નવત્ ભાસે, લોકોને માયાની પ્રત્યક્ષતાજ શાશ્વત પ્રમાણ જેવી લાગે ત્યાં જે સ્વાનુભવથી પ્રત્યક્ષતાને અપ્રમાણ બનાવે, અંતઃકરણમાં જેની સ્થિતિ દૃઢ હોય, બહાર જેણે નિસ્પૃહતા રાખી હોય, જેણે મમતાનો ત્યાગ કર્યો હોય, જે કામથી મુકત હોય, મદ મત્સરને જેણે ફેંકી દીધાં હોય, અવિદ્યામાંથી જે નાસી છુટે, પ્રપંચમાંથી જે બહાર નીકળે, લોભના પંજામાંથી જે મૂકત થાય, મોટાઇ મૂકે, વૈભવને હાંકી કાઢે, વિરકિતના બળથી પ્રતિષ્ઠાને ફેંકી દે, ભેદભાવની કમ્મર ભાંગે, અહંકારને ટાળે, સંશયરૂપી શત્રુનો સમૂળો નાશ કરે, જે દેહાભિમાન પર આક્રમણ કરે, સંકલ્પપર હલ્લો કરે, કલ્પના પર છાપા મારે લિંગદેહના ટુકડા ટુકડા કરી નાખે, વિચારના બળથી પાખંડને ઘેરી લે, ગર્વ પ્રત્યે ગર્વ બતાવે, સ્વાર્થને અનર્થમાં નાખે અને નીતિ તથા ન્યાયથી અનર્થનાં મુળ ખોદી કાઢે, જે દુઃખની ચિંદરડીઓ ઉડાવી દે, શોકના ટુકડે ટુકડા કરે, દ્વેષને દેશપાર કરે, અશ્રદ્ધાનું ગળું દાબે, જે સ્વધર્મથી અધર્મનો સંહાર કરે, સત્કર્મોથી દુષ્કર્મોને દાબે, વિચારથી અવિચારને નીવૃત્ત કરે, જે કપટને દૂર નાખે, જે વિશ્વના સર્વ લોકોની સાથે પોતાનું સમાપણું માનીલે જે પ્રવૃત્તિનો ત્યાગ કરે, સર્વસંગ પરિત્યાગથી જ્ઞાનયોગને સાધે, વિષયરૂપ ઠગને જે ઠગે, દુવિદ્યાને ઘેરી આપ્ત રૂપી ચોરોના પંજામાંથી જે મુક્ત થાય, જે પરાધીનતા પર કોપિત થાય, દુવિદ્યા પરક્રોધ દર્શાવે, દુરાશાનો ત્યાગ કરે, મનને સ્વરૂપમાં હડસેલે, અભ્યાસ તથા પ્રયત્નની પ્રતિષ્ઠા કરે, ઉદ્યોગને સાથે રાખીને ચાલે, જે સાવધ, દક્ષ, નિત્યાનિત્યનો વિચાર કરનાર સર્વસંગનો પરિત્યાગી, યત્નપૂર્વક માયાને પાછળ હડસેલનાર, વિચારપૂર્વક ગૃહસ્થાશ્રમની જંજાળને ફેંકી દેનાર, શુદ્ધાચારથી અનાચારને નષ્ટ ભ્રષ્ટ કરી નાખનાર, જે ભૂલને ભૂલે, આળસ કરવામાં જે આળસ કરે–એને એવા કોઈ વિરલાનેજ સાધક કહેવામાં આવે છે અને સદ્ગુરૂ આવા સાધક ન હોય તો તો તેને સદ્ગુરૂ પણ કહેવાતા નથી.

મેઘલી રાત્રિ જાણે પ્રલયકાળ આવ્યો હોય એમ ભયંકર ભાસતી હતી આકાશમાં ચારે બાજુએ મહાતત્વો જાણે તાંડવ ખેલવા નીકળી પડયાં હોય એમ પ્રકૃતિએ ભીષણસ્વરૂપ ધારણ કર્યું હતું. બિચારાં માનવીઓ એ રાત્રિ કદી ભૂલી શકનાર નથી કારણ કે એ રાત્રિએ એક ચમત્કાર થયો. દુનીઆનાં દુઃખો, માનવીઓને દુઃખ દેનાર પાપીઓનો નાશ કરવા પરમાત્મા તે રાત્રે અવતર્યા.

કૃષ્ણ જન્મની વાત તો બધા જાણે છે. ગાદી પચાવી પાડેલા કંસને ભવિષ્ય કહેવામાં આવ્યું હતું કે દેવકીનું આઠમું બાળક એનો કાળ થઇને અવતરશે. અને એ ભવિષ્યવાણીને ખોટી પાડવા કંસે બ્હેન દેવકી અને વસુદેવને કારાવાસમાં પૂર્યાં. જન્મ થતાંજ બાળકનો નાશ કરી શકાય એવી દરેક સાવચેતી રાખી પરંતુ શું વળે?

સુમસામ વીતતિ રાત્રિ-મધરાતને સુમારે પહેરા પરના પહેરેગીરો એકાએક ઉંઘમાં પડી ગયાં. કારાવાસનાં બારણાં એકાએક ખુલી ગયાં, વસુદેવનાં અંગપરની બેડીઓ એકાએક તુટી ગઇ, દેવકીનું બાળક, પરમ પ્રભૂ ભગવાન શ્રીકૃષ્ણ અવતારે આકાશમાં તેજપુંજ વેર્યા. વસુદેવ બાળકને લઇ નીકળી નાઠા કોઇએ અટકાવ્યા નહી. યમુનાનાં પાણીએ પણ અટકી જઇ માર્ગ આપ્યો અને નંદને ઘેર પહોંચ્યા! વસુદેવે બાળક સુપ્રત કર્યું. નંદની બાળકી લઇ વસુદેવ પાછા ફર્યા અને બાળકનો જન્મ થયો જાણી પોતાના કાળનો નાશ કરવા કંસ આવી પહોંચ્યો. બાળકીને દેવકી પાસેથી ખેંચી લઇ પટકવા જતાં બાળકી વીજલી બની છટકી ગઇ, કહેતી ગઇ "તારો કાળ જીવતો જાગતે ગોકુળમાં ઉછરી રહ્યો છે." અને તે પછી તો કંસે કૃષ્ણને મારવ હજારો પ્રયત્નો આદર્યા અને એ બધાય નિષ્ફળ ગયા.

કૃષ્ણ જન્મ આમ આપણે માટે અદ્વિતિય છે, પરમપૂજ્ય છે સૌથી વધુ તો આપણે કૃષ્ણ જન્મના રૂણી છીએ કારણ કે દુનીઆમ

ઘણા ઘણા મહાપુરૂષો જન્મી, જીવી અલભ્ય જ્ઞાન અર્પી ગયા. ઘણા મહાગુરૂઓ આપણે જોયા પરંતુ ગુરૂના પણ ગુરૂ, જગદ્ગુરૂ શ્રીકૃષ્ણ જન્મનું રહસ્ય આપણે માટે વધુ પુજ્ય બની જાય છે. જગદ્ગુરૂએ આપણને, સંસારીઓને એક અલભ્ય લાભ આપ્યો છે અને તે લાભ તે સંસારમાં રહેવા છતાં પરબ્રહ્મને પામવાનો. શ્રીકૃષ્ણે સ્વમૂખે ગીતા કહી, તેમાંએ કર્મયોગનું રહસ્ય અને ફળ સમજાવ્યું અને કળીકાળમાં જ્યાં અજ્ઞાન અને અધર્મનું સહજજ ખૂબખૂબ જોર હોય તેવા વખતમાં સહેલાઇથી પરબ્રહ્મ પામવાનો રસ્તો બતાવ્યો.

કર્મયોગ શું છે? સૃષ્ટીના આરંભમાંજ આ લોકમાં આચરવા યોગ્ય બે પ્રકારના માર્ગો બતાવવામાં આવ્યા છે. એક જ્ઞાનયોગ, બીજો કર્મયોગ. જડ અને ચૈતન્ય વિષે વિચાર કરનારા લોકો જેનું આચરણ કરે છે અને જેથી બ્રહ્મસ્વરૂપની પ્રતીતિ થઇ તત્ક્ષણજ તદ્રુપ બની જવાય એને જ્ઞાનયોગ કહેવાય છે. જ્યારે જે યોગમાં મુમુક્ષુજનો ક્રમેક્રમે મોક્ષને પ્રાપ્ત કરે તેને કર્મયોગ કહેવામાં આવે છે. તૈયાર મળેલા અને રાંધીને તૈયાર કરેલા અન્નથી જેમ એકસરખીજ તૃપ્તી થાય છે તેમ આ બન્ને માર્ગોનું સાક્ષાત્ અને પરંપરાગત છેવટ તો એકજ હોય છે. પૂર્વ અને પશ્ચિમ દિશાઓ તરફ વહેતી નદીઓ પ્રથમ નજરે ભિન્ન જણાય પરંતુ છેવટે તો બન્નેજ સમુદ્રમાં મળે છે આમ જ્ઞાનયોગ અને કર્મયોગ બન્ને એકજ લક્ષ્યના સુચક છે. પક્ષી ઉડીને સીધુંજ વૃક્ષ પરના ફળ પાસે પહોંચી શકે છે. મનુષ્ય ઉડી શકતો નથી એટલે એને તો ડાળે ડાળે થઇ ફળ પાસે પહોંચવું રહ્યું. જ્ઞાનીઓ કદાચ પક્ષીની માફક જ્ઞાનમાર્ગથી ઝડપથી મોક્ષ પ્રાપ્ત કરતા હોય છે જ્યારે કર્મયોગીઓ ધીમેધીમે પણ એજ લક્ષ્યને પહોંચે છે એટલોજ માત્ર બન્નેમાં ફેર હોય છે.

કર્મનું આચરણ ન કરવાથી મનુષ્યને નિષ્કર્મતા પ્રાપ્ત થતી નથી તેમજ કેવળ જ્ઞાન રહિત સન્યાસથી પણ તેને સિદ્ધિ પ્રાપ્ત થતી

નથી. મનુષ્ય આરંભથીજ વિહિત કર્મોનો ત્યાગ કરી નિષ્કર્મ થવાની ઈચ્છા કરે તો પણ એમ બની શકાતું નથી. નદી પરિપૂર્ણ ભરેલી હોય અને સામે કાંઠે જવું હોય તો નાવડી જોઈશેજ! સારી પેઠે ભૂખ લાગી હોય તો રસોઈ તૈયાર કર્યા વિના અને તૈયાર રસોઇ જમ્યા વિના ભૂખ કેમ શાંત પડી શકશે? જ્યાં સુધી વાસનાનો ક્ષય થયો નથી ત્યાં સુધી તો વ્યવહારિક પ્રવૃત્તિ પાછળ લાગેલીજ રહેવાની. મન જ્યારે ઇચ્છા રહિત થાય ત્યારે આપોઆપ સર્વ ખટપટ બંધ થઈ જાય છે માટે પરમાત્મ પ્રાપ્તિની જેને ઈચ્છા હોય તેવા દરેકને માટે વિહિત કર્માચરણ ત્યાજ્ય નથી. કોઇ પણ પ્રાણી કર્મ કર્યા સિવાય સ્વસ્થ રહી શકતો નથી. પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા ગુણત્રય બળાત્કારે પણ મનુષ્ય પાસે કર્મ કરાવે છે. જ્યાં સુધી આ સર્વ પ્રપંચ માયાને આશ્રયે છે ત્યાં સુધી ગુણત્રયને આધીન આ સર્વ વ્યાપાર રહે છે એટલે વિહિત કર્મોનો ત્યાગ કરવાથી પણ કોઇ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. શ્રવણેંદ્રિય પોતાનો ધર્મ ઉંચો મૂકશે નહી, આંખ દર્શન-શકિત ગુમાવનાર નથી, મન સંકલ્પ કર્યાજ કરશે એ બધાં કર્મોનો ત્યાગ કર્યે જન્મમરણ બંધ થઇ જશે?

કર્મ માયાના ગુણોને આધીન છે. આપણે રથમાં સ્વસ્થ બેઠા હોઇએ પણ રથને આપણે આધીન છીએ અને રથની ગતિ સાથે આપણે પણ ગતિ કરીએ છીએ. મનુષ્ય પ્રકૃતિને આધીન હોવાથી એને કર્મ તો કરવાંજ પડે છે એટલુંજ નહી પરંતુ નૈષ્કર્મ્ય સ્થિતિએ પહોંચેલો પુરૂષ પણ કર્મેન્દ્રિયોના વિકારોને લીધે નિત્યનાં શારિરીક કર્મો તો કરે છેજ. માટે જ્યાં સુધી પ્રકૃતિનો સંસર્ગ છે ત્યાં સુધી કર્મનો ત્યાગ કરવાની વાત વૃથા છે.

જે મનુષ્ય મન વડે ઈંદ્રિયોનું નિયમન કરીને આસકિત ન રાખતાં કર્મેંદ્રિય દ્વારા કર્મયોગનું આચરણ કરે, જેનું અંતર નિશ્ચળ

અને પરમાત્મ પરાયણ રહે છતાં પણ બહારથી જે લોકાચાર પ્રમાણે વર્તે, જે ઇંદ્રિયોને આજ્ઞા કરતો નથી, વિષયોની ભીતિ રાખતો નથી, જે જે પ્રસંગે જે કર્મો ઉપસ્થિત થાય તે કરી લે, જે કર્મેન્દ્રિયોને કર્મ કરતાં રોકતો નથી અને જેને મોહની બાધા નડી શકતી નથી, જેમ કમળપત્ર પાણીમાં રહેવા છતાં ભીંજાતું નથી તેમ કર્મ કરવા છતાં કર્મના રંગથી જે રંગાતો નથી એને કર્મયોગી જાણવો.

પાણીની સંગતિથી સૂર્ય બિંબ પાણીમાં હોય એમ લાગે છે છતાં સૂર્ય તો કરોડો યોજન દૂર છે એમજ કર્મોમાં ઉપરથી રચીપચી રહેલો લાગતાં છતાં જે આસકિતથી કરોડો યોજન દૂર હોય એને કર્મયોગી કહેવાય છે. વિહિત કર્મોનો ત્યાગ કરવો નહી. કર્મ ન કરવા કરતાં તો કર્મ કરવાં એ વધુ શ્રેયસ્કર છે. અરે, કર્મ કર્યા સિવાય તો શરીરનો નિર્વાહ પણ થઈ શકતો નથી. માટે આ સંસારમાં કર્મ રહીત થવું અસંભવિત છે જે જે કર્મો યોગ્ય હોય અને સમયાનુસાર પ્રાપ્ત થયાં હોય તે તે કર્મો નિષ્કામ બુદ્ધિથી કરવાં. ઇશ્વરાર્પણ બુદ્ધિ સિવાય કરેલાં કર્મો તો ઉલ્ટાં જીવને બંધનમાં નાખે છે માટે કર્તાપણાનું અભિમાન છોડી ઇશ્વરાંર્પણ બુદ્ધિથી કર્મ કરવાં.

સાધારણ જગતને આસકિત રહિત બનવું સહેલું લાગતું નથી ઉલ્ટું સર્જન જુની સૃષ્ટીનો તો અવિકાર અને નિર્વિકારનો પ્રશ્ન એક કોયડા સમાનજ છે. વિકાર જાગેજ નહી. અનંત આકાશ જેવી નિર્મળ સ્વચ્છતાં જ્યાં શરૂઆતથીજ હોય ત્યાં સાધના અને સિદ્ધિ નકામાં થઈ પડે છે. શુકદેવજીનું એ પરમભાગ્ય હતું. છતાં સર્જનમાંની આ અશકયતાને દૂર કરવા પરમાત્માએ રસ્તો બતાવ્યો છે. નિર્વિકારી બનવું, કર્મયોગી બનવું. અર્જુન જેવાને પણ જ્યારે વિષાદ ઘેરી વળ્યો હતો ત્યારે પરમકૃપાળુ પરમાત્માએ કર્મયોગનો રાહ બતાવ્યો. કર્તવ્યમાં મચ્યા રહેવું છતાં નિઃસંગ

અને નિર્લેપ રહેવું. જગતની બધી જરૂરીઆતો ઉપર લક્ષ્ય આપવું છતાં નિર્લેપતા જાળવવી, ઉદાસીભવનો મંત્ર જીવનમાં આખોજ ઉતારી દેવો. પ્રભુએ જો જીવન આપ્યું તો તે નિભાવવું દેહનાં બધાં જરૂરી કાર્યો જરૂર કરવાં. કર્મ કરતાં કરતાં નિર્વિકાર બનતા જવું, પરંતુ—?

પરંતુ સાધારણ જગત બહુ બહુ તો અનુકરણ કરે. શ્રેષ્ઠપુરૂષ, ગુરૂ જે જે કર્મો કરે તે તે કર્મો બીજાં માણસો પણ દેખા દેખીથીજ કરે છે અને ગુરૂ જે માર્ગ નિશ્ચિત કરે તેનુંજ લોકો અનુકરણ કરે છે એટલુંજ નહી પરંતુ એને ધર્મ માની લે છે. આમ હોવાથી સંતો અને ગુરૂને પણ કર્મનું આચરણ કરવાની ફરજ છે. ભગવાન શ્રીકૃષ્ણ જેવા અવતારી પુરૂષ કે જેને કોઈ કર્મ કરવાનું રહ્યું ન્હોતું છતાં લોક પરોપકારાર્થે પણ તેઓ કર્માચરણ કરતા હતા. ભગવાનને કંઇ દુઃખ હતું ? કોઈ અપેક્ષા બાકી રહી ગઈ હતી ? એવા સમર્થ પણ જ્યારે કર્મ કરતા હતા ત્યારે જગતનાં મનુષ્યોનું કલ્યાણ તો કર્મ કરવામાંજ છે. ભગવાન પણ જો આળસ ધારણ કરી કર્મ ન કરે તો લોકો તો એ આળસનું અનુકરણ કરી કર્મ રહિત બની જાય. લોકકલ્યાણના ઉદ્દેશથીજ ભગવાન સ્વધર્માચરણ કરતા હતા અને એમજ ગુરૂએ પણ સ્વધર્માચરણ કરવાની ફરજ છે. નહી તો મનુષ્યો ગુરૂનું અનુકરણ કરી કર્મ ભ્રષ્ટ બની ગયાં તો તેમનો ઉદ્ધાર શક્ય નથી. સમર્થ અને સર્વ જ્ઞાનસંપન્ન હોય તેણે તો ખાસ કરીને કર્માચરણનો ત્યાગ કરવોજ નહી. ફળની ઇચ્છા રાખનારા મનુષ્યો ફળ માટે કર્મ કરે છે પરંતુ ગુરૂએ તો લોક સમુદાયનાં સંરક્ષણ અર્થે પણ કર્મો કરવાં આવશ્યક છે. જે બાળક સ્તનપાન પણ પ્રયત્ને કરી શકતું હોય તેને પકવાન્ન કેમ ખવાડી શકાય ? કર્માચરણથી જેનું ચિત્ત શુદ્ધ થયું ન હોય એવા લોક સમુદાયને ગુરૂ જો જ્ઞાનયોગની ભેટ ધરે તો તે શું સમજી

શકે ? માટેજ ગુરૂએ પણ કર્મ કરવાં જરૂરી છે કે જેનું અનુકરણ કરી મનુષ્યો પોતાનો ઉદ્ધાર કરી શકે. જેમ બહુરૂપી રાજા રાણીનો વેશ ધરે છે પરંતુ મનમાં તો પોતે રાજા છે એવી ભાવના તેને કદી ઉત્પન્ન થતી નથી એમ લોકોને માર્ગ બતાવવા સારૂ પણ સંત અને સદ્‌ગુરૂએ કર્મ કરવાં ઘટે છે.

એક વાત યાદ આવી જાય છે. શ્રી ભગવાન વિષ્ણુ અને લક્ષ્મી એક વખત બેઠાં હતાં. છેટેથી નારદ રૂષી આવતા દેખાયા. હંમેશના ટીખળી નારદનું પણ પાણી ઉતારવાનું ટીખળ ભગવાનને જાગ્યું. નારદજી ભગવાન પાસે જતાં જતાં એ વિચાર કરતા હતા કે સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં મારા જેવો ભગવાનનો ભકત કોણ છે ? નારદરૂપી ભગવાનનું મન ગણાય છે અને ભગવાનનું મન ગણાનાર કરતાં ભગવાન નજીક વધુ કોણ જઇ શકે ?

નારદજીને સહજજ અહં જાગ્યું. જરાક ગર્વ ચઢયો. શ્રીભગવાન પાસે જઇ પહોંચતાંજ શ્રી ભગવાન એકદમ ઉભા થઈ ગયા, ગરૂડજીને આજ્ઞા કરી અને લક્ષ્મીજીને એકાએક પોતાની સાથે ચાલવા કહ્યું. નારદજીને આ ઉતાવળ જરા વિચિત્ર લાગી, પુછપરછ કરતાં શ્રી ભગવાને જણાવ્યું કે એક તેના પરમ ભકતની ખબર કાઢવા તેઓ જાય છે. એના જેવો પરમ ભકત બીજો કોઇ ન્હોતો. નારદજીને સહજજ અદેખાઈ આવી કે પોતા કરતાં પણ મોટો ભકત વળી કેવો હશે અને તેઓ પણ સાથેજ ચાલી નીકળ્યા.

શ્રી ભગવાન અને લક્ષ્મીએ એક ગામમાં પ્રવેશ કર્યો. ચારે બાજુ અનહદ ગરીબાઈ દેખાતી હતી. માટીનાં ઝુંપડાં અને ખેતી કરતી પ્રજા. ત્રિપુટી અદૃશ્ય રહી એક ભરવાડનાં ઝુંપડાં આગળ અટકી. શ્રીભગવાને લક્ષ્મીજીને જણાવ્યું એ ઝુંપડામાં રહેનાર તેમનો પરમભકત હતો.

એ પરમ ભક્તની દિનચર્યા કેવી હતી ? સૂર્યોદય થયા પહેલાં ભરવાડ "ઓ ભગવાન તું કરે તે ખરૂં !" બોલી કામળો ફેંકી દઈ ઉભો થઈ જતો અને હાથ મ્હોં ધોઈ, નિત્યકર્મથી પરવારી ખેતરમાં પોતાના કામે ઉપડી જતો. એની સ્ત્રી બાળબચ્ચાં પણ પોતપોતાનું કામ હોંશ અને ઉલ્લાસથી કર્યા જતાં. સવારથી સાંજ સુધી, વચ્ચે થોડોક થાક ખાઈ ભરવાડ અને તેનું કુટુંબ પોતાનું કામ કરતું. કામમાં કદી આળસ કરતું નહી પરંતુ એ બધો વખત દરમ્યાન ભાગ્યેજ ભક્તિ જેવી વસ્તુ ત્યાં જણાતી. પ્રભુનું નામ પણ તેઓ લેતાં નહી. રાત્રે વાળુ કર્યા પછી દિવસના ખૂબ પરિશ્રમ બાદ જ્યારે ઉંઘ આવવા માંડે ત્યારે "ઓ, ભગવાન તું કરે તે ખરૂં" કહી ભરવાડ પાછો સુઇ જાય અને સ્વપ્નરહીત ભર નિંદ્રામાં તેની રાત્રિ વિતિ જાય. આમ સવારે ઉઠતાં વેંતજ અને રાત્રે ઉંઘી જતા પહેલાં ભગવાનના માથાપર પોતાનાં દિવસ ભરનાં કામનો પાપ પૂણ્યનો ભાર નાખી ભરવાડ યથા શક્તિ અને અહં રહિત પોતાની ફરજ બજાવ્યે જાય.

નારદજીને આ પરમ ભક્તને જોઇ ખુબ આશ્ચર્ય થયું અને શ્રી ભગવાનને આ ખેલ સમજાવવા પ્રાર્થના કરી ત્યારે શ્રી ભગવાને ઉત્તર આપ્યો કે આ ભરવાડ ગરીબ છે પરંતુ સશક્ત છે એટલે સવારે ઉઠતાંની સાથે જાત મહેનત શરૂ કરે છે. દિવસભર શક્ય એટલો પરિશ્રમ કરી રાત્રે એ સુઈ જાય છે. સવારે જાગ્યા પછી શું કરવાનું છે તે એ જાણે છે છતાં "હે, ભગવાન, તું કરે એ ખરૂં" એ કહેવાની એની મતલબ એ છે કે ગમે તેટલી શક્તિ છતાં એ શક્તિ આપનાર મહાશક્તિને પહેલાં એ યાદ કરે છે. એ મહાશક્તિના જોરેજ પોતે જીવે છે એમ એ માને છે એટલે એનામાં રજ માત્ર પણ અભિમાન નથી. સુતી વખત એની બુદ્ધિએ જે કર્માચરણ એની પાસે કરાવ્યાં તેની જોખમદારી એ

બુદ્ધિ આપનાર પર ફેંકી દઇ પોતે નિસ્પૃહી માફક સુઇ જાય છે. કર્મ એ કરે છે પરંતુ "હું કરૂં છું" એવું અહં એનામાં નથી. અને જે એ નથી કરતો પરંતુ બીજાનું કરાવ્યું કરે છે તેની જોખમદારી એ બીજાને સોંપી દે છે, એનામાં અહં નથી, અભિમાન નથી, કોઇ ગર્વ નથી. એણે મારી પાસે કોઇ દિવસ કંઇ માગ્યું નથી. એ ગરીબ છે છતાં મહેલમાં રહેવાની એને કદી ઇચ્છા થઇજ નથી. માયાની ભભકે ઉપજાવેલાં ઝાંઝવાનાં જળ જેવાં સુખ પાછળ એ આથડતો નથી. માત્ર દેહ ધર્યો તો દેહને નિભાવવાં દરેક કર્માચરણ કરવાં પરંતુ એ કર્માચરણો આસકિત રહીત એ કરે છે એટલે એ દેહી છે છતાં વિદેહી છે, કોઈ મહાન કર્મયોગી છે અને મારા પરમભકત હોવાનો ગર્વ કરનાર કરતાં પણ એ મારો પરભકત છે.

નારદજી ભોંઠાકળા બની ગયા, ભગવાનનું મન બનનારને પણ સાષ્ટાંગ પડી માફી માગવી પડી.

પણ આવાતો કોઇકજ હોય છે. એ ભરવાડની સાથે સાથે ગામમાં બીજા સેંકડો ભરવાડો રહેતા હતાં. આસકિતરહિત કર્માચરણ કરવાની તમન્ના એમને જાગી ન્હોતી. એવાઓનું શું ? એ બધાઓ દિવસના કામથી પરવારી એક ઠેકાણે એકત્ર થતા અને એમાંનો એક ભજન ગવડાવતો અને બધા ગાતા. ભજનમાંના સાદા છતાં ભવ્ય ગુઢાર્થને એઓ કદાચ ઉકેલી શકતા ન હોય પરંતુ ભજનો ગાતી વખત એઓ દેહનું ભાન ભૂલી જતા. ઘડી બે ઘડી તો એ ધૂનમાં, એ રમઝટમાં અનેરી અધ્યાત્મવિદ્યા ઝળકી ઉઠતી. ઘડી બે ઘડી તો નશ્વર દેહની પામરતા અજાણે પણ એઓને જણાતી, દીન બની ભગવાનને એઓ પુકારતા. સ્વાર્થી છતાં સરવાળે સરળ હૃદયોમાં એકમેક એકરાર જાગતો, પ્રભુ ઘડી ભરતો ત્યાં આવી ઉભો રહેતો. સાક્ષાત્કાર કોઇને ન થતો હશે છતાં પણ ભકતનો

પ્રેર્યાં ભગવાન પોતાનાં પૂનિત પગલે ત્યાં પધારી અદૃશ્ય રહીને પણ બધાને પાવન કરતો.

કોઇ નોકરી કરે, કોઇ વેપાર કરે, દરેક કંઇને કંઈ કર્માચરણ તો દિવસ ભરમાં કરે જ કરે. દરેક કંઈ આસક્તિ રહિત કર્મ કરતા નથી. માયાનું આવરણ એટલું તીવ્ર છે કે "મેં આ કર્યું" એ ભાવ તો દરેકમાં જાગવાનોજ ! એવાઓને માટે શો ઉપાય ? ભગવાન જેવા ભગવાને પણ નાનપણમાં ગુરૂ કર્યા હતા. સાંદિપની ઋષીને ઘેર ભણવા ગયેલા ભગવાને ચૌદ ઘડીમાં ચૌદ વિદ્યા શીખી લીધી હતી. એમને કશું ભણવાનું હતુંજ નહી. પરંતુ શ્રી ભગવાને પણ દેહ ધર્યો એટલે કર્માચરણ તો કરવાં પડે છે. અને ભગવાનનાં જીવનનું અનુકરણ તો માનવીઓ સહજ્જ કરે. ભગવાન કર્માચરણ ન કરે તો માનવીઓ પણ આળસુ બની જાય. આમ લોક રક્ષણાર્થે પણ શ્રી ભગવાને ગુરૂજ્ઞાન લીધું હતું. આપણે ગુરૂ તો જોઇએજ !

ગુરૂ કેવા હોવા જોઇએ એ પ્રશ્ન દુર્ઘટ છે. કોઇ તપસ્વી કે ત્યાગીની ધૂન એવી વિરાટ અને એવી વેગવાન હોય છે કે સંસારીથી તેની પાછળ ચાલી શકાતું નથી. કોઈ સંન્યાસી કે કોઇ યોગીનું જીવન એટલું કપરૂં અને કાયદામય હોય છે કે સંસારીથી એ જીવન જીવાય પણ નહી. સંસારીને તો જોઇએ કોઈ પ્રભૂભક્ત જેણે પોતે સાધના કરી હોય, જ્ઞાન મેળવ્યું હોય છતાં પોતાને લાધેલું સત્ય બીજાઓને સમજાવવાનો જેનામાં પરમાર્થ જાગે એવા પ્રભુભક્ત કે કોઇ સદ્ગુરૂ ને શરણે જવાથી સંસારીની ઘણીખરી વૃત્તિઓ શાંત પડી જાય છે.

ગુરૂના પણ ગુરૂ એવા જગદ્ગુરૂ શ્રી કૃષ્ણ ભગવાને પણ એજ આદેશ આપ્યો છે કે કર્મયોગી બનો. પરંતુ બધાજ કર્મયોગી

બની શકતા નથી. તેઓને માટે કોઈ કર્મયોગી સદ્ગુરૂનું શરણ સૌથી ઉત્તમ છે. સંન્યાસી સન્યાસની પ્રતિષ્ઠા વર્ણવે, તપસ્વી તપની મહત્તા વર્ણવે, જ્ઞાની જ્ઞાનનું નિરૂપણ કરે પરંતુ ભક્ત તો પોતાનું એક અને અમોઘ હથીયાર ભક્તિજ બધા આગળ ધરે, એ તો નિર્મોહ અને નિસ્પૃહી હોવા છતાં મોહાંધ અને સ્પૃહાવાળાઓની વચ્ચે બેસે, વેદ અને શાસ્ત્રના ગુઢાર્થ બાજુએ મૂકી શ્રી ભગવાનને પોકારે.

ભગવાનને પોકારવાની એ વિધિ અથવા ભક્તિ જેટલી સરળતાથી ભજન મારફત થાય છે એટલી સરળતાથી બીજા મારફત થતી નથી. પત્થરની મૂર્તિ સામે અહોનિશ બેસી રહી એમાં પ્રભુ છે એમ વિવેક ગ્રહણ કરી પત્થર મારફત પ્રભુને આરાધવા એ બધાથી થઈ શકે એમ નથી. પરંતુ મૂર્તિમાં વ્હાલો કોઈએ જોયો હોય, એ જોવાના આનંદને કોઈ વર્ણવી શકે એવા હોય એવાની સાથે બેસી ભજન કરવાં એ લાભ સૌથી ઉત્તમ અને સરળ છે.

દિવસના ચોક્કસ સમયે કલાક બેકલાક ટોળે મળી પ્રભુ ભજન કરવામાં સાથ આપવા એટલું પણ જે ન કરી શકે તે ભવાટવીમાંથી બીજે કયે રસ્તે છુટશે એ તો સમજી શકાતું નથી.

સામાન્ય સંસારી બહુ બહુ કરી શકે તો સદ્ગુરૂની સેવા કરે. બાકી સદ્ગુરૂનાં જીવનનું અનુકરણ પણ પુરૂં તેનાથી થઈ શકે એમ નથી. સદ્ગુરૂ તો માયાનાં આવરણને ફગાવી દઈ, કર્મ કરવા છતાં નિષ્કામ બને; ઇંદ્રિયોનો નિગ્રહ કરી, કર્મયોગ આદરે, સંસાર શું સરસા રહેવા છતાં નિસંગ અને નિર્લેપ હોય. સંસારીથી એ થઇ શકતું નથી. સંસારીનું મુખ્ય કર્તવ્ય માટે ગુરૂભક્તિ બની રહે છે સદ્ગુરૂ જે કરે, એ બધું તો થઈ શકતું નથીજ પરંતુ સદ્ગુરૂ જે કહે એમાંનું થોડું સરખું તો એ કરી શકે.

આમાંયે સદ્ગુરૂ ઉપદેશ આપવાને બદલે શિષ્યવર્ગને ભેગો કરી એકી સાથે પ્રભુ ભકિત કરે, પરમ પ્રભુના ગુણાનુવાદ ગાતાં ભજનો ગાય અને ગવડાવે એના જેવો સરળ ઉપાય સાર્વજનિક જનતાને તારવા માટે બીજો કોઈ નથી. ભજનમાં ધૂન છે, ધૂન જાગતાં એકાગ્રતા આવે છે, એકાગ્રતા આવતાં ઘડીભર પણ માયાને ભૂલી જવાય, ચિદ્રુપ અજાણે પણ બની જવાય. ભજનની મહત્તા ઘણા ઓછા સમજતા હશે. એક દૃષ્ટાંત આપું. ભગવાન શ્રીકૃષ્ણ બંસી બજાવતા અને વ્રજ આખું કેમ ગાંડું બનતું. બંસીનો નાદ મોહક છે પરંતુ એમાં અનાહત ધૂન ભરી છે. એ ધૂનમાંને ધૂનમાં ગોપીઓ ઘેલી બનતી, ઘરબાર, પતિ અને પુત્ર-પુત્રાદિ પણ છોડી ચાલી નીકળતી. બંસીનાદનું રહસ્ય એટલુંજ છે કે બંસીની ધૂનમાંથી અપરીમિત એકાગ્રતા જાગતી અને એ એકા-ગ્રતા ઘડી બે ઘડી પણ જાગ્રત સંસારને, માયાનાં આવરણને ભુલાવતી અને પ્રભુપાદ વંદનના માર્ગે દોડાવતી.

દિવસભર સંસારની અનહદ ઉપાધિઓથી વીંટાએલો જીવ જ્યારે સદ્ગુરૂ સમીપ જાય અને સદ્ગુરૂ જો ઉપદેશરૂપી ચાબખા શરૂ કરે તો શાંત બનવા આવેલું ચિત્ત પણ અશાંત બની જાય. પરંતુ સદ્ગુરૂ એને ચાબખા ન મારે, વચનનાં તીવ્રબાણો વરસાવી માયાની મોહ જાળમાં ફસેલાને વધુ અકળામણ પણ ન કરાવે અને શાંતિથી એને પાસે બોલાવી પ્રભુ સ્મરણમાં પોતે નિમગ્ન હોયજ અને એને પણ કરાવે, વિવાદથી સંશય ઉભો થવાનો સંભવ છે. ભજનથી ચિત્તવૃત્તિ શાંત થાય છે. ધીમેધીમે પ્રભૂના ગુણાનુવાદ ગવાવા શરૂ થાય, સદ્ગુરૂ શરૂઆત કરે, શિષ્ય વર્ગ ધીમેધીમે એ વાણી ઝીલે અને એના પડઘા પાડે- પાંચ દશ મીનીટમાં તો વાતાવરણમાં ૂન પ્રસરવી શરૂ થાય. સદ્ગુરૂ અને તેની આસપાસ બેઠેલાઓ જાણે કોઇ બીજાજ લોકમાં બેઠા હોય એમ માયાથી

ભરપૂર ફરતું વાતાવરણ ધીમેધીમે અદૃશ્ય થઈ ઈશ્વરી વાતાવરણ જાગે ધૂન જાગતાં પ્રસરતાં અને જામતાં તો વાતાવરણમાં માત્ર એકજ નાદ ઉઠી રહે-પ્રભુના ગુણાનુવાદનો સવાલ જવાબ ત્યાં થતા નથી, સંશય બતાવાતા નથી અને એનો ઉકેલ પણ શોધાતો નથી. સહજજ સદ્ગુરૂનો ચલાવ્યો સંસારી જીવ પ્રભુ ચરણ તરફ ચાલવા માંડે, શરૂઆતમાં કદાચ તેની દોડ ધીમી હોય પરંતુ સદ્ગુરૂના આશ્રયે એ દોડની તીવૃતા વધે અને જોતજોતામાં ધૂનમાંથી એકાગ્રતા પ્રગટી પડે, સદ્ગુરૂ અને શિષ્યો બધાની તલ્લીનતા એકજ સ્થાનમાં કેન્દ્રીત થાય-પ્રભુનામમાં-સદ્ગુરૂ અને શિષ્યોની શકિત અને સ્મરણ માત્ર એકજ સ્થાનમાં કેન્દ્રીત થાય-પ્રભુ નામસ્મરણ અને પ્રભુ ગુણાનુવાદમાં. સદ્ગુરૂ તો એ સમીપતા અહોનિશ ચાખતા હશે બીચારો સંસારી ઘડીભરપણ એ ચાખી શકે એના કરતાં ઉત્તમ ફળ કયું ? ગુરૂ-ભકિતનો એ પ્રતાપ છે કે ગુરૂ જેટલાજ પ્રભુ સાનિધ્યમાં સંસારીઓ પણ ભજન મારફત આવી આત્મ-સાક્ષાત્કાર કરી શકે.

જય ગુરૂ જય ગુરૂ જય ગુરૂ જય

જય ગુરૂ સદ્ગુરૂ જય જય જય

ભજનો.

(૧)

વંદના વંદના વંદનારે
મારા સાચા સદ્‌ગુરૂજીને વંદનાં
કરી કૃપા ગુરૂ ડુબતા ઉગાર્યા
કાપ્યા કરમ ભવ ફંદનારે—મારા
કથીર જેમ કહ્યુ અર્થ ન આવે
કીધા છે બાવળ ચંદનારે—મારા
પાંચ તત્વ નોખી સેન કરીને
ઘર લખાવ્યા આનંદનારે—મારા
હંસ સાહેબ ગુરૂ મહીમા મોટો
જાણે નહિ મતીમંદનારે—મારા

(૨)

સદ્‌ગુરૂ સંગે રહીએ રંગે, આનંદ વાધે અંગે;
પૂરણ પ્રેમ તરંગે, પ્રભુને નીહાળીએરે—સદ્‌ગુરૂ
નયણે નીરખું હૈડે હરખું, નહી શામળીયાના સરખું;
અલબેલા વહાલાસું અંતર ટાળીએરે—સદ્‌ગુરૂ
આનંદકારી અખંડ વીહારી, ગોપી વર ગીરધારી;
હું બલીહારી વારી તારા નામનેરે—સદ્‌ગુરૂ
જ્યાં જેવા ત્યાં તે તો તેવો અકળ સ્વરૂપી એવો;
સ્નેહ ધરીને સેવો સુંદર શ્યામનેરે—સદ્‌ગુરૂ
રમતારામ નીરંતર ન્યાળો હું મારા ને નીશ્ચે ટાળો;
પ્રીતમ પ્રેમે પાળો નાતો નેહનોરે—સદ્‌ગુરૂ

(૩)

સદ્દગુરૂના તે શબ્દ વિચારતાં (૨)
મટે માયા મોહ વિકાર— હરિરસ પીજીયે
બાળી ભસ્મ કરે બીજી વાસના (૨)
ઉર પ્રગટે પ્રેમ અપાર—હરિરસ
એવો અજર અમર રસ જે પીયે (૨)
તેના નેણુા વેણુા પલટાય—હરિરસ
લાગી બ્રહ્મ ખુમારી ન ઉતરે (૨)
સુખ મુખે કહ્યું નવ જાય—હરિરસ
તેને સંભવ નથી રે શરીરનો (૨)
થયો આતમ દૃષ્ટે ઉઘાડ—હરિરસ
મરજીવો થઇ હરિને મળે (૨)
ગળે જ્ઞાન હિમાળે હાડ—હરિરસ
બ્રહ્મ ધ્યાને ગગનવત થઇ રહે (૨)
જયમ કુંભ મહાજળ માંહે—હરિરસ
કૃષ્ણ પોતામાં પોતે શ્રી કૃષ્ણમાં (૨)
કૃષ્ણ વિના ન દીસે કાંઇ—હરિરસ
જઇ સરિતા સાગરમાં ભળે (૨)
તેનું નામ નદી ટળી જાય—હરિરસ
કહે પ્રીતમ સદ્ગુરૂ સેવતા (૨)
ટળે અંતર એકરસ થાય—હરિરસ

(૪)

રહે સદ્ગુરૂ શબ્દે રે, સૌ તીરથ તેને;
પંડમાં છે પોતે રે, જોતા ફરે જેને.

ગુરૂદેવ દયા કરે રે, તેને સર્વ સુઝે;
બોલે બહુ નામી રે, બીજો શું બુઝે.
અંતરગઢ ઇશ્વર રે, આપે અવિનાશી;
પોતાની ભુલે રે, ભમે લખ ચોરાસી.
શ્રીમંત છે સુખીયોરે, રાંક થઇ રઝળ્યો;
માયાને સંગે રે, ત્રિવિધિ તાપે બળ્યો.
સદગુરૂને સેવે રે, તો નિજ રૂપ જડે;
તન માંહે તપાસે રે, પોતે પોતા વડે.
નખ શિષ નિહાળ્યો રે, ન મલે કોઇ બીજો,
પ્રીતમ એક અદ્વૈત રે, જોઇ રૂદીયે રીઝ્યો.

❋

(૫)

પ્રથમ ગુરૂને ગોવિંદ કરી જાણો, ભિન્ન ભાવ કશો મનમાં ન આણો;
પાખંડ પૂજીને શું પરમાણો, તો બોલે તે બીજો નહીરે.
બોલતા પુરૂષની બુઝવી વાણી, સમસ્યામાં સંત બતલાવે એધાણી,
પલક એકમાં ભેટાડે પુરૂષપુરાણી, તો તન મન ધન એને અર્પીએરે.
જીવ તાણું ગુરૂ જોખમ ટાળે, ખટ ચક્ર વીંધી ચઢાવે માળે,
ત્રીવીધી તાપ ગુરૂ તરતજ ટાળે, તો ભેટાડે સાતમી ભૂમિકારે.
રવી શશી વીના મારે વાયું છે વહાણું,
નિર્ભય નાણાનું ઉઘાડયું છે ખાનું,
ધનવંતા ધણીનું સ્વરૂપ વખાણું, તો જ્યાં જોઉં ત્યાં વ્હાલા વડેરે.
ઠામ નથી દીસતો એક ઠાલો, સ્થાવર જંગમ સુક્ષ્મ વ્હાલો,
પાંચ પચ્ચીસ પ્રકૃતિને ટાળો, તો વહાલા નથી કાંઇ વેગળારે
ઘર જડયુ ઘરમેડી જડી, સંતોને શબ્દે ગુરૂગમ પડી,
લાલ ચમેલી વહાલા સાથે લડી, તો ત્રીવેણીના તીરમાંરે.

ગગન ગુફાના ગોખમાં બેઠા, ઓહં સોહં શબ્દ લાગે મીઠા,
દશમે દ્વારે દામોદર દીઠા, તો જાત જડી જીવ શીવની રે
અનુભવ ઉગ્યો મારે ટળ્યુરે અંધારૂં, અગમ અગોચર ઘર લાધ્યું છે મારૂં,
દાસ પ્રીતમ કહે સાંભળો સંભારૂં, તો અણુછતો લાધ્યો આતમારે.

❈

(૬)

ગુરૂ સંતના ચરણ ઉપાસીએ,
સેજે શોક સમૂળો જાય, વચન સત્ય માનજો—ટેક
જે કોઈ પ્રેમે પીએ પગ ધોઈને,
નીત્ય ક્રોડ તીરથ તેને થાય—વચન
યજ્ઞ લક્ષ તે પ્રેમ પ્રસાદમાં,
ભુક્તિ મુક્તિ તે સેજમાં હોય—વચન
શુદ્ધ પ્રીતે કરીને પ્રવર્તશો,
દેહદર્શી દેખે નહિ કોય—વચન
શુદ્ધ ચૈતન્ય સાક્ષી તત્વમસિ,
સદા સ્મરણ એકરસ જ્ઞાન—વચન
આઠે આવરણ પાર પરમાત્મા,
નહિ આદ્ય મધ્ય અવસાન—વચન
રૂપ રમ્ય સગુણ સોહીએ સદગુરૂ,
જેને નિગમ નિરંતર ગાય—વચન
કહે પ્રીતમ પ્રપંચ પરહરી,
રાખો સદગુરૂ સંગ સદાય—વચન

❈

(૭)

મોરી લાગી લટક ગુરૂ ચરણનકી--ટેક
ચરણ બીના મુઝે કછુ નહિ ભાવે (૨)
જુઠી માયા સબ સપનનકી—મોરી
ભવ સાગર સબ સુકગઈ હય (૨)
ફીકર નહિ મુઝે તરનનકી—મોરી
મીરા કહે પ્રભુ ગીરધર નાગર (૨)
ઉલટ ભયી મોરે નયનનકી—મોરી

❋

(૮)

મને વૈદ્ય મળ્યારે ગુરૂદેવ ગોળીરે આપી જ્ઞાનની—ટેક,
પંચ વિષયનો રોગ ભારે, બગાડયા સર્વ શરિર (૨)
ગુરૂ મળ્યારે પરમારથી, નાડી જોઇને કર્યો નીસ્તાર-ગોળીરે
રામનામના તે નસ્તર મુકીયા માથે ઓસડ વાટયારે વૈરાગ્ય (૨)
કરી પળાવી રાત દીવસની હુજો ડાઘ ન લાગે લગાર-ગોળીરે
અજ્ઞાનનું આવરણ ટળ્યું ને ભાસ્યો છે બ્રહ્મ વીલાસ (૨)
જીવપણું તો ટળી ગયું એ તો પોતે શીવ પ્રકાશ-ગોળીરે
કર જોડી મીરાકરગરેરે મારી બુડતા પકડજો બાંય (૨)
બુડતા પકડજો બાંય મારા નોધારાના આધાર-ગોળીરે.

❋

(૯)

અમારામાં અવગુણરે ગુરૂજીમાં ગુણ ઘણા હોજી
ગુરૂજીના ગુણ તણો નહિ પાર—અમારામાં.

ગુરૂમારા દીવોરે ગુરૂ મારા દેવતા હોજી,
ગુરૂ મારા પારસમણિને રે તોલ—અમારામાં.
ગુરૂ મારા ગંગારે ગુરૂ મારા ગોમતી હોજી,
ગુરૂ મારા કાશી અને કેદાર—અમારામાં.
જાળીડા મેલાવોરે ગુરૂગમ જ્ઞાનના હોજી,
એજાળીડે પાપ આપણા જાય—અમારામાં.
ગુરૂને પ્રતાપેરે બાઇ મીરાં બોલીયાહોજી,
દેજો અમને સંતોના ચરણોમાં વાસ,
કરજો મારી વારૂ જગત કીરતાર,
દેજો દરશન કૃપા કરી કીરતાર—અમારામાં.

❋

(૧૦)

દવ લાગ્યો ડુંગરીએ ગુરૂ કેમ કરીએ,
કેમ કરીએ ગુરૂ ક્યાં વસીએ—દવ.
આણી તીરે ગંગા વ્હાલા પેલી તીરે જુમના (૨)
વચમાં બેસીને અમે નીત નાહીએ—દવ.
હાલવા જઇએ તો વ્હાલા હાલી નવ શકીએ (૨)
બેસી રહીએ તો અમે બળી મરીયે—દવ.
આરે વૃત્તીનું વ્હાલા નથીરે ઠેકાણું (૨)
પ્રવૃત્તીની પાસે અમે ઉડી ફરીએ—દવ.
સંસાર સાગર વ્હાલા મોહ જળ ભરીયો (૨)
બાહ્ય ઝાલો નહિ તો ડુબી મરીએ—દવ.
બાઇ મીરા કહે પ્રભુ ગીરધરના ગુણ (૨)
ગુરૂજી તારે તો અમે સહેજ તરીએ—દવ.

(૧૧)

સદ્દગુરૂ સરજનહારરે હો શામળીયાજી
પ્રભુજી ઉતારો ભવપારરે હો શામળીયાજી
જનમો જનમની હું દાસી તમારીરે (૨)
નથી બીજાનો આધારરે હો શામળીયાજી—સદ્દગુરૂ
અવગુણ ના જોશો મારા અંતર જામીરે (૨)
બીરદ સંભારી કરજો સ્હાયરે હો શામળીયાજી—સદ્દગુરૂ
સતસંગ સીડીએ ચઢાવ્યા છે અમનેરે (૨)
ભૂલીશ નહિ ઉપકારરે હો શામળીયાજી—સદ્દગુરૂ
બોધને બદલે તે ભેટશું કરીએરે (૨)
એવું બીજું નથી કાંઇ રે હો શામળીયાજી—સદ્દગુરૂ
કથા કીરતનને માળા મોહનનીરે (૨)
પહેરાવી કંઠે કરો સ્હાયરે હો શામળીયાજી—સદ્દગુરૂ
જન્મ મરણ કેરો ભવભય ભાંગીયોરે (૨)
દયા કરીને ઝાલી બાંહરે હો શામળીયાજી—સદ્દગુરૂ
હરી ચરણે ગુરૂ હેત કરાવ્યારે (૨)
શરણું સેવ્યાથી સુખથાયરે હો શામળીયાજી—સદ્દગુરૂ
બાઈ મીરા કહે પ્રભુ ગીરધરના ગુણ (૨)
દેજો દેજો સંતોના ચરણોમાં વાસરે હો શામળીયાજી—સદ્દગુરૂ

(૧૨)

એ કહેતાં જાજો, એ મારા મહીયરની વાત,
સદ્દગુરૂ કહેતાં જાજો (ટેક)
મારા મહીયરના સાધુડાને

જોઇએ તુળસીની માળા (૨)
તિલક છાપ તુળસીની માળા (૨)
સોહીએ અમરા પુરવાળા—સદગુરૂ
ભવ સાગરમાં ભય ઘણેરો
નથી ઉતર્યાનો આરો (૨)
મારા ગુરૂને એમ જઇ કહેજો (૨)
આણાં મોકલજો ને વહેલાં—સદગુરૂ
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ
હરિચરણે ચિત્ત રાખો (૨)
સંત શબ્દને ઓળખીને (૨)
પ્રેમનો રસ તમે ચાખો—સદગુરૂ

(૧૩)

ઐસી કરી ગુરૂદેવ દયા મેરા મોહકા બંધન તોડ દીયા—ટે
દૌડ રહા દીન રાત સદા જગકે સબકાર વિહારણમે
સ્વપ્ને સમવિશ્વ દીખાય મુઝે મેરે ચંચલચિતકો મોડ દીયા—ઐર
કોઇ શેષ મહેશ ગણેશ રટે કોઇ પૂજત પીર પેગંબરકો
સબપંથ ગરંથ છૂડા કરકે એક ઇશ્વરમે મન જોડ દીયા—ઐર
કોઇ ઢુંઢત હય મથુરા નગરી કોઇ જાય બનારસ વાસ કરે
જબ વ્યાપક રૂપ પીછાનલીયા સબ ભરમકા ભંડા ફોડ દીયા—ઐર
કૌન કરૂં ગુરૂદેવકી ભેટ
ન વસ્તુદીસે ત્રણ લોકનમે
બ્રહ્માનંદ સમાન ન હોય કબી
ધન માણીક લાખ કરોડ દીયા—ઐસી

(૧૪)

ગુરૂ ચરણુ કમલ બલિહારીરે
મેરે મનકી દુગ્ધા ટારીરે—ટેક
ભવ સાગરમે નીર અપારા, ડુબ રહ્યા નહિ મીલે કીનારા
પલમે લીયા ઉબારી રે—ગુરૂચરણુ
કામ ક્રોધ મદ લોભ લુટે રે, જનમ જનમ કે વૈરી મેરે
સબકો દીના મારી રે—ગુરૂ ચરણુ
દ્વૈતભાવ સબ દૂર કરાયા, પૂરણુ બ્રહ્મ એક દરસાયા
ઘટ ઘટ જોત નિહારી રે—ગુરૂ ચરણુ
જોગ જુગત ગુરૂદેવ બતાઇ
બ્રહ્માનંદ શાંતિમન આઇ
માનુષદેહ સુધારી રે—ગુરૂચરણુ

❋

(૧૫)

મુઝે સદગુરૂ સંત મિલાય સખી
મેરે મનકી તપત બુઝાય સખી—ટેક
આન બસી ચોરન કી નગરીયા
ખોસ ખોસ કર ખાય સખી—મુઝે
ઝુઠે કાર વિહાર જગતકે
બીરથા રહી ફસાય સખી—મુઝે
બિન ગુરૂ જ્ઞાન મોક્ષ નહી હોવે
કોટીન જતન કરાય સખી—મુઝે
બ્રહ્માનંદ મિલે ગુરૂ પુરા
ભવબંધન મિટ જાય સખી—મુઝે

❋

(૧૬)

અગર હૈ જ્ઞાનકો પાના તો ગુરૂકો જા શરણુ ભાઇ—ટેક
જટા શિરપર રખાનેસે, ભસ્મ તનમે રમાને સે
સદા ફળ ફુલ ખાનેસે, કભી નહી મુક્તિ કો પાઇ—અગર
બને મુરત પુજારી હૈ, તીરથ યાત્રા પીયારી હૈ;
કરે વ્રત નેમ ભારી હૈ, ભરમ મનકા મિટે નાહી—અગર
કોટિ સૂરજ શશી તારા, કરે પરકાશ મિલ સારા
બીના ગુરૂ ઘોર અંધારા, ન પ્રભુકા રૂપ દરશાઈ—અગર
ઈશસમ જાન ગુરૂ દેવા, લગા તન મન કરો સેવા;
બ્રહ્માનંદ મોક્ષ પદમેવા મીલે ભવબંધ કટ જાઈ—અગર

❋

(૧૭)

જ્ઞાન દે ગુરૂદેવને મેરે દિલકા ભરમ મિટા દિયા—ટેક
જાતાથા દેખનકો જીસે મથુરા બનારસ દ્વારકા
સોઇ ચેતન દેવકો ઘટમેં મેરે દીખલા દીયા—જ્ઞાન
ઈસ નજરસે જગતકો મૈં દેખતાથા જુદા જુદા
જીવ જૂન અનેક મેં મુઝે એક રૂપ બતા દીયા—જ્ઞાન
જગત સાચા માન કે ફીરતા થા મૈ ભટકા હુઆ
સ્વપન તુલ્ય બીચાર કે સબ નાશ રૂપ જતા દિયા—જ્ઞાન
સુખ દુઃખ ભૂખ પિયાસ જીવન મરણુ ધર્મ શરીરકે
બ્રહ્માનંદ સ્વરૂપકો કરકે જુદા દરસા દિયા—જ્ઞાન

❋

(૧૮)

નિરંજન ગુરૂકા જ્ઞાન સુનો નરનાર—ટેક
કયા ખોજે બન પર્વત કંદર કયા ખોજે જલધાર
તેરે તનમે દેવ બીરાજે, ઉલટ સુરત સંભાર—નિરંજન
પાંચ તત્વકી હુય જડ કાયા, ચેતન જીવ આધાર
ઇશ્વર અંશજીવ અવિનાશી સતચિત રૂપ વિચાર—નિરંજન
સુર નર દાનવ પશુ પક્ષી સબ વિશ્વ સમાન નિહાર
અંદર બાહીર ઘટઘટ પૂરણ એક બ્રહ્મ નિર્ધાર—નિરંજન
ઉંચ નીચ સબ ભેદ મિટાવો દ્વૈત ભાવ સબ ટાર
બ્રહ્માનંદ સંત સંગતસે દ્દઢ નિશ્ચય મન ધાર—નિરંજન

❋

(૧૯)

ગુરૂ બિન કોણ સહાઇ નરકમેં
ગુરૂ બિન કૌન સહાઇરે—ટેક
માત પિતા સુત બાંધવનારી સ્વારથ કે સબ ભાઇ રે
પરમાર્થકા બંધુ જગતમેં સતગુરૂ બંધ છુડાઇરે—ગુરૂ
ભવસાગર જલ દુસ્તર ભારી ગ્રાહ બસે દુઃખદાઇરે,
ગુરૂ ખેવટીઆ પાર લગાવે જ્ઞાન જહાજ બૈઠાઇરે—ગુરૂ
જન્મ જન્મકા મેટ અંધેરા સંશય સકલ નસાઇરે
પરિબ્રહ્મ પરમેશ્વર પૂરણ ઘટમે દે દરસાઇરે—ગુરૂ
ગુરૂ કે વચનધાર હીરદેમે ભાવ ભકિત મન લાઇરે
બ્રહ્માનંદ કરો નિત સેવા મોક્ષ પદાર્થ પાઇરે—ગુરૂ

❋

(૨૦)

ગુરૂ બિન કૌન મિટાવે ભવ દુઃખ,
ગુરૂ બિન કૌન મિટાવેરે—ટેક
ગહરી નદીયા બેગબડો હૈ બહુત જીવ સબ જાવેરે
કર કીરપા ગુરૂ પકડ ભુજાસે ખેંચ તીરપર લાવેરે—ગુરૂ
કામ ક્રોધ મદ લોભ ચોરમિલ લૂટલૂટ કર ખાવેરે,
જ્ઞાન ખડગ દેકર કરમાંહી સબકો માર ભગાવેરે—ગુરૂ
જાના દૂર રાત અંધીયારી ગૈલા નજર ન આવેરે,
સીધે મારગ પર પગ ધરકર સુખસે ધામ પુગાવેરે—ગુરૂ
તન મન ધન સબ અર્પણુ કરકે જો ગુરૂદેવ રિઝાવેરે
બ્રહ્માનંદ ભવસાગર દુસ્તર સો સહજે તર જાવેરે—ગુરૂ

(૨૧)

આજ સખી સતગુરૂ ઘરઆયે
મેરે મન આનંદ ભયોરી—ટેક.
દર્શનસે સબ પાપ વિનાશે,
દુઃખ દરિદ્ર સબ દુર ગયોરી—આજ
અમૃત વચન સુનત તમ નાશ્યો,
ઘટ ભીતર પ્રભુ પાય લયોરી—આજ
જન્મ જન્મ કે સંશય ટુટે
ભવ ભય તાપ મિટાય દયોરી—આજ
બ્રહ્માનંદ દાસ દાસનકો
ચરણુ કમલ લિપટાય રહ્યોરી—આજ

(૨૨)

ગુરૂ આરતી.

જય ગુરૂદેવ દયાનિધિ દીનન હીતકારી,
જય જય મોહ વિનાશક ભવબંધનહારી—જયદેવ ગુરૂદેવ.
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ ગુરૂ મુરતિ ધારી,
વેદ પુરાણુ વખાનત ગુરૂ મહિમા ભારી—જયદેવ ગુરૂદેવ.
જપ તપ તીરથ સંયમ દાન વિવિધ દીને,
ગુરૂ બિન જ્ઞાન ન હોવે કોટી જતન કીને—જયદેવ ગુરૂદેવ.
માયા મોહ નદી જલ જીવ બહે સારે
નામ જહાજ બિઠાકર ગુરૂ પલમે તારે—જયદેવ ગુરૂદેવ.
કામ ક્રોધ મદ મત્સર ચોર બડે ભારે
જ્ઞાન ખડગ દે કરમે ગુરૂ સબ સંહારે—જયદેવ ગુરૂદેવ.
નાના પંથ જગતમે નિજનિજ ગુણુ ગાવે
સબકા સાર બતા કર ગુરૂ મારગ લાવે—જયદેવ ગુરૂદેવ,
ગુરૂ ચરણામૃત નિર્મલ સબ પાતક હારી
વચન સુનત તમ નાશે સબ સંશય ટારી—જયદેવ ગુરૂદેવ.
તન મન ધન સબ અર્પણ ગુરૂ ચરણુન કીજે
બ્રહ્માનંદ પરમપદ મોક્ષ ગતી લીજે—જયદેવ ગુરૂદેવ.

❋

(૨૩)

જગમે ગુરૂ સમાન નહિ દાતા—ટેક
વસ્તુ અગોચર દઇ સદગુરૂને ભલી બતાયા બાતા (૨)
કામ ક્રોધ કેદ કરી રાખે (૨) લોભકો ગર્દન મારા—જગમે

કાલ કરે સો આજહી કરલે ફીર ન મીલે એ સાધા (૨)
ચોરાસી મે જાય પડેગો (૨) ભૂંકતે દીન ઓર રાતા—જગમેં
કહે કબીર સુનો ધર્મદાસા માનો વચન હમારા (૨)
પડદા ખોલ મીલો સદગુરૂસે (૨) આવો લોક હમારા—જગમેં

❋

(૨૪)

આજ મેરા સદગુરૂ આવે મીજમાન
તન મન ધન જીવ કરૂં કુરબાન—આજ
ચંદન ઘસીને રૂડા મંદીરીયા લેપાય (૨)
કેસરથી રૂડા છાંટણા છંટાય—આજ
ગજ મોતીએ ચુની ચોક પુરાય (૨)
સોનેરી રૂડા કળશ ઢલાય—આજ
તનખા તોડીને દીયા હે પરમાણુ (૨)
હમે તમે પાયે સાધુ પદ નીર્વાણુ—આજ
કહત કબીરા સુનો ધરમદાસ (૨)
કેવળ નામ ભજો કીરતાર—આજ

❋

(૨૫)

સંતો સો સદગુરૂ મોહે ભાવે (૨) ટેક
સત્ય નામકા ભરભર પ્યાલા (૨)
આપ પીએ મોહી પાવે—સંતો
મેળે જાય ન મહંત કહાવે (૨)
પુજા ભેટ ન લાવે—સંતો

પડદા દુર કરી આંખનકા (૨)
નીજ દર્શન દીખલાવે—સંતો
જાકે દરશન સાહેબ દરશે (૨)
અનહદ શબ્દ સુનાવે—સંતો
માયાકે સુખ દુઃખ કરી જાને (૨)
સંધ ન સ્વપને ચલાવે—સંતો
નીશ દીન સતસંગતમે રાચે (૨)
શબ્દમે સુરતા સમાવે—સંતો
કહે કબીર તાકો ભય નાહિ (૨)
નીર્ભયપદપર સોવે—સંતો

(૨૬)

હમારે ગુરૂ દીની અમર જડી (૨)—ટેક
જડી હમારી અજર અમર હય (૨)
અમૃત બુંદસે ભરી, ઓપ્યારે (૨)—હમારે
ના વો જળે ના જલમાં ડુબે (૨)
નિશદિન રહત હરી, ઓપ્યારે (૨)—હમારે
યા બંગલામે દશ દરવાજા (૨)
તાળીય ગુપ્ત ધરી ઓપ્યારે (૨)
પાંચ નાગ પચીસ નાગની (૨)
સુંઘત તુરત મરી ઓપ્યારે (૨)—હમારે
ડાકણી ,એક સકળ જગ ખાતી (૨)
જડીસે જાત ડરી ઓપ્યારે (૨)
કહે કબીરા સુનો મેરે સંતો (૨)
વીરલાકુ સમજ પડી ઓપ્યારે—હમારે

(૨૭)

મારા મારા મારા ગુરૂજી, મોયે જ્ઞાનકે ઘાસે મારા;
કચ્ચા કોટ પકકે દરવાજા, તીયાં ઘાયલ કરત પોકારા—ગુરૂજી.
છરીએ ન મારા કટારી ન મારા, વચનુકામાર હે ન્યારા—ગુરૂજી.
આંખે અંધા કાને બ્હેરા,
પાંઉ પાંગળ કરી ડાલા—ગુરૂજી.
ઓખદ ગોળી કછુએ ન લાગે,
કયા કરે વૈદ બીચારા—ગુરૂજી.
કહત કબીરા સુનો ભાઈ સાધુ,
સદગુરૂ વૈદ હમારા—ગુરૂજી.

(૨૮)

ગુરૂબિન કૌન બતાવે વાટ બડા વિકટ યમઘાટ—ગુરૂ
ભ્રાંતિકી પહાડી નદિયા બિચમેં અહંકારકી લાટ—ગુરૂ
કામક્રોધ દો પર્વત ઠાઢે લોભચોર સંઘાત—ગુરૂ
મદમત્સરકામેહ બરસત માયા પવન બહે દાટ—ગુરૂ
કહત કબીરા સુનો ભાઈ સાધુ કયોં તરના યહઘાટ—ગુરૂ

(૨૯)

મેરે ગુરૂને સંજીવન મૂલ દઈ—ટેક
દીન દીન અવગુણ છૂટન લાગે,
બંધન લાગી પ્રીત નઇ—મેરે

ગજ મસ્તક માનો મુકતા નીપજે,
હીરા હંસસે ભેટ ભઈ—મેરે
કહત કબીરા સુનો ભાઈ સાધુ
અતિ વૃથા સબ દૂર ભઈ—મેરે

❋

(૩૦)

સદગુરૂ નીરવાણી, નીરવાણી,
અરે જેની મુકિત ભરે છે પાણી—સદગુરૂ
અષ્ટ સીધી નવનીધિ કરે મજુરી,
ઓર વિધાતા રાણીરે; (૨)
ચંદા સુરજ દોનુ ભયે સંગાથી, (૨)
સુરતી સેજ સમાણી—સદગુરૂ
ચાર વેદને વ્યાકરણ વાણી,
અષ્ટાદશ પુરાણીરે; (૨)
તે પણ ઈચ્છે અગમ અગોચર (૨)
નીગમ તેવી વખાણી—સદગુરૂ
ધર્મ અર્થને મોક્ષ મુકિતપદ,
બેલ ફરે જેમ ઘાણીરે, (૨)
શુદ્ધ ભકિત બીના ચાર પદારથ (૨)
કાગ વિષ્ટા સમાની—સદગુરૂ
વર્ણાશ્રમને ભેદ અભેદા,
ગગને લહેર સમાણીરે (૨)
કહત કબીરા સુનો ભાઈ સાધુ (૨)
અગમ અગોચર એંધાણી—સદગુરૂ

❋

(૩૧)

સદ્દગુરૂ બાગલગ્યાહેરે કોઇ અજબ જતનસે,
આપહી બાગ આપ બગીચા,
આપહી કલી તોડન હારારે કોઈ અજબ જતનસે
આપહી ગંગા આપહી યમુના,
આપહી તીરથ નાહ્યારે કોઇ અજબ જતનસે
આપહી ચંદા આપહી સુરજ
આપહી નવલખ તારારે કોઈ અજબ જતનસે
આપહી તાલા આપહી કુંચી,
આપહી ખોલનહારારે કોઇ અજબ જતનસે
આપહી આંબા આપહી ઇમલી,
આપહી, ચાખન હારારે કોઇ અજબ જતનસે
કહત કબીરા સુનો ભાઇ સાધુ,
આપમે આપ સમાયારે કોઇ અજબ જતનસે

❋

(૩૨)

દીલમાં પ્રગટી હ્યો દીવલડો ગુરૂગમ જ્ઞાનનોરે—ટેક.
અનુભવ સુરજ ઉદય થાશે માયાનું અંધારૂં જાશે (૨)
આતમરૂપ પ્રકાશે ધારણુ ધ્યાનનોરે—દીલમાં.
વીકાર સઘળા અળગા જાશે ઉન મુનીએ અજવાળું થાશે (૨)
તૃષ્ણાનો ક્ષય થાશે મારગ ધામનોરે—દીલમાં.
નીર્વીકલ્પને નીશ્ચે જાણો આતમરૂપ તણું સુખ માણો (૨)
કરતા કોણુ પ્રમાણો પ્રભુરસ પાનનોરે—દીલમાં.
ભીન્ન મટીને લીન થયો છે કેવળ મુક્તિમાંય ગયો છે (૨)
ગણુપત ગુમ થયો છે દેહ અભીમાનનોરે—દીલમાં.

(૩૩)

ગુરૂતણા જ્ઞાનથી ગમ પડશેરે,
　　જીવ જાગે તો મારગ જડશે—ટેક.
રાખે ગુરૂગમ કેરી રીતિરે, પુર્ણાનંદ સાથે પ્રીતિરે.
　　જાણી લ્યો તો જશો જગજીતિ—ગુરૂ.
પડી ગમ ગોપીચંદને ભારીરે, છોડી સોળસે સુંદર નારીરે,
　　જેના વૈરાગ્યને જાઉં વારી—ગુરૂ.
ભલી ભરથરીએ ઉરઆણીરે, જેણે જુક્તિ ગુરૂજીની જાણીરે,
　　મેલ્યું રાજને રોતીરાણી—ગુરૂ.
મીરાંબાઇના મનમાં આવીરે,
　　ભલી ભક્તિ પ્રભુની ભાવીરે,
જેણે સુરતા હરિમા સમાવી—ગુરૂ.
　　ગમ જાણે તે ભવને ભવાનીરે,
રૂષિ ધરમવાળા કોઇ ધ્યાનીરે,
　　કહે ગણપત સમજી લ્યો જ્ઞાની—ગુરૂ.

❋

(૩૪)

ગુરૂ મળ્યાથી જ્ઞાન આવે દુષ્ટતા ટળે,
પાપ કોટી જન્મ કેરા, પલકમાં બળે—ગુરૂ
પારસ પરશે લોહ કેરૂ, હેમ હોય છે;
સદગુરૂ મળ્યાથી જીવ, શિવ થાય છે- ગુરૂ
કલ્પ વૃક્ષ તળે બેઠે, કલ્પના ટળે;
ચિંતામણી ચઢયો હાથ, માગે તે મળે—ગુરૂ
કામધેનુ ઘેરે મન કામના ધરે;
અનુભવી આતમ કેરા દોષને હરે—ગુરૂ

ગણુપત ગોવિંદ કેરી ભક્તિ ટેકની;
રંગ પોતે એજ હોય કસર એકની—ગુરૂ

❋

(૩૫)

પ્રાણી પરખો પ્રભુનો પંથ, ગુરૂ ગમ જ્ઞાન વડે
ગુણ ગાય ઘણા ઘણા ગ્રંથ, જીવન તેને જડે—ટેક.
જીવન જડે પુરી ખબર પડે, જો સંત સમાગમ થાય રે;
ભક્તિમાં ભેદ ભવજળ તરવા, ગોવિંદના ગુણ ગાય—ગુરૂ
મનવશ કરતાં માયા જીતે, જપે અજંપાજાપરે;
શબ્દ વિવેકે સુરતા સાંધે, અંતરમાં જુએ આપ—ગુરૂ
સાધન સમરણ સેવા કરો, વળી આવે વિચારરે;
ધ્યાન ધારણા કાયા શોધન, તનમાં મળે એક તાર—ગુરૂ
બ્રહ્માંડ સઘળે ભરપુર ભાસે, દ્વૈતભાવ ટળી જાય રે;
અદ્વૈત રૂપ અંતરમાં આવે, અરૂપમાં રૂપ સમાય—ગુરૂ
મહાપદ લાધ્યું તે નર મોટા, વેદ તણો વિચારરે;
ગણુપત કહે એ જ્ઞાન જે પામ્યા, પ્હોંચ્યા માયા પાર—ગુરૂ

❋

(૩૬)

પ્રથમ ગુરૂજીને પાયે રે લાગું, જેણે આતમ ઓળખાવ્યો
અનુભવ મારા ઉરમાં રે આવ્યો—ટેક
સ્થુલ સુક્ષ્મ કેરો ભેદ જણાવ્યો,
સકળમાં અકળ દેખાવ્યો—અનુભવ

ઓહંગ સોહંગ તેનો નાભીથી ઉઠે,
સત્યમાં જઇને સમાવ્યો—અનુભવ
દુર જાણ્યો તો મે દેવ હમારો,
પ્રીતે પાસ પરખાવ્યો—અનુભવ
ભ્રાંત્યો ભાગીને ભેદ ભરપુર જાણ્યો,
સદગુરૂએ સાનમાં સમજાવ્યો—અનુભવ
અમર મંત્ર અવિનાસીનો આપ્યો;
અમર પટો લખાવ્યો—અનુભવ
ઉઘડયો અનુભવ તારે થયુંરે અજવાળું;
પ્રેમ પીયાલો પાયો—અનુભવ
કોટી જનમ કેરી કુમતિ કાપી,
ગણુપત ગોવિંદ ગાયો—અનુભવ

(૩૭)

સદગુરૂ સાચા કરીને ગા ગોવીંદનેરે—સદગુરૂ—ટેક
સદગુરૂ સાચા જેને મળીયા, ફેરા તેને સવળા ફળીયા;
પ્રેમ પંથમાં પળિયા, ફેડી ફંદનેરે—સદગુરૂ
વેદ વચનમાં જે જન વળીયા, ભાવ કરી ભક્તિમાં ભળીયા;
ચિત્ત વિષે નવ ચળીયા, મળ્યા મુકુંદનેરે—સદગુરૂ
સુરનર મુનિવર શંકર જેવા, અજ વિષ્ણુને દેવી દેવા;
સદા કરે ગુરૂ સેવા, કરમ નિકંદનેરે—સદગુરૂ
વેદ ભણે પણ ભેદ ન જાણે, ઇશ્વરને અંતર નવ આણે;
ત્યાગ ન આવે ટાણે, મુરખ મંદનેરે—સદગુરૂ
રૂંધામણમાં શીદ રહે છે, કારજ કરી લે ગણુપત કહે છે;
રટવાથી રીઝે છે, વિઠ્ઠલ વંદનેરે—સદગુરૂ

(૩૮)

સદગુરૂ સંગેરે નરનારી સુધરેરે,
આપે ગુરૂ જ્ઞાનતણો ઉપદેશ;
પારસને પરસેરે, લોહ પલટાય છેરે,
દેખો એવો અનુભવીનો દેશ – સદગુરૂ
આવી પાંખો અનેરે, ઇયળ લાગી ઉડવારે,
સાચો એને મળીયો છે ભમરીનો સંગ;
તરૂ થાય તેવાંરે, ચંદન પાસે ચોંટીયારે,
લાગેજેને પવન તણો પરસંગ - સદગુરૂ
અગ્નિની આંચેરે, આપસ અગ્નિ બનેરે,
સંતના સંગે સંત સોહાય.
પંડીતના સંગેરે, પુરાણી નર નીપજેરે,
જ્ઞાની સંગે જ્ઞાની ગણાય—સદગુરૂ
જલંધર કેરોરે જોગ ગોપીચંદનેરે,
ઝટ બન્યો જોતાં જોગીરાજ;
ભરથરી ભુપેરે ગોરખમુનિ ભાવીયારે,
કરી કૃપા કીધું ઉત્તમ કાજ—સદગુરૂ
સંગત વિનાનોરે કોઈ ના સુધરેરે,
આપ મતિ કરે, કોટી ઉપાય;
સંગવડે સાધનરે જેને હોય શિખવુંરે,
ગુણ તેના ગણપત વરણવી ગાય—સદગુરૂ

❋

(૩૯)

હરી ગુરૂ સંત એકે રૂપ જાણો, એક પલકમાં અંતર નવ આણો,
મહા પદમાંહી મહા સુખ માણો, તો સમજો ગુરૂજીની સાનમાંરે.

પોતાની મેળે તરે કોઈ પ્રાણી, વિચારીને જુઓ વેદની વાણી;
ગુરૂગમ વિના થયા ધુલધાણી, તો ધારીને દેખજો ધ્યાનમાંરે.
મહાબળ દિશે હરીનીરે માયા, સકળ બ્રહ્માડમાં સરખીરે છાયા;
દેવદાનવને મોહ્યા મુનિરાયા તો ઉગરનારાજ ઉગરેરે.
જીવ માયાને જુદાં કરી આપે, કોટીજનમ કેરા કુકર્મ કાપે;
અમર કરીને અભેપદ આપે, તો સદગુરૂ વિના ન સુધરેરે.
પોતે પોતાને જો નવજાણે, પરમ પુરૂષને તે શું પરમાણે;
કામ ક્રોધ કેરો અંત ન આણે, તો ખળશે ચોરાશીની ખાણ્યમાંરે.
કારજ તારૂ તું કરવાને, વિશ્વપતિજીને જો વરવાને,
ગણુપત ગુરૂજી વિના તરવાને, તો જીવડા આશા નવ જાણુમાંરે.

❀

(૪૦)

જ્ઞાન માટે ગુરૂ કરોરે, નફ્ટ નર
નુંઘરા કદી ન ફરો,—નફ્ટ નર—ટેક
નુંઘરાજો નર ફરો, તથી નહિ ભવ તરો;
કોડે સદગુરૂ કરો રે.—નફ્ટ નર
નારદે ન ગુરૂ ર્ક્યા, વૈકુંઠથી પાછા ફર્યા;
ગુરૂ મળ્યે ઠામે ઠર્યા રે.—નફ્ટ નર
નુંઘરાનું પુન્ય નાસે, પ્રભુ નવ આવે પાસે;
બ્રહ્મ કદી નહીં ભાસે રે.—નફ્ટ નર
નુંઘરાનું મુખ ન્યાળે, કલેશ ઉપજે તે કાળે;
ભકિત કદીન ભાળે રે.—નફ્ટ નર
દાનવ માનવ દેવા, સદગુરૂની કરે સેવા;
કહીએ એથી મોટા કેવા રે—નફ્ટ નર

મોટા જન જેને મળ્યા, ભાવે ભકિતમાં ભળ્યા;
વૈકુંઠની વાટે વળ્યા રે—નફ્ટ નર
પુજો ગુરૂજીના પાયા મુકી જગ કેરી માયા;
ગણુપતે ગુરૂ ગાયા રે.—નફ્ટ નર

❋

(૪૧)

જાગીને જોને તું જીવગુરૂ જ્ઞાનમાં, ભાવે ભગવાનની ભકિત કરવા
તનને મનવળી ધનતારૂં નથી, ત્યાગ તૃષ્ણા ભવસિંધુ તરવા—જાગીને
ભકત ભગવંત વળી સંતને સદ્દગુરૂ, રૂપ છે એકને નામ ન્યારૂં
ચારનો સાર સંસારમાં સમજવો, તે થકી કારજ થાય તારૂં - જાગીને
જ્ઞાન અજ્ઞાન વિજ્ઞાનને સમજીને, બુધ્ધિથી તેહની બુજ કરવી
દુઃખને સુખ આવી પડેદેહને ધ્યાનીજન ભકતને ધીરજ ધરવી—જાગીને
માતને તાત વળી ભ્રાત સુત ભામની, જામની સ્વપ્નમાં જુઠિ થાય
જન્મી સંસારમાં ચીત ઘરબારમાં, અંતે તજી તેહને જરૂર જાય—જાગીને
ધામને દામધરી હાલ મારૂં કહે, રામ વિસારીને કામ કરતાં
જન્મ મરણુનો પારપામ્યો નહિ, ફોગટ ફંદમાં ચાલે ફરતાં--જાગીને
નાર તરવાર અગ્નિ નહી આપણી, તાપણી તાહરીતેજ કરશે
ગણુપતરામ શીશનામી નરનારીઓ,
તર્ત ભવસાગર એજ તરશે--જાગીને

❋

(૪૨)

ગુરૂ વિના જ્ઞાન નહીં આવે પ્રાણી પુરણુ બ્રહ્મ નહી પાવે—ટેક
ગુરૂગમ વિના જ્ઞાન કથેને ખડકુત્તા જેમ ખાવે;

વેદ ભણે પણ ભેદ ન જાણે, ગળા સવાદે ગાવે—પ્રાણી
મન માયાને આતમ કેવું, બોધ કોણ બતાવે;
પરાભક્તિ પરમેશ્વર કેરી, ભ્રાંન્તિ ટળે તો ભાવે—પ્રાણી
કર્તા કેરૂં રૂપ છે કેવું, એ સદગુરૂ ઓળખાવે;
ત્વંપદ તત્પદ ત્યાગ કરીને, લક્ષ અસિમા લાવે—પ્રાણી
ગુણાતીત ગુણ બહાર રહ્યો તે, ગુણ વિષે કેમ ગાવે;
વાંચ્યા માંહી વિશ્વંભરનાવે અલખ કશે ઓળખાવે—પ્રાણી
નિરાકાર નિરગુણ નિરંજન, જોતાં કોણ જણાવે;
ગણપત કહે ગોવિંદનો મારગ, સદગુરૂ એ સમજાવે—પ્રાણી

❋

(૪૩)

ગુરૂવિના ગોવીંદ મળે નહી, સંતો સાચી વાત જોને;
તમે તમારૂં શોધી કાઢો, જુઓ તે જીવની જાત જોને.
કેવું રૂપ છે કરતાકેરૂ, કહો વસે કોણ ઠામ જોને;
મુળ વાતમાં મન નવ બાંધ્યુ, કેમ કરી થાશે કામ જોને.
તે માટે તનમાંહી તપાસો, દેખોનીજ દેદાર જોને;
અનુભવ સુરજ ઉદે થાશે, પામો ભવનો પાર જોને.
હું મારૂં રૂદેથી ટાળો, રહેજો રૂડી રીત જોને;
ગણપતના સ્વામીની સાથે, પુરણ બાંધો પ્રીત જોને.

❋

(૪૪)

ગરજ વિના ગુરૂ કરે, ન જ્ઞાન આવડે,
ભાવ વિના ભક્તિ કરે, ભેદ ના જડે.—ટેક

પ્રેમ વિના નેમ કોઇ, કાળે ના પળે;
રવિ વિના રજની તણુ, તિમિર ના ટળે—ગરજ
સિંધુ છીપસ્વાતિ વિના, મોતી ના મળે;
બોધ સોધ વિના કર્મ, બિજ ના બળે—ગરજ
મારી માળે ચઢાવ્યો તે, કામ શું કરે;
નાવ વિના સિંધુ કેરૂ, નીર ના તરે—ગરજ
ગુરૂ ગણુપત કેરૂ, જ્ઞાન જો જડે;
વાગતે નગારે તે, વિમાનમાં ચડે—ગરજ

❋

(૪૫)

ગમ તને ગુરૂ વિના નહીં પડે,
અક્કલ હીણુ શું કરવા આથડે—ટેક.
દેખાદેખી દોડી મરેને, ચીતડું ચાળે ચડે;
સદ્દગુરૂ વિના સાધન શિખ્યો, જુક્તિ તો નવ જડેરે-ગમ
સમશાને જઇ મંતર સાધે, ધુપ દીપના વડે;
આપમતી એવું આદરતાં, નિષ્ટ દેવતા નડેરે-ગમ.
બોધક વિના જ્ઞાન બકે પણુ, પળ રીતી નવ પડે;
કહેણી તો સઉ કોઇ કથે પણુ, રેહેણી નવ આવડેરે-ગમ.
શસ્ત્ર વિદ્યા શિખ્યા વિના, જઈ શુરા શું લડે;
ગણુપત કહે ગુરૂગમ વિના, માનવ મોક્ષ ન ચડેરે—ગમ.

❋

(૪૬)

આજ સખી મુને સદગુરૂ મળીયા (૨)
દેવ દીવાળીના દીનજ વળીયા (૨)

અંતર જામી અઢળકઢળીયા
હીરલો દીધો ગુરૂએ હાથમાંરે- આજ
સ્નેહ લગાડી સોહાગણ કીધી (૨)
ચૈતન્ય પુરૂષે ચરણોમાં લીધી (૨)
ભુધર ભાવે ભકિતરે દીધી
માળા પહેરાવી ગુરૂએ મોક્ષનીરે—આજ
હુંરે ભુલી હતી ભુવન હમારૂં (૨)
સદગુરૂએ ઘર બતાવ્યું મારૂં (૨)
તન મન ધન લઇ તાપર વારૂં
વર વરાવ્યો વીઠલોરે—આજ
સઇરે સમાણી થઇ રસ મોટી (૨)
સદગુરૂએ આપ્યું હેવાતન ગોતી (૨)
નીરમળ રૂપએ નેણામાં જોતી
અહોનીશ એજ અનુભવીએરે—આજ
સેજ આનંદ સુખશ્યામને સંગે (૨)
નીત્ય નીત્ય નેહ વધાર્યો રોમ રંગે (૨)
અરસ પરસ એક આનંદ અંગે
માંહેલે મંદીરીએ મહાલ તારે—આજ
વેદ પુરાણ વદે છેરે જેને (૨)
શેષ શારદા સ્તવેછેરે જેને (૨)
જુહાર સમજ્યા સદગુરૂ સાને
આતમ રવી ગુરૂ ઓળખ્યારે—આજ

❀

(૪૭)

સદ્ગુરૂએ અમને મારેલ છે શબ્દોના બાણ
એક રામને ભજીલ્યો નિરવાણરે—સદ્ગુરૂ

કુટુંબ કબીલાની કુડી કુડી માયારે (૨)
સાચું નારાયણનું નામરે—સદ્દગુરૂ
કહે રવિદાસ સંતો ભાણુ પ્રતાપેરે (૨)
મટી ગઇ ચોરાસી કેરી ખાણુરે—સદ્દગુરૂ

❀

(૪૮)

સખી સાંભળને કહું વાતડી, દહાડો આજ અનુપમ દીઠોરે,
મારે સદ્દગુરૂએ શબ્દ સુણાવીયો, સાંભળતાં લાગે મીઠોરે.
સખી ભાગી તે સર્વે ઉરમી, પરમાતમ જોયા સરખારે,
મેં તો નયને નીરખ્યા નાથને, મટી ગયા ચોરાસીના ફેરારે.
સખી શી કરીયે હવે સાધના, મારી સુરતાએ સંધાણારે,
હુંતો જ્યારે જોઉં તો પાસે છો મારે વચને હરિ બંધાણારે.
સખી જોગ બન્યો જુગદીશનો, હરિ અબલાને ઘેર આવ્યારે,
જે બુધ્ધી કરે બળ દાખવે, તે તો ફુલ્યું ફલ કરમાયરે.
સખી પરણી તે પિયુને પ્રીછવે, કુંવારી કંથ શું જાણેરે,
જે રમે તે ઢીંગલે પોતીયે, તે મેરમને શું માણેરે.
સખી પરણ્યા પિયુની વાતડી, તે મહીયરીયે નવ કહીયેરે,
તે પ્રગટ જણાવે પ્રીતડી, તેના લોચનીઆમા લહીયેરે.
સખી પિયુ મળવાનું પારખું, તેની કાયા કહી આલેરે,
જેની સુરતી શ્યામમાં જઇ મળી, તે સમજી સામું ભાળેરે.
સખી લોકલાજ મેલી કરી, તે છુટે છેડે ચાલેરે,
જેનું અરસ પરસ સંગ થઈ રહ્યું, તેને કોણ ખળકમાં ખાળેરે.
સખી મરજાદા મેલી મળે, તેની છત રહે નહિ છાનીરે,
એમ પ્રેમ સખી રવિદાસ છે, મારા પિયુને મન માણીરે

(૪૯)

કોટીક કલ્પનારે કર્મ મારાં દૂર થયાં;
સદગુરૂ શબ્દેરે, ચર્ણ તમારાં ગ્રહ્યાં—ટેક.
પિયુમારા પ્રેમે પધાર્યા, મુજપર કીધી મ્હેર,
લાલચ હતી મને લાલ મળ્યાની, થઇ છે લીલાલ્હેર;
અખંડ વિરાજોરે હવે જુગદીશ, ઈહાં—કોટીક
પલક ન છોડું પ્રીતમ તમને, રાખો રૂદીયામાંય,
શું કરશે શોકલડી ધૂતારી, જેની બુદ્ધીએ બળ નાહિ;
મેરમ મેણાંરે, તમ સારૂ સબળ સહ્યાં—કોટીક
ઉઠતાં બેસતાં હસતાં ને રમતાં દિન દિન અધિક સ્નેહ,
ત્રિવિધી તાપ સમ્યો આ તનમાં, અમૃત વરસ્યા મેહ;
હવે નહી જઈએરે, વહે તે પૂર વહ્યાં—કોટીક
સકલ ભુવનમાં તુજ વિણુ વાલા અવર ન દુજો કોય,
રવિદાસ રસબસ હરિસમાં, આવા ગમન ન હોય
અંતર ભાગ્યોરે, સુખ નવ જાય કહ્યા—કોટિક.

(૫૦)

કરો બંદગી સતગુરૂકી નિરભય હોઈ જાના, હોઈ જાના—ટેક
જુઠી આ કલજુગકી માયા, કોટી ઉપાય રહે નહિ કાયા;
ઉપજા સોહી હે ચલ પાયા, ગુરૂ ગમ જો જ્ઞાના જો જ્ઞાના—કરો.
જુઠા માતપિતા સંગાથા, આખર વખત ચલે નહિ સાથા;
સંત સેવી ભજ નીરગુણુ નાથા, છોડી દેહાભિમાના અભિમાના—કરો.
મનુષ્યે દેહ સફળ તેં પાઇ, કરીલે સાહેબસે ઓળખાઈ;
તુળસી માળ કંઠ ધરભાઇ જખ મારે જમરાના જમરાના—કરો.
બાંધે સુરતા તાલી લાગે, આવા ગમનકા ભે સબ ભાગે;

અવિનાશી ચૈતન બ્રહ્મ જાગે નિરંજન નિરવાના, નિરવાના—કરો.
સહેજ સમાધિ સહેજ સ્વરૂપા
સકળ નિરંજન અખંડ અનુપા
કહે રવિદાસ ત્યાં છાંય ન ધુપા
મેરા ગુરૂ ભાના, ગુરૂ ભાના—કરો,

(૫૧)

સતગુરૂ સાથે રે બાઈ મારે પ્રીતડીરે,
સમજાવી સાન પુર્ણ બ્રહ્મ ભેદ—ટેક.
કારજને કારણેરે બાઈ મારે સમ થયું રે,
કરમ ભરમનો કર્યો ઉચ્છેદ—સતગુરૂ.
તનમન સોંપ્યું રે સદગુરૂ ચરણમાંરે,
પ્રેમે પીયુજીને કીધા હાથ;
બાહ્ય ભીંતરરે રસીકવર રમી રહ્યારે,
નજર આગળથીરે નવ જાય નાથ—સતગુરૂ.
અજાણ હતી તે અનંત આવરણ માંરે,
સતગુરૂએ પડલ કીધા દુર;
અહોનીશ ઝીલું રે પ્રેમ આનંદમાંરે,
જ્યાં જોઉત્યાં હરી ભરપુર—સતગુરૂ.
આવું ભુલીરે વસ્તુ વીદેહીમાંરે,
પ્રગટીરે પુરણ બ્રહ્મ જે શાખ;
શુદ્ધ વીચારતાંરે જેનું તે રહ્યુંરે,
અણ છતાં રવીદાસ નીરંતર ગાય—સતગુરૂ

(૫૨)

પ્રણામ ગુરૂદેવજી કો વારંવાર—ટેક.
ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ મહેશ્વર,
ગુરૂ પરિબ્રહ્મ અપાર—પ્રણામ.
એકહી પરબ્રહ્મ રૂપ ચતુરધર, લીલા કહત વિહાર—પ્રણામ
બ્રહ્મારૂપ હો વેદ પ્રગટકર, રચે સકલ સંસાર—પ્રણામ
વિષ્ણુ રૂપ હો વિશ્વકો પાલત, ધર્મ હેત લે અવતાર—પ્રણામ
રૂદ્ર રૂપધર દુષ્ટ રૂલાવતા પ્રલય કરે સંહાર—પ્રણામ
અચલ રામ મુમુક્ષુઓ કે તારણ, ગુરૂ મૂર્તિ લે ધાર—પ્રણામ

(૫૩)

મનરે સતગુરૂ કર મેરાભાઇ,
ગુરૂ બિન કોઇ સંગી નહી તેરો,
અન્ત સમે કે માંહી—મનરે.
જબ મહા કષ્ટ પડેગાંતરે, કોઇ નહિ આગે આઇ,
માતપિતા પ્રીયા સુત બન્ધુ. સબહી મુખડા છીપાઇ—મનરે
ધન દૌલત અરૂ મહેલ માળીયા, સબ ધરીયો રહે જાઇ.
યમ કે દુત પકડ લે જાવે, જુતે ખાતા જાઇ—મનરે
રાજ તેજકી ધરી રહ હીમાયતી, દેવારી ચાલે નાઇ
ગુરૂકો દેખે દૂર ખડાહો, ભાગજાય યમરાઇ—મનરે
સતગુરૂ મીલે તો બંધ છુડાવે,
ફીર નીર્ભય કરે તાંઇ,
અચલરામ તજ સકળ આશરા.
ચરણ શરણ સુખપાઇ—મનરે

(૫૪)

ઇતના તો કરના ગુરૂજી, દર્શન જલ્દી દેના,
ભ્રમ જાલમેં ફસે હૈ, પ્રભુવેગ શુદ્ધ લે ના—ટેક
તુમરે દર્શન હયપાવન, સબ પાપકો નશાવન,
દિલસે હમારે ભાવન-દર્શન જલ્દી,
તુમરે બચન સુહાને, બ્રહ્મરૂપકો લખાને,
ત્રિયતાપકો બુઝાને,—દર્શન જલ્દી.
તુમરે ચરણુકો પરસે. દુઃખ ભૂલ જાય જડસે;
આત્મ હમારા દરશે—દર્શન જલ્દી દેના,
સુમિરન તુમ્હારા નીકા, સર્વ ધ્યાનકા હૈ ટીકા.
સબ જગત લાગે પ્રીકા—દર્શન જલ્દી.
સતગુરૂકે ગુણ ગાવે, ભવ સિંધુવોન આવે,
અચળરામ મોક્ષ પાવે—દર્શન જલ્દી.

❋

(૫૫)

ઐસા મેરા સતગુરૂ દીન દયાલા,
જીને પ્રીતી પુર્વકીપાળા; ટેક
યહ સંસાર ભ્રમ જલ ભારી, લખ ચોરાસી નાલા,
વહ્યો જાત ગોથા ખાતો, મહા દુઃખી બેહાલા,—ઐસા
કામક્રોધ મગરમચ્છ પકડે. સુનીયો અરજી કૃપાલા,
મેરી તો કરની કછુ નાહી, તેરા બીરદ સંભાલા—ઐસા
અપને ભકતકી લજ્જા રાખી, સાય કરી તતકાલા.
જ્ઞાન ભુજાકર કાઢયો મુઝકો, પકડ કીનારે ડાલા—ઐસા.
ગુરૂ સુખરાય કૃપાકે સીંધુ ગોઇન્દ્રી ગોપાલા,
અચળરામકો ડુબત કાઢયો ભૂપાલા ભૂપાલા—ઐસા.

(૫૬)

ઐસે ગુરૂ દુર્લભ જગમાંય, યથાર્થ જ્ઞાન સુનાને વાલે
જ્ઞાન સુનાને વાલે ગોવીંદ દીખાનેવાલે—ઐસે
શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરૂ સોઇ રહે તે સદા નીરભોઇ
જીનકે પક્ષ પાત નહિ કોઇ સત્યાસત્ય દીખાનેવાલે,—ઐસે
સોહિ સમ દ્રષ્ટી કૃપાલ કરે એક પલકમે ન્યાલ
જીન કે વાકય બડે રસાલ, હ્રુદયકા તીમીર નસાનેવાલે—ઐસે
સોહિ જ્ઞાન મુક્તિ કે દાતા, રખતે એક ભક્તિકા નાતા,
જો કોઇ શરણે ઉનકે આતા, જીસકો પાર લગાનેવાલે—ઐસે.
સોગુરૂ સુરનર મુની શીરતાજ, યોગી જનો મે યોગીરાજ,
અચળરામ સારે વોહી સબ કાજ
આવાગમન મીટાનેવાલે—ઐસે.

❀

(૫૭)

ગુરૂ ઇશ્વર એક સમજકે ચરણોમેં ચીત લગાના
વિધિવત્ પ્રણામ કરકે, ગુરૂ ભક્તિકો બઢાના—ટેક.
ઇશ્વર સમાન ભક્તિ, ગુરૂદેવકી દૃઢાના,
ગુરૂ ભક્તિ બિના ન હોવે વિદ્વાનકોભી જ્ઞાના—ગુરૂ.
સર્વસ્વ સમર્પણ કરકે, અભિમાનકો મીટાના;
તન મન ધન સારા, ગુરૂદેવકો હી જાના—ગુરૂ.
ગુરૂદેવ શિરકો માંગે, તબભીનહિ ઘબરાના;
હાથોંસે કાટ કરકે; ગુરૂદેવકો દે દેના—ગુરૂ.
બ્રહ્મનિષ્ટ શ્રોત્રિય ગુરૂ જો ઉસકે શરણમે જાના
અચળરામ ભક્તિ કરકે, નીજ સ્વરૂપ કોહી પાના—ગુરૂ

(૫૮)

ઇતના તો કરના ગુરૂજી, સતસંગ મુજકો દીજે,
યહી હમારી વીન્તી, દયાળ કીરપા કીજે—ટેક.
ન માંગુ પુત્ર જનકો, ન માંગુ વિદ્યા ધનકો;
ન માંગુ મેં રીજકકો—સતસંગ.
ન ઇચ્છા મુજે રાજાકી, ન ઇચ્છા કીસી પ્રજાકી;
ન ખ્વાઇશ મુઝે દુનીયાંકી—સતસંગ.
ન ચહાતા રાજ સ્વર્ગકા, ન ચહાતા હિરણ્ય ગર્ભકા
ન ચહાતા મેં પૃથ્વીકા—સતસંગ.
ન ચહાતા મેં મુકિતકો, ન ચહાતા મે શકિતકો,
અચળરામ ચાહે ભક્તિકો—સતસંગ.

(૫૯)

મનરે એસા સદગુરૂ જોઇ,
સ્વારથ લેશ વેષ નહિ ધારે, બ્રહ્મનીષ્ટ નીરમોઇ—મનરે
મોટી જેલ પડયો ચોરાશી, બડા કષ્ટ દુઃખ હોઇ,
મોહકી બેડી પડી પગમાંહી નીકળ શકે નહિ કોઇ—મનરે.
ઇસ કૈદીકી કેદ છુડાવે, સતગુરૂ કહીએ સોઇ,
સો ગુરૂ હય ઇશ્વરકા ઇશ્વર કાટ કરે નીરમોઇ—મનરે,
ફીર ચોરાશી જાને નહિ દેવે, શુદ્ધ કરે મલ ધોઇ,
મલીન વાસના સારી ગમાવે, વિષય ઇચ્છા દે ખોઇ—મનરે.
વિષય ઇચ્છાસે પડત કૈદમે,
લક્ષ ચૌરાસી ઢોઇ;
અચળરામ વિષય ઇચ્છા ભાગી,
જાસે ભવા નીરમોઇ—મનરે

(૬૦)

મનરે સો ગુરૂ પરમ ઉદારા,
જીસકી મહીમા કહી ન જાવે,
સહસ્ત્ર મુખોસે ન્યારા—મનરે
અલખ નિરંજન ગુરૂ અવિનાશી, સબકા સરજનહારા;
નિર્ગુણસે સગુણ હો પ્રકટે, જાનો નિત અવતારા—મનરે.
પરમારથકો જગમે આયા, ઇન્દ્ર જયું ઉપકારા;
જ્ઞાન ઘટાલે અનહદ ગરજે, વાણી અમૃતધારા—મનરે.
મહાવાકય રૂપી જલ વર્ષાવે, શ્રવણ કીયે ભવપારા,
ઉત્તમ મધ્યમ કનિષ્ટ ઉપર, વર્ષા કરે એક સારા—મનરે.
ગુરૂ સુખરામ સમરૂપ સદાઇ, વર્ષાયા જ્ઞાન અપારા,
અચળરામ અનુભવ સરભરીયાપીવો મુમુક્ષુ સારા-મનરે.

(૬૧)

સમરણ સદગુરૂકો કભી મતભૂલ--ટેક.
સદા ધ્યાન ગુરૂ મુર્તિકો કીજે,
સર્વ ધ્યાનકો મૂળ—સમરણ,
નિત્ય પૂજ ગુરૂ ચરણ કમલકો, મિટે તાપત્રય શૂલ—સમરણ
મૂલ મંત્ર ગુરૂ વચન સમજ કર, નીશ દીન કરો કબુલ—સમરણ
ગુરૂ કૃપા સોઇ મોક્ષકા કારણ, યહી સનાતન રૂલ—સમરણ
ગુરૂ ભક્તિ બીન કર્મ સબ નીષ્ફળ, નાશ હોય સમૂલ—સમરણ
અચળરામ જો ગુરૂ નહી માને, ઉનકે શીરપર ધુલ—સમરણ

(૬૨)

સતગુરૂ આયે તારણકે તાંઇ,
વેદ પુરાણ શ્રીમુખ ગાઇ—સદગુરૂ.
ભવસાગર ભ્રમ જળ ભરીયા, બીનજલ ખલક ડુબાઇ,
કામી ક્રોધી લોભી મનુષ્ય, અધવચ ગોતાખાઇ—સદગુરૂ.
સદગુરૂ અમર દેશકે વાસી, મૃત્યુ લોકમે આઇ,
જીજ્ઞાસુઓકુ તારણ કારણ. જ્ઞાન જહાજ લે આઇ— સદગુરૂ.
સતસંગ જહાજ ગુરૂ ખેવૈયા, બેઠો પ્રેમ લગાઇ,
ભવસાગરકે પાર ઉતારે, અમર દેશકે માંઇ—સદગુરૂ.
જ્ઞાન દેકર સંશય મિટાવે, જગસે મોહ છુડાઇ,
જીવન મુક્ત કરે એક પલમે, ભવકા ભ્રમ મીટાઇ—સદગુરૂ
ગુરૂ સુખરામ ભવતારણ કારણ. પ્રકટ હુવે જગમાંહી,
અચળરામ ગુરૂ અધમ ઉધારણ, ઇસમે જુઠ કછુનાહિ—સદગુરૂ

❋

(૬૩)

સદગુરૂ સ્વામીને વીનવું,
નમીનમી લાગું પાયજી,
દાન દીધારે ભક્તિ જ્ઞાનના,
કોટી કરમ મીટાયજી—સદગુરૂ.
જન્મ મરણનું તો ભય ગયું,
મટી જમડાની ત્રાસજી,
લખરે ચોરાસી ખાતું વીંટાયુ,
જાણી પોતાનો દાસજી—સદગુરૂ.

સદગુરૂ સમદાતા નહિ જોજો મનમાં વિચારીજી,
સગારે સંબંધી વ્હેની બંધવા,
સર્વે સ્વપ્ના સમાનજી—સદગુરૂ.
અવગુણ મારા અનેક છે નવ જોયા નીરધારજી.
બીરદ પોતાનું સંભારીને મગ્નીદાસ કહે બલીહારજી—સદગુરૂ.

❋

(૬૪)

મારીરે કટારી સંતો પ્રેમની, લાગી કલેજાની માંયજી,
અંગો અંગ માંહે વેદના નિસદિન ખટકે તન માંહેજી—મારી
સદગુરૂ સાચારે સરતાંથી તાંકી માર્યા જેણે બાણજી (૨)
ઘાયેલ કીધા તનમન જ્ઞાનસુ (૨) એ સુખ જાણુસે કોઇ જાણજી—મારી
વ્રેહ અગ્નિરે જેના અંગમાં તાપ્યા તેનારે તનજી (૨)
સુખ ના ગમેરે આ સંસારનું (૨) સદગુરૂ સાથે બાંધ્યા મનજી—મારી
પ્રીત છેરે જેને પ્રાણથી ગુરૂવીના ઘડી ન રહેવાયજી (૨)
જળની વિછુટી જેમ માછલી (૨) તલખી તલખી મરીજાયજી—મારી
પ્રીત જોજોરે બપૈયા તણી જેની ન ટળે ટેકજી (૨)
પૃથ્વિ પડયારે જલને નહી નમે (૨) અધર બુંદ પીએ એકજી—મારી
પ્રીત હસેરે જેને પૂર્વની મળસે ગુરૂ તેને જ્ઞાનીજી (૨)
મગ્નિદાસ કહે સદગુરૂ સંતને (૨) વારંવાર કુરબાનજી—મારી

❋

(૬૫)

સદગુરૂ સ્હાય કરો એક વારરે,
મારો છે મુરખનો અવતાર રે—સદગુરૂ
પથ્થર કરતાં કઠણ હૈયું છે મારૂં રે,

તેમાં હરી નામ ન ભેદે તમારૂં રે—સદગુરૂ
મારા તો મનની વાતો છે વાંકીરે,
સદગુરૂએ પથ્થર નાંખ્યાં ટાંકીરે—સદગુરૂ
આતમ જ્ઞાન વિના ઘર સુનુરે,
સગપણ શોધીને કહાડજો જુનુરે—સદગુરૂ
જીવ તું તો જાગીને જોને વીચારી રે,
મુઆ પછી મુક્તિ તે કયાં થકી માગીરે—સદગુરૂ
એવી છે દાસ હરીની વાણીરે,
તેને તમે રાખજો રૂદીયામાં જાણીરે—સદગુરૂ

❋

(૬૬)

અબ મોયે ઘટમે પ્રગટી ગંગા,
જબમોયે સદગુરૂ મળીયા ચંગા; (૨)
ભુતળ ભેદ ભભક ભક નીકશી,
તાપ પાપ નહિ તંગારે; (૨)
લહેરમહેર સતસંગત દ્રઢમે (૨)
ઘેરી જ્ઞાન સુરંગા—અબમોયે
તાળીચ કમળ અમલ મુખવાણી,
શીતળ બાસ સુગંધારે; (૨)
ભ્રમર અમર મન, કરત કીલોલા, (૨)
સર-સતી પ્રેમ ઉમંગા—અબમોયે
નવદળ ઝળકલ સકળ અકળ કળ;
પાવત કોઇ ઉતંગારે (૨)
બાહેર મત દેખો, હે દલ ભીતર (૨)

જો હોવે ચીત ચંગા—અબમોયે.
પાવન પીંડ કરે એક પલમે, રોમરોમ હરિ રંગારે (૨)
હરહર કર હરિદાસ ઝીલીએ, (૨)
મીલકર સંત પ્રસંગા—અબમોયે,

❋

(૬૭)

ઉઠો ખડા કોઈ ચેતોને પ્યારા, સાન સમજો સદગુરૂ કેરી;
જેમ દીપકપર પવન ઝપેટે, કાળ ખડોરે તેરો શિરવેરી—ઉઠો
છોટી ઉમરમે બડા મનસુબા, જ્યું ઉઠત સાયર લ્હેરી (૨)
ધિક્ધિક ઉમર ખોઈ અકારજ, કાળ લેશે તેરો તનહેરી—ઉઠો
બાલપણામાં હસી ખેલ ગમાયો, જોબન જુવતી તનહેરી (૨)
વૃધ્ધ ભયો અંગ આળસ આયો, ભ્રષ્ટ ભઈ બુદ્ધી તેરી—ઉઠો
આજકાલ કરતાં આવ્યો તારો વાયદો, કાળ લેશે તેરો તનઘેરી (૨)
એક પલકમે પકડ પછાડે, કયાં રહેગો તેરો જીવ ઠેરી—ઉઠો,
સદગુરૂજી ઉપદેશ બતાવે, માનો શીખામણ અબમેરી (૨)
હરિદાસ કહે રામરટન કરો, તીન લોકમે નહી વેરી—ઉઠો,

❋

(૬૮)

બાટલો સંદેશો મારા સદગુરૂને કહેજો,
સેવકના અંતરની દીલ ધરશો—સંદેશો મારા સદગુરૂને કહેજો
શાંતી દાતા છો સચ્ચીદાનંદ સ્વામી,
મનના મનોરથ પૂરણ કરશો—સંદેશો
મનડું ભયંકર ત્રણે તાપે તપે છે શાંતી ગંગામાં કયારે ન્હાશે—સંદેશો
અમૃતપર બેસી ઘડીમાં વિષ ઉપર જાય છે,

સ્થીરતામાં વાસો ક્યારે થાશે—સંદેશો
કોઇક સંસ્કારે શરણું મળિયું છે આપનું
કૃપા કરીને દોષ કાપો—સંદેશો.
અજ્ઞાની જીવ જરીયે જ્ઞાન ન જાણે
અખંડાનંદ આશીષ આપો—સંદેશો.
ક્યારે વૈરાગ થાશે નક્કી જે નીર્મળો,
દયા કરીને ઉત્તર દેજો—સંદેશો.
જે જે પ્રકારે પ્રભુ પ્રસન્ન થાઓછો,
તે તે કહેવાનું સર્વે કહેજો—સંદેશો.
પાછા નવ પડીયે છેલ્લી ટુકે જૈ અડીયે,
જબરી હિંમત એવી જોઇએ—સંદેશો.
કહે હરિદાસ હરિ કૃપાથી,
પરબ્રહ્મ સાથે ચિત્ત પ્રોઇયે—સંદેશો.

❀

(૬૯)

જ્ઞાનમાં ગુરૂ દયાથી ગળે, ભજનમાં તેની સુરતા ભળે—ટેક.
આમ કથાના ઘાટ ઉઠે પણ, વિચારી પાછા વળે,
પરધન ને પરનાર પેખતાં, ચિત્ત જરા નવ ચળે—ભજન.
હરતાં ફરતાં હરેક કાળે, રામનામ ધન રળે,
કાયાનું ગુજરાન કરે પણ, તનની મમતા ટળે—ભજન.
સંતતણી સુખદાઇ શીખામણ, સુરત ધરી સાંભળે,
આતમરૂપ તણો નિત આનંદ, અંતરમાં ઉછળે—ભજન.
હરિજન થઇ હેતે હરિજનને, માન મુકીને મળે,
અંતરમાંથી ટળે અકકડતા, લાવણ્યતાથી લળે—ભજન.

લીલા સૂકા સકળ લાકડાં, પાવકથી પર જળે,
પ્રભુ પ્રતાપે પાપ કરમના, બીજ બધા એમ બળે—ભજન,
ખેતીવાડી ખલક કરે પણ, ખબર પડે છે ખળે,
ઉંઘમાંથી ફળ આવ્યાનું, કારણ કર્મી કળે—ભજન.
ગોવિંદ ગુણ કેરી ઘંટીમાં દોષ ભીતરના દળે,
રૂષીરાજ રૂષીયો કૃત રૂઢી, પ્રેમ થકી જો પળે—ભજન.

❋

(૭૦)

ભજન કર સતગુરૂને શરણેરે, ભજન કર—ટેક.
સતગુરૂની સર્વોપરી સમજણ,
ભારત વેદ પુરાણ ભણેરે, ભજન કર—ભજન.
સતગુરૂના પરતાપે સહેજમાં,
બોબડો પંડીતરાજ બનેરે, ભજન કર—ભજન.
સતગુરૂનો ઘડિ એક સમાગમ,
કોટી જનમનાં પાપ હણેરે, ભજન કર—ભજન.
સતગુરૂ દરશનથી પરસન છે,
ત્રિભુવન નાયક દેવ ત્રણેરે, ભજન કર—ભજન.
ગુરૂ ગોવિંદ વચ્ચે નહિ અંતર,
જ્ઞાન ગઢી ઘડિમાંહી ચણેરે, ભજન કર—ભજન
સતગુરૂનું શરણું દાતરડું,
લાખ જનમનું પાપ લણેરે, ભજન કર—ભજન.
બલીહારી રૂષિરાજ ગુરૂપર,
ગુરૂને ગોવીંદ તુલ્ય ગણેરે, ભજન કર—ભજન.

❋

(૭૧)

મ્હને ગાવું ગમ્યું ગુરૂ નામને જો !
ગુરૂ મ્હારા ગગનનો આકાર—મ્હને.
નથી નાત, જાત, રૂપ ગુરૂજી વિષેજો !
તોયે રૂપ અને ગુણ શા અપાર—મ્હને.
વેદ ચારે ભણ્યો હું ગુરૂ વેણુમાં જો !
ભર્યો નેણુમાં ચૌદમોજ કાણ્ડ—મ્હને.
સ્હેજ ગાવું **જય સચ્ચિદાનંદને** જો !
બીજી માયા બધીયે માંડમાંડ—મ્હને.
રમે સાગર સદાય સૂરસંગમાં જો !
જેનું અગમ પુરી ગુરૂદ્વાર—મ્હને.

❃

(૭૨)

મહારાજ મ્હારૂં જીવન જહાઝ આપ તારનાર છો,
ગુરૂ દયાળ સુર કૃપાલ જીવ્યું જીતાડનાર છો—મહારાજ.
મુગ્ધ હૃદય પ્રણય દગ્ધ મુજ ઉગારનાર છો,
ભ્રમિત માર્ગ ત્રટિત નાવ, પણ બચાવનાર છો—ગુરૂ દયાળ.
રૂદિત ઉર નવીન નુર આપ આપનાર છો,
પ્રીતી પુષ્ટી શાન્તી તુષ્ટી આપ સ્થાપનાર છો—મહારાજ.
હૃદય નમન નેત્ર દ્રવણ નયન આંજનાર છો,
પ્રણય ધર્મ પરમ ગૂઢ, મર્મ ભાખનાર છો—ગુરૂ દયાળ.
હૃદય વૈદ્ય આત્મ વૈદ્ય પ્રેમ શાસ્ત્રકાર છો,
માટીમાંથી માનવી નવીન બનાવનાર છો—મહારાજ.
બિન જરૂરી શિષ્ય વિધિ હૃદય સમજનાર છો.

બાપજી ગુરૂજી આપ જીવન બક્ષનાર છો—ગુરૂ દયાળ.
અનન્ય ભક્તિ એકની ઉરે અપાવનાર છો,
પ્રેમ બ્રહ્મજ્યોતિ હૃદયમાં જગાવનાર છો—મહારાજ.
લાજ રાખી ખાકી જીગર, હજીય રાખનાર છો,
હજી ગુરૂજી વસ્ત્ર નવું શું સજાવનાર છો—ગુરૂ દયાળ.
મને એક છે ભરોસો, ગુરૂજી શ્રેયકાર છો,
વાસ સાગરે હમેશ પ્રેમ જ્યોતિકાર છો—મહારાજ.

❋

(૭૩)

અંગ સોરંગી હો મ્હારૂં,
ગુરૂજી ૐ અંગ સોરંગી હો મ્હારૂં.
વાણીને ઘ્રાણને નેત્રોને શ્રોત્રો,
બ્રાહ્મી બળે અજવાળું—ગુરૂજી.
ઇન્દ્રીઓ તૃપ્ત અકામી હજો: ૐ,
અન્ય વિચાર ન ધારૂં—ગુરૂજી.
ના તજું શબ્દ—તજું નહી બ્રહ્મન,
બ્રહ્મ સનમ ધર પ્યારૂં—ગુરૂજી.
તજવું તજાવું નહીં સચ્ચિદાત્મન્ !
શાન્તિ વેદાન્તી વિચારૂં—ગુરૂજી.
આતમ સાગર બસ રસબસહો !
ધર્મ અભેદી ઉચ્ચારૂં—ગુરૂજી.

❋

(૭૪)

અલખ ગુરૂધામ અહો જાદૂવાળું રે !
જળ, થળ, નભ, પવને નિહાળું !
અલખ ગુરૂ ધામ અહો જાદુવાળું રે,
દશે દિશ સભર સુખ સિન્ધુરે.
હરિરૂપ વિરાટ લસન્તુ રે,
બીજું છેજ નહિ કોને નિન્દુ—અલખ.
ફુલી ફાલી દિસે બ્રહ્મવાડીરે, વનમાળી તો આંખ અગાડીરે !
મ્હારે ગુરૂજીએ દ્દષ્ટિ ઉઘાડી—અલખ.
નથી આવવું કે નથી જાવું રે, નથી ત્યાગવૂ વા ન તજાવૂં રે !
અજી ! પોતે પોતામાં સમાવૂં—અલખ.
ગુણ, રૂપને નામથી ન્યારા રે !
તોયે ગુણ, રૂપનામ અપારા રે !
બ્રહ્મ સાગર હરિ ૐ કારા—અલખ.

❀

(૭૫)

શ્રી ગુરૂ વિના ભવજલ કેમ તરાય—શ્રીગુરૂ.
અનલ વિનાની પાકની સીદ્ધિ,
કહો શી રીતે થાય—શ્રીગુરૂ.
સૂરજ વિના જેમ જગ અંધારૂ,
દૂર કદી ના થાય—શ્રીગુરૂ.
ગુરૂ વિના તેમ અજ્ઞ જનોને,
જ્ઞાન કદિ ના થાય—શ્રીગુરૂ.
મહા સાગરમાં ડુબતા જનને,
નાવિક તારણહાર—શ્રીગુરૂ.
તેમ ભૂમા આ ભવ સાગરમાં.
શ્રીગુરૂ તારણહાર—શ્રીગુરૂ.

(૭૬)

ગુરૂ નામની ધુન લાગી,
મારા મનની ભ્રમણા ભાગીરે—ગુરૂ.
મન વિષયમાં રાગી બનેલું,
થયું હવે તે વિરાગી,
ગુરૂ એજ લગની લાગી,
આ ભોગ સકળને ત્યાગીરે—ગુરૂ.
ત્રિવિધ તાપે તપી રહેલો,
હોઈ દેહ અભિમાની,
કરી શાંતી ગુરૂજી જ્ઞાની.
કૃપા ભૂમાપર આણીરે—ગુરૂ.

❋

(૭૭)

દેખ્યા હોય તો કહી બતલાવો,
ક્યાં છે ગુપ્તી ગંગા ?—ભાઈ ક્યાં છે—હોજી ટેક.
ધુડ ગુરૂને છીપાચેલા,
નહિ દિવસ પગ દંડા—ભાઈ, નહિ દિવસ—હોજી.
આગમ ભાખે કાંઈ નવ સુઝે (૨)
આપ વખાણે અંધા—ભાઇ, આપ વખાણે—ભાઇ ક્યાં છે
સદગુરૂ મળીયા ને સંશય ટળીઆ,
ને મીટ ગયા સર્વે ફંદા—ભાઇ મીટ ગયા સર્વે—હોજી.
મોતી નીરખ્યા પિયુકું પરખ્યા (૨)
જબી ભયા આનંદા—ભાઇ જબી ભયા—ભાઈ ક્યાં છે.
એક નુરીજન મોતી નીરખ્યા,
વચન ગુરૂકા વંધા—ભાઈ વચન ગુરૂકા વંધા—હોજી.
દાસ અરજણ જીવણકે ચરણે (૨)
ધ્યાની પુરૂષકા ધંધા—ભાઈ, ધ્યાની—ભાઈ ક્યાં છે.

(૭૮)

ગુરૂ મારે નજરે મોતી આયા હોજી (૨)
મેં તો ભેદ ભરમકા પાયા—ગુરૂ
દોઉ વચનકા જાપ અજપા, ત્રિકુટી તકીયા ઠેરાયા ભાઇ ત્રીકુટી-હોજી.
ચઢી સુરતા સમાગમ કીધો ત્યારે (૨)
સુખમય સેજ બીછાયા ભાઇ સુખમય—ગુરૂ.
મોતી મણિમે મણિ મોતીમે,
જ્યોતમે જ્યોત મીલાયા, ભાઈ જ્યોતમે જ્યોત મીલાયા હોજી.
એસા હય કોઇ ખેલ અગમકા (૨)
દિલ ખોજે દરશાયા ભાઇ દિલખોજે—ગુરૂ.
અધર તખતથી મોતી ઉતર્યાં
શુન્ય ઘર આય ઠરાયા ભાઇ શુન્ય ઘર આય ઠરાયા—હોજી.
વાકા ભેદ કોઇ વીરલા જાણે (૨)
ગુરૂ ગમસે બતલાયા ભાઇ ગુરૂ ગમસે—હોજી.
ઉંચનીચ અંતર નહી ઉનકું,
હરખ નીરખ ગુણ ગાયા ભાઇ હરખ નીરખ ગુણ ગાયા—હોજી.
દાસ અરજણ જીવનકે ચરણે (૨)
નિરાધાર દરશાયા ભાઈ નિરાધાર—ગુરૂ.

❋

(૭૯)

ગુરૂ મારે અગમ તિરથપર જાના હોજી—ટેક.
સત્ય નામ ચડવેકી સીડી (૨)
નહીં પોથી નહીં પાના ભાઇ નહી પોથી—ગુરૂ.
નેન કમલમેં નીરખીલ્યોને,
સુરત નુરત નીશાના, ભાઈ સુરત નુરત નીશાના—હોજી.

આ ઘટમાં ઘડીયાળા વાગે (૨)
જુવો પુરૂષઆ કયાંના ? ભાઇ જુવો પુરૂષ—ગુરૂ.
મન મારા નહીં માલા ફેરે,
નહીં ધૂપ નહી ધ્યાના, ભાઇ નહી ધૂપ નહી ધ્યાના—હોજી.
એસા હય કોઇ ખેલ અગમકા (૨)
ભટકીને ભરમાણા, ભાઇ ભટકીને—ગુરૂ.
સાવ સફેદી વસ્તર પેહેરે,
એસા ઉનકા વાના, ભાઇ એસા ઉનકા વાના—હોજી.
દાસ અરજણ જીવનકે શરણે (૨)
જોગી પુરૂષ છે ત્યાંના, ભાઇ જોગીપુરૂષ છે ત્યાંના—ગુરૂ.

❁

(૮૦)

ગુરૂ મળ્યા ગરવારે, ગોવીંદપદ દેખાડયું;
ન ગોવિંદ રૂપ બીજે રે, પિંડમાંહી પેખાડયું—ટેક
નિગમ આગમમાં એજ પ્રભુ છે, સચરાચર એ દેવ,
હર હરિ બ્રહ્મા એજ ભણાયે, જન કરે જેની સેવ
તેની ઝાંખી કરવી રે, લક્ષણ એ દેખાડયું—ગુરૂ
મોટાં મોટાં મંદિરમાં બેઠા, તે પેઠા મારા પિંડમાંય;
કનક રત્ન જડિત સિંહાસન, છત્રની થાતી છાંય,
માંય તે દાખ્યારે અન્ય ઉવેખાડયું—ગુરૂ
કાશી ગયાને ગોદાવરી, જગન્નાથજીને ડાકોર;
ગુરૂએ કહ્યું તારા અંતરમાં સહુ; ત્રિભુવનનો ઠાકોર,
સોર તજાય બીજોરે, પૂર્ણ રૂપ પેખાડયું—ગુરૂ
જે જે બ્રહ્માંડમાંહી ભર્યું છે, તે તે તારા પિંડમાંહી,
એવું કે'તામાં અવનવું ભાસ્યું, ત્યારે ભેટયો જઇ ત્યાંહી,
કર્યો ધીરો હીરો રે, દિદાર સહુ દેખાડયું—ગુરૂ

(૮૧)

રીઝે જ્યારે રાજારે, ત્યારે તો આપે પદવી સારી.
દ્રવ્ય ભંડાર ભરાવેરે, રાખે ઉંચી અટારી—ટેક.
ઠામને ગામ આપે કંઈ સારા, વાહાવાહ થાય વારંવાર,
એ કરતાં કો જમીનદાર રીઝે, તો આપે ભૂમિ અખુટ ભંડાર.
પણ એ સહુ ખુટેરે, ધ્યાનવડે જુઓ ધારી—રીઝે,
શ્રીમંત રીઝે કે અમીર રીઝે કોઈ, તો બેસાડે હય વાહન,
એમાનું ગુરૂ જી કાંઈ ન આપે, ગુરૂ આપે મોક્ષપદ પાવન.
બલિહારી તેનીરે, ક્યારે આવે એ વારી—રીઝે.
જોગી મુની કે સંન્યાસી રીઝે કોઈ, ત્યારે તે આપે સુત કે દાર,
મારા ગુરૂ એ મને રીઝી જે આપ્યું, તેનું ન થાય વર્ણન લગાર,
અણમૂલી વસ્તુ આપીરે, ભાંગી ભાવટ ભારી—રીઝે.
આવા ગમનની ફેરી ટાળી મારી, ધન્ય ધન્ય ગરવા ગુરૂદેવ;
તાપ ટાળી આપ સમાન કીધો, મારી ક્ષુદ્રવિચારી સેવ.
સુરત નુરત સાચીરે, ધીરે જોયું સહુ ધારી—રીઝે

❋

(૮૨)

ॐ ગુરો ગજાવીએ ॐ ગુરો સુણાવીએ—ॐ
ॐ ગુરૂના ગાનતાન, ॐ પ્રભુના પ્રેમતાન,
ચિત્તથી નિત્યએ સત્યસ્વરૂપનાં પ્રેમ ગાન ગાઈએ—ॐ
ॐ સ્વરૂપ વિશ્વબ્રહ્મ, ॐ પ્રભુ અરૂપ બ્રહ્મ;
વિશ્વ સ્વરૂપને રૂપઅરૂપને ચિત્ત નિત્ય લાવીએ—ॐ
ॐ ગુરો અનામી નામ વિલસી રહ્યા ઠામ ઠામ,
નામ અનામીને વિશ્વ વિલાસીને આનંદરામ ચાહીએ—ॐ

❋

(૮૩)

ૐ ગુરૂ આત્મન આવોરે, હૃદયે બ્રહ્મરૂપ રહો,
આનંદ ઉભરાવોરે, હૃદયે રૂપ છાઈ રહ્યો—ટેક.

સાખી.

ૐ ગુરૂ અંતર ૐ ગુરૂ બાહેર પામેકો નવ પાર;
અકલિત રૂપ સ્વરૂપએ, ૐ ગુરૂજી ભય હાર,
પ્રેમ પ્રભુ પ્રકટાવોરે, અંતરમાં આનંદ રહ્યો—ૐ.

સાખી.

જ્યાં જ્યાં દ્દષ્ટિ ફરતી ત્યાં ત્યાં ૐ ગુરૂ આવે દૃષ્ટ;
ૐ ગુરૂમાં ચિત્ત વીરમતાં વીસરી જાતો કષ્ટ,
પ્રેમાશ્રુ વરસાવોરે, મનડાં ગુરૂમાં લીન રહો—ૐ.

સાખી.

ગુરૂવર કેરા પ્રેમે ઉછળે, અંતર આ રસભીન;
રસમાં રમતાં હરતાં ફરતાં, ગુરૂમાં ચિત્ત તલ્લીન,
ગુરૂજી રૂપ સમાવોરે, આનંદ ઉભરાઈ રહ્યો—ૐ.

સાખી

ૐ ગુરૂ ૐ ગુરૂ રટતાં રૂપે, ૐ ગુરૂ રૂપ થવાય,
સાગર કેરા મોજાઓ જેમ, સાગરમાંહી સમાય,
હૃદય પુષ્પ વિકસાવોરે પ્રેમે હું છલકાઈ રહ્યો—ૐ.

સાખી

ૐ ગુરૂ ૐ ગુરૂ ૐ ગુરૂ રટતાં હરનિશ આનંદરામ,
મસ્તીમાં મ્હાલે ગુરૂવરમાં, ચિત્ત કરે વિશ્રામ,
ૐ ગુરૂ ૐ ગુરૂ ગાઓરે સર્વે ધુન મચાવી રહો—ૐ.

(૮૪)

સદ્દગુરૂકા દેશ ન્યારા, જાને કોઈ ગુરૂકા પ્યારા;
કહેની તો સબ કહે, રહેનીકા ઘર ન્યારા હે—સત.
લિખતે પઢનેસે ન્યારા; કહેને સુનનેસે ન્યારા,
ગુરૂ બિના જ્ઞાન કહું સપને ન આવા હે—સત.
તનસે મનસે ન્યારા, જુઠીઓર સાચીસે ન્યારા;
શબ્દસે રહિત રામ, મુઠીમે ન આવા હે—સત.
મેરે ઓર તેરીસે ન્યારા, માન અપમાનસે ન્યારા,
રહેની કહેનીસે ન્યારા, દેખત અદેખ હે—સત.
સતગુરૂસે ભેદ પાવા, નામસે અનામ આવા.
કોટ ભાનુ જાકી શોભા, નીરમલકુ દરસાવાહે—સત.

❀

(૮૫)

ગુરૂ ગોવિંદ એક જાના હો—ગુરૂ.
ગુરૂ ગુરૂ જાપ સદા ભજીલો ગોવિંદ દીયો હે બતાય—જાના.
એસે ગુરૂન પર તન મન ધનવારૂ, કીનો જ્ઞાન પ્રકાશ—જાના.
ખુલ ગઈ કેવડીયા મીટી અંધેરીયા હો ગયે દરશદેદાર—જાના.
નિરમલ હોય વહી ઉદેશકી રટણી, પાવે સંત સુજાન—જાના.

❀

(૮૬)

સતગુરૂજીસે ધ્યાન લાગા હો—સત.
ચોરાસીસે તુરત બચાયે,
કરલીયા આપ સમાન—લાગા હો
નીશદીન રટના લાગી રહી હો,

સૂરતા ચઢી કમાન—લાગા હો
પીલે પ્યાલા ભયા મતવાલા,
પાયાપદ નિર્વાણુ—લાગા હો
નિરમલદાસ આશ સતગુરૂનકી,
મિટ ગયે સકલ વીકાર—લાગા હો

❋

(૮૭)

ગુરૂકા સંગ લાગા સબ ત્યાગા હો—ગુરૂકા
આઠ માસ નવ ઉદરમે ઝુલે,
બિસર ગયે હરીનામ,—ત્યાગાહો
એ સતગુરૂકો તન મન ધન વારૂં,
ભવસાગર કીયો પાર,—ત્યાગા હો
જબ સદગુરૂ સતનામ બતાયા,
છૂટી મનકી આશ—ત્યાગા હો
નિરમલદાસ આશ સદગુરૂનકી,
પલમે કીયો નિહાળ—ત્યાગા હો

❋

(૮૮)

ગુરૂ કે સંગ મેલારે કરો મન મેરા—ગુરૂ
કોલ કરે જબ આયે જગતમે,
અહીંયા માયા કે સંગ ખેલા રે;—કરો
ભાઇબંધ ઓર કુટુંબ કબીલા,
સંગ ન આવે કોઇ તેરારે—કરો

તન મન પકડ ગુરૂ કે સંગ લ્યાવો
આવા ગમન કા મિટે ફેરારે—કરો.
નિરમલદાસ ગુરૂકે સંગ લાગે,
એક રૂપ હો ગયા તેરારે—કરો

❀

(૮૯)

ગુરૂએ જ્ઞાનામૃત પાયાં, આનંદ ઉરવાધ્યો, ઘણોરે
આંખોમાં અંજન લગાવ્યાં, આનંદ ઉરવાધ્યો ઘણોરે
ગુણવંતા ધન્ય ગુરૂજી હમારા, વહાલેરા વચન સુણાવ્યાં—આનંદ
છેલ છબીલા હરિવર સાથે, લગ્ન હમારા કરાવ્યાં—આનંદ
લગ્ન થયાં ને મહાસુખ પામ્યાં, પ્રેમ સાગરમાં ન્હાયાં—આનંદ
હરિવિના હવે ઘડી નથી ગોઠતું, હરિના રંગમાં રંગાવ્યા—આનંદ
સુખના સાગર શ્રીહરિ મારા, હરિનાં હેતે કેહેવાયાં—આનંદ
હરિપ્રસાદ હરિ વિસર્યા ન વિસરે, લાડીલે લાડ લડાવ્યા—આનંદ

❀

(૯૦)

ગુરૂગણુ નાયક વિઘ્નવિદારક, જય સ્વામી સુખ કારીરે—ટેક
બ્રહ્મસુતા જય ભગવદી માતા, વસો જીહ્વાયે મારીરે—ગુરૂ
પરાપશ્યંતિ મધ્યમા વૈખરી, બ્રહ્મવિદ્યાથી પ્રસારીરે—ગુરૂ
ખગપતિ પશુપતિ દેવદયાળુ, વિધિવર હો જયકારીરે—ગુરૂ
પંચાયતન પંચતત્વથી સેવું, પૂજન કરૂં હર્ષ ધારીરે—ગુરૂ
બ્રહ્માનંદ ભરો મુજ રગરગમાં, ટાળો દુર્વાસના વારીરે—ગુરૂ
દયાનીધિ મમદોષ નિવારો, ભજનની ભરો ખુમારીરે—ગુરૂ
લાભ પામવા મનુષ્ય જન્મનો, વિનવું છું વારંવારીરે—ગુરૂ
હરિપ્રસાદ હરનિશ ગુણુ ગાયે, જ્યોતિ જગાવા પ્યારીરે—ગુરૂ

(૯૧)

સદ્‌ગુરૂ નાયકે પૂર્ણ કૃપા કેલી,
　　નીજ વસ્તુ દાવીલી માઝીમજ—સદ્‌ગુરૂ.
માઝે સુખ મજ દાવીયેલે ડોળાં,
　　દીલી પ્રેમકલા જ્ઞાન મુદ્રા—સદ્‌ગુરૂ.
ત્યા ઉતરાઈ વ્હાવે કવણ્યા ગુણે.
　　જન્મા નાહીં યેણે એસે કેલે—સદ્‌ગુરૂ.
નામા મ્હણે નીકી દાવીયેલી સોય;
　　ન વીસરાવે પાય વીઠોબાચે—સદ્‌ગુરૂ.

❋

(૯૨)

સદ્‌ગુરૂચે પાય જીવેં ન વીસરાવે,
　　મન વલવાવેં વૃત્તિ સહીત—સદ્‌ગુરૂ.
ડોલીયાચે ડાલે ઉઘડલે જેણે (૨)
　　આનંદાચે લેણે લેવવીલે—સદ્‌ગુરૂ.
જન્મ મરણાચે ફેડીલેં સાંકડેં (૨)
　　કૈવલ્યચી પુઢેં દાખવીલે—સદ્‌ગુરૂ.
મોહરલેં તરૂ પુષ્પ ફળ ભારે (૨)
　　તેચી નીર્વીકાર સનકાદીક—સદ્‌ગુરૂ.
નામા મ્હણે સ્વામી ખેચર માઉલી (૨)
　　કૃપેચી સાઉલી કેલી મજ—સદ્‌ગુરૂ.

❋

(૯૩)

ॐकार स्वरूपा सदगुरु समर्था.
अनाथाच्या नाथा तुज नमो—ॐ
गुरुराव स्वामी आता स्वप्रकाश,
ज्यापुढे उदास चंद्र रवी—ॐ.
वेदां पडलें मौन शास्त्रे वेडावली,
वाचाहे नीमाली ते श्रीगुरु—ॐ.
श्री गुरु ज्यासि पाहे कृपा दृष्टी,
तयासी हे सृष्टी पांडुरंग—ॐ.
प्रभुराज माझा स्वामी गुरुराव,
देतो मज भाव शुद्ध भूमी—ॐ.
भूमि शुद्ध करी ज्ञान बीज पेरी,
अद्वैत हे धरी मी तूं नेणे—ॐ.
मज लागी माझी सदगुरु माउली,
कृपा करी साउली वर्णु काय—ॐ.
एका जनार्दनी गुरु परीब्रह्म,
त्याचे पैं नाम सदा मुखी—ॐ.

❋

(૯૪)

ગુરૂ કૃપા અંજન પાયો મેરે ભાઇ,
રામ બીના કછુ જાનત નાહી—ટેક
અંદર રામા બાહીર રામા (૨)
જહાં દેખો વહાં પુરણ કામા—ગુરૂ.
જાગત રામા સોવત રામા (૨)

સ્વપ્નેમેં દેખત રાજાહી રામા—ગુરૂ.
એકા જનાર્દની અનુભવનીકા (૨)
જહાં દેખો વહાં રામ સરીખા—ગુરૂ.

❋

(૯૫)

કૌન હમારો સૈંયાગુરૂ બિન,
તુંહી એક રખવૈય્યા—ગુરૂબિન.
માત કહે મયવારી જાઉં, પિતા કહે સુપુત્ર સજૈયાં;
જોરૂ કહે મેરો સિપાહી સો ફેર બ્હેની કહે મેરો સુંદર ભૈયા—કૌન
પુત્ર કહે બુઢઢો અક્કલ વંત, લડકી લટકત ચાલ ચલૈયા,
નોકર પુકારા શેઠ બડેજી, જબ ઉસ હાથ સફેદ રૂપૈયા—કૌન
અયસી રૂપૈયાકી સબ દુનીયા; પરવર દિગારકો ભુલ ભુલૈયા.
એક ઉપાસની રામ કમલ પદ શરન યમન કે યાર ટલૈયા—કૌન.

❋

(૯૬)

ગુરૂબિન બિગરી કૌન સુધારી, ભક્તિ મારગ હય ભારી- ગુરૂ
સુધનવા તેલમે તલાયો, પાંડવ બનવાસ જાઇ
દ્રૌપદીકો વસ્ત્ર હરાયો, હરિ હરિ મુખ બોલાઈ—ગુરૂ
પત્ની પુત્ર કરવતકો લેકર મયુરધ્વજ શિર ચલાઇ
હરિશ્ચંદ્રહી સચ્ચો ભંગી, રોહીત જલન ન દેઈ—ગુરૂ
રાજ ભગત પ્રહલાદ અગનકો, ખંભસે બાથ લગાઇ
મિત્ર સુદામા સાધુ શિરોમણી, દારિદ્ર, દુઃખ પીડાઇ—ગુરૂ

દામાજી કો કૈદી બનાયો, નરસિંહ ત્રાસ સહાઇ
મીરાંબાઇકુ જહર પીલાયો સર્પ માલા પહેરાઇ—ગુરૂ.
વસિષ્ટ વિશ્વામિત્ર વાલ્મિીકી, દત્તરાજ સાંઇમાઈ,
ઉપાસની ગુરૂ રામ ચરણુ જશ; શેષ સહસ્ત્રમુખ ગાઇ—ગુરૂ.

❋

(૯૭)

ગુરૂનાથ બિના જન્મ બ્રિથા ગુમાયો,
સ્નાન કીયા ઔર પૂજનભી કીયા,
ચિત્તકી શાંતિ ન પાયોરે—ગુરૂનાથ.
તિરથભી દેખા ક્ષેતરભી દેખા,
આંખોકી રોશની લાયોરે—ગુરૂનાથ.
યોગ યાગ જપતપ સબ કીયા,
અંગ કસરત ખેલાયોરે—ગુરૂનાથ.
ઉપાસની પદ પંકજ શરણુ
વોહિ જન્મ કમાયોરે—ગુરૂનાથ.

❋

(૯૮)

મોરલી વાગી મને રામનામ લેહ લાગી;
બંસી વાગી મને રામનામ લેહ લાગી,
સદ્‌ગુરૂ શબ્દ તણી ચોંટ લાગી, માયા મોહ નીદ્રાસું જાગી.
તેથી થઇ છું સરસ સોહાગી;
નહિ જાઉં આઘી-મને રામનામ લેહ લાગી—મોરલી.
મનડું સદ્‌ગુરૂ સાથે મોહ્યું, ચિત્ત વિત્ત નીશ્ચે સુરતા પ્રોયું;
ઉલટું આપ તપાસી જોયું;

ભ્રમણા ભાંગી—મને રામનામ લેહ લાગી—મોરલી
સદ્‌ગુરૂ અખંડ એક અવિનાશી, સર્વાતિત સબ ઘટવાસી;
નહિ જાઉં ગંગા જમુના કાશી;
ભઇ અનુરાગી—મને રામનામ લેહ લાગી—મોરલી.
મળીયા સુરતરામ સદગુરૂજી, જીનકી પરમારથ પર મરજી;
ચરણે આવ્યો ધરમ ગઢ ધરજી;
મળી મોજ માગી—મને રામનામ લેહ લાગી—મોરલી.

❋

(૯૯)

ગુરૂબીન જ્ઞાન નહિ ન કોઉ પાવે,
સપ્ત દ્વીપ નવખંડ તલાતલ,
ચૌદ લોક ફીરી આવે—ગુરૂ.
વેદ પુરાણ ષટદર્શન દેખે,
તાપર અનુભવ નાવે—ગુરૂ.
જપતપ વ્રત અરૂદાન કરે ફીર,
સબ તીરથ ધુમી આવે—ગુરૂ.
મંત્ર જોગ ઔષધ વિધી સાધે,
તઉપર પરમ ન પાવે—ગુરૂ.
નરસીદાસ ગુરૂનાથ ચરણ લીન,
ઇતઉત કહી મતિ ધાવે—ગુરૂ.

❋

(૧૦૦)

સદ્દગુરૂ જ્ઞાનપતિ એમાં સંશય શાનો;
ગુરૂની અગાધ ગતિ સિદ્ધિ સકળનો ખજાનો—સદ્દગુરૂ
ભેદ ભાવના સધ્ય નસાવે વિવેકને ઉરમાંહી વસાવે,
સર્વ વસ્તુમાં બ્રહ્મ બતાવે, જ્ઞાનદિપક ઘટમાં પ્રગટાવે.
વેદ વચન પરમાણે—સદ્દગુરૂ.
વણ સ્વારથ ઉપદેશ કરે છે વેદ વચન મુખથી ઉચરે છે,
પાપી જનના પાપ હરે છે ભવ સાગરથી પાર કરે છે,
જીવન ગુરૂશિશ નામી—સદ્દગુરૂ.

❋

(૧૦૧)

ગુરૂગમ વિનારે, આતમ ચીન્યા વિનારે;
ભ્રમણા ભાંગ્યા વિનારે લખ ચોરાસી નહીં મટે હોજી
કાગડો ને કોયલરે; રૂપે રંગે એક છે હોજી (૨)
એતો એના બોલથકી ઓળખાય—ગુરૂ.
હંસલો ને બગલોરે, રૂપે રંગે એક છે હોજી (૨)
એતો એના ચારાથકી ઓળખાય—ગુરૂ.
નુગરાને સુગરારે રૂપે રંગે એક છે હોજી, (૨)
એતો એની ક્રીયા થકી ઓળખાય—ગુરૂ.
પતિવ્રતા ને વેશ્યારે રૂપે રંગે એક છે હોજી (૨)
એતો એના નેણ થકી ઓળખાય—ગુરૂ.
મચ્છંદરનો ચેલોરે, અવધુત ગોરખ બોલીયા હોજી (૨)
દેજો અમને સંતોના ચરણોમાં વાસ—ગુરૂ.

(૧૦૨)

શ્રીગુરૂ સારીખા અસતાં પાઠી રાખાં,
ઇતરાંચા લેખા કોણ કરી,
રાજ્યાચી કાંતા કાય ભીખ માગે;
મનાચીયા જોગે સીદ્ધી પાવે—શ્રી.
કલ્પતરૂ તલવટી જો કોણી બૈસલા,
કાયવાણી ત્યાલા સાંગી જોજી—શ્રી.
જ્ઞાનદેવ મ્હણે તરલો તરલો,
આતા ઉદ્ધરલો ગુરૂકૃપે—શ્રી.

❋

(૧૦૩)

શ્રી ગુરૂચે ચરણકંજ હૃદયી સ્મરાવે,
નિગમનિખિલ સાધારણ સુલભાહુની સુલભ બહુ;
ઇતિર યોગ યાગ વિષમ પંથી કા શિરાવે—શ્રીગુરૂ.
નરતનુ દઢ નાવેસી બુડવુની અતીમૂઢપણે,
દુષ્ટ નષ્ટ ડુકર સુકર તનુકાં ફીરાવે,
રામદાસ વિનવી તુજ અજુની તરી સમજ ઉમજ,
વિષય વીષ પિયુનીયા કુકટ કાં મરાવે—શ્રીગુરૂ.

❋

(૧૦૪)

હું તો હરજી જોવાને નીસરી,
મારા ગુરૂજીએ દીધો ઉપદેશ વ્હાલાજીને નીરખવા.
મેં તો શીલ સંતોષ કડલાં પહેરીયા,
મારે ઝાંઝર પ્રેમ વૈરાગ્ય—વ્હાલાજીને.

મેં તો મર્મ ભેદીને કાજળ આંજીયા,
 પહેરયાં તુરત સુરતના ચીર—વ્હાલાજીને.
વ્હાલે વનમાં વગાડી રૂડી વાંસળી,
 મુજથી ઘરમાં રહ્યું નવજાય.—વ્હાલાજીને.
મેં તો સાવ સોનાનુ લીધુ બેડલું,
 છોડી ચાલી છું ઘરનું રે કામ.—વ્હાલાજીને.
વ્હાલો મારો શેરીએ સામા મળ્યા,
 હું તો લળી લળી લાગું પાય.—વ્હાલાજીને.
મેં તો ચુંદડી ઓઢીરે પાકા રંગની,
 શેર આતમરામનો અંક—વ્હાલાજીને.
વ્હાલે પ્રેમ પદારથ આપીયા,
 પુરી દાસ ગોપાળની આશા—વ્હાલાજીને.

❋

(૧૦૫)

પ્રથમ વંદન કરૂં શ્રીગુરૂદેવને
 જેમણે કરી કૃપા જ્ઞાન આપ્યું
દેહ અભ્યાસથી સ્હેજમાં દુર કરી
 જન્મને મરણનું દુઃખ કાપ્યું—ટેક
મોહ મમતાહણી માર્ગ ખુલ્લો કીધો
 સ્નેહનો તાર હરી સાથ સાંધી
તત્વમસિ તે તું છે એમ સમજાવીયું
 દેહથી પ્રીતતે શીદ બાંધી ?—પ્રથમ
સેવના શું કરૂં ભેટ હું શું ધરૂં મૂર્ખ મતિમંદ શું ગુણ ગાઉં
તનમન પ્રાણ આ સર્વ છે આપનું
 શર્ણ છોડી હવે કયાં હું જાઉં ?—પ્રથમ

આપ બ્રહ્મા અને આપ વિષ્ણુજ છો દેવના દેવ પણ આપમારે
ચૌદ બ્રહ્માંડમાં આપ વ્યાપી રહ્યા
આપ વિના કહો કોણ તારે ?—પ્રથમ
કોટી યજ્ઞો કરૂં પૃથ્વી આખી ફરૂં
તો પણ નાવે કોઇ આપ તોલે
દાસ શંકર કહે સાન સમજી રહે
આપ વિણ કાળજું કોણ ખોલે—પ્રથમ

❋

(૧૦૬)

અસાવે બ્રહ્મસુખે સુખરૂપ (૨)—ટેક
શ્રી ગુરૂ વરદાન કૃપેચે (૨)
બલ હૃદયાંત અનુપ—અસાવે
ગુણ દોષાસ્તવ અધર કપાટીં (૨)
દૃઢતર મૌન કુલુપ—અસાવે
હરિ ગુરૂ કથન કિલ્લી ગુરૂ આજ્ઞા (૨)
અમૃત ધરી અપરૂપ—અસાવે

❋

(૧૦૭)

સદગુરૂ શરણુ વિના અજ્ઞાન તિમિર ટળસે નહિરે
જન્મ મરણ દેનારૂં બીજ ખરૂં બળશે નહિ—સદગુરૂ
પ્રેમામૃત રસપાન વિના, સાચા ખોટાના ભાન વિના
ગાંઠ હૃદયની જ્ઞાન વિના ગળશે નહિ રે—સદગુરૂ
શાસ્ત્ર પુરાણ સદા સંભારે, તન મન ઇંદ્રીય તત્પરે વારે
વગર વિચારે વળમાં સુખ રળસે નહિ રે—સદગુરૂ

તત્વ નથી મારા તારામાં સુજ્ઞ સમજ નરતા સારામાં
સેવક સુત દારામાં, દિન વળસે નહિ રે—સદગુરૂ
કેશવ હરિની કરતાં સેવા પરમાનંદ બતાવે તેવા
શોધ વિના સજ્જન એવા મળશે નહિ રે—સદગુરૂ

❋

(૧૦૮)

નહિ જાવેરે ભાઇઓ નહિ જાવે
સદગુરૂ સેવાના ફળ નહિ જાવે—ટેક
તન અને મન જેણે ગુરૂજીને અર્પ્યા (૨)
શેષ સહસ્ત્ર મુખે ગુણ ગાવે—સદગુરૂ
આવાગમન તો હમને નથી નડતાં (૨)
જીવતાં જીવનમુક્ત તે કહાવે—સદગુરૂ
પ્રેમના પ્યાલા જેને ભરી ભરી પીધા (૨)
અમૃત છોડી વીખ કેમ ખાવે—સદગુરૂ
સદગુરૂ મળ્યા તેના કારજ સરીયા (૨)
દાસ વીસો એના જશગાવે—સદગુરૂ

❋

(૧૦૯)

હરિરસ મોંઘોરે શીરને સાટે લીધો,
ગુરૂ મુખ રેહ્યોરે, કોઇ કોઈ વીરલે પીધો—હરિરસ
મોહ અને મમતા ગઇ, મટી ગઇ જગ જંજાળ,
આનંદ સાગર ઉલટયો, મહા સુખમાં હું ન્યાલ,
અજર અમર પદરે, ગુરૂએ ગોતી દીધો—હરિરસ

સંશય સૌ છુટી ગયા, કરતાં સદ્દગુરૂ સંગ,
રોગ શોક સહુ દૂર થયા, રોમ રોમ હરિરંગ
જ્ઞાન સુરંગે રે, દિલનો પડદો વિંધ્યો—હરિરસ
હરિગુરૂ સંતને સેવતાં મળ્યા પદારથ ચાર,
નિર્ભય નોબત વાગી રહી, આવ્યો ભવજલ પાર,
પાછુ ન ફરવુંરે નિશ્ચય મનથી કીધો—હરિરસ
રાત દિવસ રસબસ રહું, સંત જનોની સાથ
જાદવ જીવન મુક્ત થઈ, ભજું નીરંજન નાથ,
મોક્ષનો મારગ રે ગુરૂએ બતાવ્યો સીધો—હરિરસ

❋

(૧૧૦)

હરિગુણ બાર બાર ગાતાં, પ્રભુ ગુણ બાર બાર ગાતાં—ટેક
ગુરૂકી કૃપા દૃષ્ટિ રંગ છાઈ, હરિગુણ બાર બાર ગાતાં—હરિગુણ
આસન બાંધી સુરત સાંધી, ભ્રકુટીમે ધ્યાન લગાય—હરિગુણ
કૃષ્ણમોરારી જેને ઓઢી કામળ કાળી એહિ મેરે મન ભાય—હરિગુણ
જાદવ ગુરૂકી કૃપા ભઇ તો નાચત વૈકુંઠ જાય—હરિગુણ

❋

(૧૧૧)

આજે આનંદ ગુરૂ આવ્યા આંગણે—(૨)
હું તો દિલ ભરી આદર દઇસ—ગુરૂજી આવ્યા આંગણે.
ધન્ય મસ્તક લઇ ચરણે ધરૂં—(૨)
લગ્ન કરી ચરણામૃત લઈસ—ગુરૂજી આવ્યા આંગણે.
મને પ્રેમ કરીને ગુરૂએ પુછીયું—(૨(
તારા અંતરનો કેવો છે ઠાઠ—ગુરૂજી આવ્યા આંગણે.

દુ:ખ સુખ કેવું છે તારી દેહને—(૨)
પુરૂ કહેજે ભણી મુખે પાઠ—ગુરૂજી આવ્યા આંગણે.
હું તો મગન થઇ મારા મનમાં—(૨)
મને હરખ ઘણેરો થાય—ગુરૂજી આવ્યા આંગણે.
કહેણી રહેણી વિનારે સાધન શું કરૂ ? (૨)
જેથી પ્રસન્ન થાય ભગવાન—ગુરૂજી આવ્યા આંગણે.
કેવળદાસ ઉપર કીરપા કરી—(૨)
પામ્યા ભવરે સાગર કેરો પાર—ગુરૂજી આવ્યા આંગણે.

(૧૧૨)

ચેલા ચાલો ગુરૂને ઘેર ગુરૂજી કરશે લીલા લેહેર (૨)
કોટી જનમા કષ્ટ નિવારે, ભવના બંધન કાપે (૨)
ગુરૂ સમ દાતા નહી કોઇ (૨) અવીચળ પદવી આપે—ચેલા.
ગુરૂ વચન લોપે મહા પાપી તે સુખીયો કેમ થાસે (૨)
અનેક દેવદેવીઓ ધાતા (૨) જમના ગોદા ખાસે—ચેલા.
શુન્ય શીખરપર વાસ ગુરૂનો, ગુરૂ પ્રેમ જોત પ્રકાસી (૨)
અડસઠ તીરથ ગુરૂને ચરણે (૨) જોજો મનને મારી—ચેલા.
સકળ નીધી તો ગુરૂજી કહાવે, ગુરૂ સ્વતંત્ર જોગી (૨)
સ્થાવર જંગમ રહ્યો પ્રકાસી (૨) ગુરૂ નીરંજન યોગી—ચેલા.
મુરખ જીવતો મોહ માયામાં, ફરી ફરીને ધાયો (૨)
કહે ભીખો હરિજન થઇને (૨) સાચું શું કમાયો—ચેલા.

(૧૧૩)

પૂરણ યોગ મળ્યો છે આજે ઉત્તમ સાધકોરે,
તેથી હરિ ભજવામાં નહિ લગાડો વાર—પૂરણ.
પૂરણ પુરષોતમ પરિબ્રહ્મ ગુરૂ સેવન કરોરે,

ચિત્ત શુદ્ધ કરીને પ્રેમથકી આવાર—પૂરણ.
જીવને શીવની સાથે થયો છે જે બહુ કાળનોરે,
ટળશે વિયોગતે ગુરૂ સેવનથી નીરધાર—પૂરણ.
હરિની મુરતી મન મંદીરમાં રાખો સર્વદારે,
દેશે સંયમ સુખશાન્તિ ભગવાન અપાર—પૂરણ.

⁂

(૧૧૪)

પુરવના પુણ્યથી ગુરૂ દીઠારે, મારા હૈડામાં લાગ્યા મીઠા—પુરવ,
સોમવારે તે સમતા આદરીએરે, પાપ કામો સહુ પરહરીએરે,
શુદ્ધ ભાવે વાણી ઉચરીએ—પુરવ
મંગળવારે મોહ ને મારોરે, હૈડામાંહી હિમ્મત ધારોરે,
વેગે વિષય વિકારો વારો—પુરવ.
બુધવારે સુબુદ્ધી પધારીરે, સુણો જ્ઞાન વાણી સુખકારીરે;
નક્કી પામો ભવજલ પારી—પુરવ.
ગુરૂવારે ગુરૂગુણ ગાવોરે, હેતે કીજે ગુરૂનો વધાવોરે;
લીજે સદ્દગુરૂ ભકિતનો લ્હાવો—પુરવ.
શુક્રવારે આતમ રૂપ સાચુંરે, લાગ્યું પુદગલનું રૂપ કાચુંરે;
રંગે શુદ્ધ સ્વરૂપમાં રાચું—પુરવ.
શનિવારે પ્રભુ ગુણ સેવોરે, મ્હને સાચો પ્રભુ ગુણ મેવોરે,
લક્ષ્ય ધારી હૃદયમાંહી લેવો—પુરવ.
રવિવારે તે રાગ ન ધરીએરે, વૈર ઝેર બધા પરીહરીએરે.
ગુરૂજ્ઞાન વિચારી ને તરીએ—પુરવ,
સાતવારો સદા એમ ગાશું, ગુરૂવંદન પૂજન જાસુરે,
જ્ઞાન ધ્યાન રમણુતા મ્હાસુ—પુરવ.
સાચુ સમકીત સ્હેજે વરીયેરે
ચિદાનંદ ચેતન ગુણુ ધરીયેરે બુદ્ધી સાગર ગુરૂ અનુસરીયે—પુરવ

(૧૧૫)

ગુરૂવર કેરા ચરણાર્વીંદે પ્રથમ શીષ નમાવુંરે,
બ્રહ્મરૂપ ભવતારક પ્રભુના શરણુ ચરણુ ચીત લ્હાવુંરે—ગુરૂ.
સત્ય અસત્યનો ભેદ ભણાવી, સત્ય સ્વરૂપ સમજાવ્યુંરે (૨)
જડતાથી મમ વૃત્તી છોડાવી (૨) નીજ આત્મસ્વરૂપ ઓળખાવ્યુંરે—ગુરૂ.
સતચીત આનંદ સુખમયપદને, અંતરમાં ઓળખાવ્યુંરે (૨)
વચનામૃત સુણુતા મોઘેરા (૨) આનંદ સાગર ઉલટયોરે—ગુરૂ.
ગુરૂવર કેરા સુખમય સ્વરૂપે અહોનીશ ભાન ભુલાવ્યુંરે (૨)
અંતર બાહ્ય પૂર્ણ બ્રહ્મરૂપે (૨) ચિત્તનીત્ય સમાવ્યુંરે—ગુરૂ.
પ્રેમ આનંદ અહોનીસ ૐગુરૂ ૐગુરૂ ૐ ચીત લાવુંરે (૨)
ધન્ય ધન્ય મુજ જીવન આજે (૨) ગુરૂવરના ગુણુ ગાવુંરે—ગુરૂ.

❋

(૧૧૬)

ઔષધ અમને આપ્યુંરે, ગુરૂએ મારે કરૂણા કરી;
પુરણ શાન્તી પામ્યોરે, વૃત્તી મારી સ્થીર ઠરી—ઔષધ.
બુદ્ધી વિમળ વિવેકની, સત્ અસત્‌ની જાણ,
કુકસ તજી ત્રીલોક સુખ, રસ વીરાગ લે છાણ.
ખટ સંપત્તિ ઘુંટીરે, જીજ્ઞાસાએ ઝારીકરી—ઔષધ.
શ્રવણાદિક લઈ ત્રિફળાં, ભાવભાવના આપ;
ખવરાવી ખાંતે કરી, હણ્યારોગ ત્રણ તાપ,
અજ્ઞાન મૂળ કાપ્યુંરે, જ્ઞાન બળ બુદ્ધી ઠરી—ઔષધ.
દિવ્ય ચક્ષુતવ ઉઘડયાં, પ્રગટયો સ્વયંપ્રકાશ,
જોઈ ત્રિપુટીનાચંતા, પુરૂષ પ્રકૃતિદાસ;
અનહદ જળ હળ જ્યોતિરે, ગણુના તેની ત્યાં ન કરી—ઔષધ.
ચિદ્ગ્રંથી સંશય હણી, કર્યો કર્મનો અંત;

મોત દેખાડી મારીને, અમર કર્યો ભગવન્ત,
આત્માનન્દે આપ્યોરે, અમૃત પ્યાલો પ્રેમે કરી—ઔષધ.
સૂરજ સાથે સુરનું મળ્યું નુરમાં નુર;
જેવો છે તેવો રહ્યો; નહિ નજીક નહિ દુર,
આહા ! અકથ કહાણીરે કથે સુરો કેમ કરી—ઔષધ.

❋

(૧૧૭)

ગુરૂ મારો જ્ઞાની રે, આપી મુને અમર જડી,
અનુભવ કરતાં રે, સુરતા મારી હારી પડી—ટેક
ત્રિવિધ તાપ નિવારણ એ છે, મટે મોહની જાળ;
આત્માનંદ અનુભવ કર્યોથી, ક્રુર બને છે કાળ,
ગમ્યા ગમ્ય ગતિરે એને જાણે અધિકારી—ગુરૂ
પીતા જડીનું એજ પારખું, દિવ્યચક્ષુ થઇ જાય;
પારસમણીનો પરસ કરતા, લોહું કંચન થાય;
પરીબ્રહ્મ પામ્યારે, અવિદ્યાના કટકા કરી—ગુરૂ
દૂર થયું અજ્ઞાન અંધારૂં, પ્રગટયો જ્ઞાન પ્રકાશ;
ભાનુ કવી મન ભાંગી ભ્રમણા દુર થયો દુઃખ પાસ
અદ્વૈત પદ જાણ્યું રે, ખોળીં જોતાં ખબર પડી—ગુરૂ

❋

(૧૧૮)

ગમે મારાં ગુરૂનાં ગુણ ગાવા જનમ તણો જય કરીને જાવા—ગમે
સુંદર શોભે સકળ ગુણે સારા નકકી ખોટી ખટપટથી ન્યારા
દૈવી એવા ગુરૂવરજી મારા—ગમે

ધરમ મય જીવન ધરનારા કથીરમાંથી કુંદન કરનારા
હકીમ ભવરોગને હરનારા—ગમે
સ્વામી મારા શીતલ સુખકારી મુકાવી મુઢ દશામારી
લીધો મને ભવજલથી તારી—ગમે
લીધો મુને સમજાવી સાથે નીગાહ કરી નાવીક સમ નાથે
હર્યું દુઃખ કરૂણા કરી હાથે—ગમે
રહ્યો હતો વિષયોમાં વળગી સરવે મારૂં જાતું હતું સળગી
અંતર દશા એથી કરી અળગી—ગમે
અપૂર્વ આંખલડી આપી કડવી મારી કુમતી કાપી
લીધુ મારૂં મન ગુરૂએ માપી—ગમે
જણાવ્યા જગત તણા જાળા કઢાવ્યા કર્મ જેણે કાળા
તોડયાં મારા ઘટડાંના તાળાં—ગમે
જેણે મારા ઘટમાં ઘર કીધું વૈરાગ્યથી મનડાને વિંધ્યું
સમજાવ્યું સુખદાયક સીધું—ગમે
સુતો હતો સોડ સદા તાણી જગાડયો દીન કીંકર જાણી
વદે સત સેવક આ વાણી—ગમે

(૧૧૯)

કર સદગુરૂનો સંગ, સુખકર, કર સદગુરૂનો સંગ
જન્મ મૃત્યુ દુઃખ ટાળી કરીને આપે સુખ અભંગ—સુખકર
જન્મ ધરે જે પરોપકારે, મનમાં રાખી ઉમંગ—સુખકર
સુકૃત હોયે તોજ મળે આ, ગુરૂનો સંગ પ્રસંગ—સુખકર
જે નામામૃત પાઇ ચઢાવે, પ્રભુ નામનો રંગ—સુખકર
સદગુરૂના પદ કમળની માંહી, દાસ કૃષ્ણ છે ભૃંગ—સુખકર

(૧૨૦)

ગુરૂસંગ વિના, મોહ માયાને મનનો પાર ન આવે,
શી શોધ કરૂ, અજાણુ નરને અંધારે કયમ ફાવે ?—ગુરૂસંગ
મન મોહ માયા એક થઈ ચાલે, મહીપતિ થઇને મંદીરે મહાલે,
એને સદ્દગુરૂ વશ કરીને ઝાલે—ગુરૂસંગ
ધન તન સામું જોઇ મન લાવે, એને ઘણી ઉંઘ ભોજન ભાવે,
કહો પૂરણુ પદએ કયમ પાવે ?—ગુરૂસંગ
મન ગુરૂને ધંધે નવ ધાવે, તે ઘણો કેર કરે દર દાવે,
મનગમતું પોતાનું ગાવે—ગુરૂસંગ
'મન' ગુરૂ સંગે ઘરમાં આવે, પછી ખરૂ ધન પોતે ખાવે,
મન અલખ ભુલાખી ગુરૂ તાવે—ગુરૂસંગ

❀

(૧૨૧)

ગુરૂ મુક્ત થવાનો અપૂર્વ માર્ગ બતાવજોરે—ટેક,
મુર્ખ બની બહુ કાળ ગુમાવ્યો, અથડામણુનો પાર ન આવ્યો,
નાલાયકમાં લાયકતા હવે લાવજોરે—ગુરૂ.
તીમરતમામ સ્થળે છવરાયું, હિત અહિત જરા ન જણાયું,
અંધકારમાં પ્રકાશને પ્રગટાવજોરે—ગુરૂ.
દર્દીના છે અનેક દોષો, જડતા સામું કદી નવજોસો,
વિશાળ દૃષ્ટી કરીને અમી વર્ષાવજોરે—ગુરૂ,
ઉર્ધ્વ સ્થાન શુભ વૃત્તી ચઢે છે, અનેક વિઘ્ન ત્યાં આવી નડે છે,
આ અગવડની સરસ દવા સમજાવજોરે—ગુરૂ,
અલગ રહે અકળામણુ મારી નિર્બલતા રહે સદાય ન્યારી,
દયા કરીને એવી આંપ દબાવજોરે—ગુરૂ.

અંજન નેત્રે અજબ લગાવો, સત્ય રહસ્ય મને સમજાવો,
શંકા ફરી ઉપજે નહિ એમ સમાવજોરે—ગુરૂ.
જન્મ મરણ જાયે ગુરૂ મારા, નીકળીને દોષો રહે ન્યારા,
સંત શિષ્યને એવું સ્વરૂપ સુણાવજોરે—ગુરૂ.

❋

(૧૨૨)

મારી વિનંતી ગરીબનવાજ ગુરૂ હૃદે ધરજોરે;
પરબ્રહ્મ પરમ દયાળ, દયા દીલે કરજોરે,
ભમીભમી આ સંસાર, લક્ષ ચોરાશીરે;
પામ્યો ચરણની સેવાસાર, કોટીગંગ કાશીરે—મારી.
મારે નિર્ધનને ગુરૂધન, એ મોટું નાણુંરે;
ખુટે નહિ ખર્ચતાં એહ, એમ મન જાણ્યુંરે—મારી.
નહિ કામ ક્રોધ ને લોભ, વિરોધને માયારે,
જીતી જીતાવે જેહ સંસાર, પારસમણી કાયારે—મારી.
એવા જાણીને માહાત્મ્ય અનંત, સેવ્યા શીવરામેરે;
ધર્મ અર્થ કામને મોક્ષ, દીધા ગુરૂનાથેરે—મારી.

❋

(૧૨૩)

ગુરૂનાથ તણા ગુણ ગણતાં કદિ પાર અમે નવ પામીએ,
ઉપકાર ઘણા, સદગુરૂ ચરણ કમળ વિણ ઘડી ન વિરામીએ—ટેક.
અમ ભવભવમાંહ્ય અનાથ ફર્યા, આ ભવ અહીં બાંહ્ય સનાથ કર્યા,
અમ તન મન ચેતન તેજ ભર્યા—ગુરૂનાથ.
મહા મોહ નિશાને દૂર કરી, જુગજુગ નિદ્રા ગુરૂદેવહરિ,
દીધો ઉર આત્મ પ્રકાશ ભરી—ગુરૂનાથ.

અમ રંક તણા ગુરૂનાથ મણી, પારસથી પદરજ અધિક ગણી;
અમને મમતા ગુરૂ ચરણ તણી—ગુરૂનાથ.
કદિ વર્ષા બુંદ ગણી લઇએ, કદિ પૃથ્વીના રજકણ કહીએ,
પણ ગુરૂ ગુણ પાર કદિ ન લહીએ—ગુરૂનાથ
કહે અંબ પૂરવ પ્રીતિ સાથે, અમે વેચાણા ગુરૂને હાથે,
અમ મસ્તક હસ્ત ધર્યો નાથે—ગુરૂનાથ.

❋

(૧૨૪)

મુંને વધાયું વહાલાજીની સાથ,
મુંને વહાલો વિસાર્યો નવ વીસરેરે—ટેક.

આઠે પહોર ઉલામણ મારા ઉરમારે (૨)
બીજી વહાલી ન લાગે વાત—મુંને વહાલો.

જેમ રત્ન જડયું હોય રંકનેરે (૨)
તેમ સત્ય થયું છે સાક્ષાત—મુને વહાલો.

જેને કાજે દમે છે અતિ દેહનેરે (૨)
તેતો આવ્યો છે મારે હાથ—મુને વહાલો.

વારી વારી જાઉં ગુરૂજીને વારણેરે (૨)
જેણે નીરખાવ્યા નીતમનાથ—મુને વહાલો.

તેને તોલે ન આવે ત્રણ લોકમાંરે (૨)
જેની વિશ્વ વિચિત્ર છે ભાત—મુને વહાલો.

ધન્ય ધન્ય દયારે ગુરૂદેવની રે (૨)
નાથ નીરાંત નીરખાય અજાત—મુને વહાલો.

❋

(૧૨૫)

મનમુખીજીવ, સદગુરૂ વિના ભવસાગર કેમ તરશો;
ગુરૂજ્ઞાન વિના, ભૂલા પડીને અનેક યોનીમાં ફરસો—ટેક.
તું જપતપ વ્રતદાન કરે, ધામ તિરથ યાત્રામાંહી ફરે;
એમ પ્રભુ તુજને નહિ મળે—મનમુખી.
મન કલ્પનાએ સાધન સાધે, અભિમાન તુજને બહુવાધે,
તેમ તેમ કરમ બંધન બાંધે—મનમુખી.
ગંગા જમુનામાં જઈ સ્નાન કરે, તારા અંગનો મેલ તેણે ટળે,
મન શુદ્ધ થાય હરિ ભજન વડે—મનમુખી.
હું કાશી દ્વારકાં જઇ આવ્યો. ઉરમાં તુજને ગર્વ આવ્યો.
મુરખ ફોગટ ફેરાફરી આવ્યો—મનમુખી.
શુદ્ધ ભાવે સમરણ ના કીધું, અમૃત ઢોળીને વીખ પીધું,
કહે સોમદાસ ગુરૂજ્ઞાન ના લીધું—મનમુખી.

❋

(૧૨૬)

કયા શબ્દો થકી ગાઉં, સદગુરૂને હું કયા શબ્દો થકી ગાઉં,
માયાનો સ્પર્શ જ્યાં લાગે નહિ ત્યાં,
શી રીતે શક્તિ ધરાઉં—સદગુરૂ.
નેતિ નેતિ કહી વેદ થાકયા જ્યાં,
ત્યાં હું વાચા કઇ લાવું—સદગુરૂ.
માયાને આધારે ભજું કદિ તો,
માયા કહે હું લજાઉં—સદગુરૂ.
દ્વૈતપણું જ્યાં ખપે નહિ ત્યાં,
જુદો પડી કેવો ધ્યાઉં—સદગુરૂ.
કૃષ્ણ કહે તમે જેવા હશો તેવા,
ત્યાં હું આ શીશ નમાવું—સદગુરૂ.

(૧૨૭)

ગુરૂકી અજબ કળાભાઇ, મુમુક્ષુ સમજો મનમાંહી —ટેક.
ચાર વેદ ષટશાસ્ત્ર અઢાર પુરાણુ કંઠ કર ગાવે;
ગુરૂકળાકો ગુરૂ કૃપાબીન, અનુભવ લેશ ન આવે—ગુરૂકી.
આપ મતિસે પ્રયત્ન અપનો, જયુ જયું ખોત ચલાવે,
ગર્વ ગર્તમે ત્યું ત્યું પ્રાણી, બહુત ડુબતા જાવે;—ગુરૂકી
મંત્ર યંત્ર અરૂ તંત્ર જાદુ સબ જુઠા ઠાઠ કહાવે,
વેદ મંત્ર ગુરૂમુખસે સુનલે, સત્ય અર્થ સમજાવે—ગુરૂકી.
ગુરૂશરણુ રહી શ્રવણુ મનન કરી નિજધ્યાસકું ધાવે,
બીના પ્રયાસે સો નર સહેજે સદચિદ સુખ હો જાવે—ગુરૂકી
અંતરમે ઇશ્વર દીખલાવો ભેદ ભાવ મિટ જાવે,
કહે ડોસો ગુરૂ વિશ્વનાથસે જીવન મુકિત પાવે—ગુરૂકી.

❀

(૧૨૮)

નાથ કેવો જગનો બંધ છોડાવ્યો;
મને એજ ભરૂસો આવ્યો, નાથ કેવો જગનો બંધ છોડાવ્યો,
જગ અને જીવ લડતા જગમાંહી, લડતાં લડતાં જીવ હાર્યો,
પળ એક શ્વાસ રહ્યો ઘટમાંહી, તવ ગુરૂનામ પોકાર્યો—નાથ.
બંધ છોડાવી ને ફંદ મૂકાવી, સદગુરૂએ સાધક તાર્યો;
તારથી તારી અચળ પદ આપી, પોતાનો કરી દેખાડયો—નાથ.
સાધક જેહ બન્યો સદગુરૂનો, સદગુરૂ બાળ કહેવાયો,
કહેવાયો તેજ કહેવાયો, અન્યનો ના કદી આરો—નાથ.
અનુભવીની વાતો અનુભવી જાણે, નુગરો શું જાણે બીચારો,
ગુરૂ શરણે રહી સાધન કરતાં, પલકવારમાં આરો—નાથ.

❀

(૧૨૯)

ભવસાગર તરવાપાર, સદગુરૂ ચરણ ધરો,
થઈ શરણુ લઈને સહાય, આ ભવ સીધુ તરો—ભવસાગર.
કામ ક્રોધ મદ મત્સરરૂપી, મગર છે જેની માંહીરે,
સાવધ રહીને તરશો નહિ તો, થાસો નહિ ભવપાર,
તેમને ઠાર કરો—ભવસાગર.
અહંકાર રૂપી મચ્છ છે મોટો, મોઢું વિકાસીને બેઠોરે.
તરનારાને ખેંચી લઈને, નાખે મૂળની માંય,
તેના પ્રાણ હરે—ભવસાગર.
છોળો સંકલ્પ વીકલ્પની ઉછળે જોજો તણાયા ન જાસોરે.
માયારૂપી ખારૂં પાણી, ભુલથી ન મુખમાં જાય,
પ્રભુનું સ્મરણ કરો—ભવસાગર.
ભકિતરૂપી નૌકામાં બેસી સંતની સંગત કરજોરે,
કૃષ્ણ કહે સતકૃત્યનું ભાથું, રાખો તમારી પાસ.
પછી તમે જરી ન ડરો—ભવસાગર.

❋

(૧૩૦)

ધન ગુરૂ દાતાને ધન ગુરૂ દેવા,
મારે સતગુરૂએ નામ સુણાયાજી;
ગુરૂના મહીમા પલપલ વખાણું,
તો પ્રાશ્ચીત સઘળાં જાયજી—ટેક.
દેશ દેખાડયો ગુરૂએ સુતો જગાડી,
મને અલખ પુરૂષ ઓળખાયોજી,
બુડતાં મારા ગુરૂજીએ તાર્યાં,
અમને જમડાના હાથેથી છોડાયાજી—ધન.

ખાલ પડાવું મારા શરીર તણીરે,
ઉપર સોનેરી રંગ ચઢાવુંજી,
જોડા શીવડાવી વીરા ગુરૂને પેરાવું,
પણ નાવે મારા ગુરૂજીને તોલેજી—ધન.
ગૌ દાન દીએ અને ભોમી દાન દીએ,
કાયા કંચનના મોલ લુંટાએજી,
કાશી ક્ષેતરમાં કન્યાદાન દીએ,
પણ નાવે મારા ગુરૂજીને તોલેજી—ધન.
સતગુરૂ મળીયા મારા ફેરા ટળીયા,
તો લખરે ચોરાસી છોડાયાજી,
વાઘનાથ ચરણે બોલ્યો રૂખડીયો,
મને મુકિતના મારગ બતાયોજી—ધન.

❋

(૧૩૧)

અકલ પુરૂપ ગુરૂ અવતારી, જીને કીયા અભય ભય ટાળી,
પ્રગટ ભયે જળ પુરૂષ પુરાતન, અકલ પુરૂષ ગુરૂ અવતારી–ટેક,
અજબ કલા આતમ અનુભવકી, વીવીધ ભાંતી ગુરૂ વિસ્તારી,
જીવ અનેક અધમ કલીયુગકે, તીનકો લીયા તારી—અકલ.
ઇંદ્ર લોક અસી સમજાનત બ્રહ્મ લોક ભય સુખકારી;
તૃણુ સમાન ત્રય લોકજ તાકો તનમનકી મમતા મારી—અકલ
પરધન પત્થર સમાન ગિનત ગુરૂ નાગીની સમ જાણુત નારી
વિષય ભોગ વિષવત્ જાકો નહિ અપને તનસે યારી—અકલ.
બોલત વચન મધુર મનોહર ગુરૂમુર્તી લાગત પ્યારી,
ભવ ભંજન અંજન મલ ગંજન વરષી જ્ઞાન ભય દુ:ખહારી—અકલ
કહી આતમ ઉપદેશ કૃપાનીધી અપની શકિત અંતર ધારી,
કહે વેરો ગુરૂ ચરણુ કમળ પળ બેરબેર જાઉ બલીહારી—અકલ.

(૧૩૨)

ગુરૂજી જ્ઞાન તણા અવતાર. વંદુ તમને વારંવાર—ગુરૂજી.
સંયમમય નિજજીવન બનાવી સંયમ ઉર ભરનાર,
નિજ જેવું નિજજન કેરૂ નિત સફળ જીવન કરનાર—ગુરૂજી.
ક્ષમા શાન્તમય ચિત બનાવી, ધૈર્ય અજબ ધરનાર,
આત્મજ્ઞાન રવિ અમર પ્રભાથી, હૃદય તિમિર હરનાર—ગુરૂજી.
સ્મરણ સીડી શ્વાસની સુંદીર તે પર ચઢાવનાર,
લગાડી લગની નામ તણી સત, શ્રદ્ધા દૃઢાવનાર—ગુરૂજી.
ત્રિકુટી મહલમાં મુકામ આપી, જ્યોતી જગાવનાર,
ત્રિવેણી નિરમાં સ્નાન કરાવી ભ્રમ ભય ભગાવનાર,—ગુરૂજી
ભકત જનો તમ શરણે રહીને ગુણ ગાયે સુખકાર,
નિર્મળ રૂપનું ધ્યાન ધરેજે દુઃખ દ્વંદો હરનાર—ગુરૂજી.

(૧૩૩)

ગુરૂનાથ તણો સાચો શિષ્ય જગતમાં તેને જાણવો;
પર ઉપકારી પ્રભુનો થઇને રહે તે શુદ્ધ પીછાણવો—ટેક.
તન મન ધન ગર્વ કદિ તે ન લહે, ભક્તિ કરતાં સુખદુઃખ સહે
વળી વાચ કાછનો શુદ્ધ રહે—ગુરૂનાથ.
પર નિંદા પર ધન પાપ ગણે, પળ પળ મુખથી પ્રભુનામ ભણે,
પરનારિ પુનિત નિજમાત ગણે—ગુરૂનાથ.
નિષ્કામ કરમજે નિત્ય કરે, વળી ધર્મ ધ્યાનમાં ચિત્ત ધરે;
પગલું પરમારથમાંહી ભરે—ગુરૂનાથ.
સદ્ગ્રંથ સુધારસ પાન કરે, ચિત્ત શ્રવણ મનન નિદિધ્યાસધરે;
ગુરૂમૂર્તિ હૃદય થકી ના વિસરે—ગુરૂનાથ.
મુકિત દાતા ગુરૂનાથ મણી; જેને પદપંકજ પ્રીત ઘણી,
થશે એમ કૃપા ગુરૂનાથ તણી—ગુરૂનાથ

(૧૩૪)

સદગુરૂને ભેદ બતાયા
રમ્યરંગસે ચિત્ત રંગાયારે—સદગુરૂ
સુરતાસે જબ ચઢી કે દેખ્યા, ઘર અપને મેં આયારે—સદગુરૂ
અજબરંગ અર્જુન મનમેરા, આત્મા કૃષ્ણ લખાયારે—સદગુરૂ
ઔર ઓર યહ ઔર હી રૂપ હૈ, લક્ષાલક્ષ લખાયારે—સદગુરૂ
માર્તન્ડ મેં કયા કહું મહીમા, પ્રભુ કૃપાસે પાયારે—સદગુરૂ

❋

(૧૩૫)

શ્રી ગુરૂ પાય ધરા લવકરી શ્રી ગુરૂ પાય ધરા—ટેક
તત્વમસિ મહા વાકય વિચારૂની (૨) જીવીચે જીવપણ હરા—લવકરી
શોધુનીયા શ્રુતિશાસ્ત્ર પુરાણે (૨) હા ભવસિંધુ તરા—લવકરી
આનંદાત્મજ નિજ ગુજ ચિંતુની (૨) લાવા અનુભવ તુરા—લવકરી

❋

(૧૩૬)

ગુરૂની એસી ચટક લાવીલી મોઠી
સ્વયંભુ હૃદયી મજ દેઉની ભેટી—ગુરૂ
વિસરવી દેહ ઘટ આપણ હોય પ્રગટ (૨)
બુજવુની દ્વૈતાચી વાટ આનંદી લોટી—ગુરૂ
નાવડે વિષય ધન કેવલ વાટે વમન (૨)
હોઉની મન ઉન્મન સ્વરૂપીભેટી—ગુરૂ
વિષ્ણુ કૃષ્ણુ જ્ઞાન દૃષ્ટી, વ્યાપુની નુરવી સૃષ્ટી (૨)
કૃષ્ણુ જગન્નાથ, ગોષ્ટી ન વદે ખોટી—ગુરૂ

❋

(૧૩૭)

ગુરૂવાણી અમૃત ધારી રસના ભઇ અમર હમારી—ટેક
અંધ ભયે દોઉ નયના મેરે, ચહું દિશ છાયે ઘોર ઘનેરે;
રામકા અંજન ભરભર ગેરે, નિર્મળ નજર ઉધારી—રસના
ગહરી નદીયા વેગ અપારા, ડુબત જાય રહ્યો મઝ ધારા;
કીંકર અપના બાહ્ય સહારા, પલમે પાર ઉતારી—રસના

(૧૩૮)

મંગળ કર ૐ ગુરૂવર સુખકર;
ભવતારક ભયહાર નમામિ—મંગળ
પૂરણબ્રહ્મ સ્વરૂપ વિભુવર,
ભવભય ભંજન રંજીત મનહર,
સત્ ચિત્ આનંદ રૂપ નમામિ—મંગળ
શરણ ચરણ ચિત્ત નિત્ય પ્રલાપી,
ગુરૂવર મૂર્તિ નિજાંતર સ્થાપી,
પ્રેમ આનંદ ગુરો તુજ ગામી—મંગળ

(૧૩૯)

તુંહી એક આધાર ગુરૂદેવ તુંહી એક આધાર—ટેક
મય કુછ નાહીં, તુંહી જગત સબ નિર્મળ ભજનાગાર—ગુરૂદેવ
તુંહી દીગંબર તુંહી ચરાચર, પુરણ પ્રેમ અવતાર—ગુરૂદેવ
સત્ ચિત્ આનંદ, તું કમલાનન્ ચરણ કમલ ભવતાર—ગુરૂદેવ

(૧૪૦)

ગુરૂસે કોઈ નહિ બડા દિવાને કયું ઝગડે મે પડા—ટેક
બ્રહ્મા વિષ્ણુ શિવને માના, મંત્ર ગુરૂકા પઢા—દિવાને
જો નહિ માના ગુરૂ વાકય કો, ભવ સાગર મે અડા—દિવાને
માનુષ જન્મ અબ હે કછુ કરલે, સમય કઠીણુ યે કડા—દિવાને
શિવાજીને કી ગુરૂસેવા, રાજ સિંહાસન ચઢા—દિવાને
એક ઉપાય જાના નરસીંગે, ગુરૂ ચરણુ ચીત્ત જડા—દિવાને

❀

(૧૪૧)

હરિજન હિંમત હોય તો શરણું સદગુરૂનું લઇએરે;
તન મન ધન અર્પણુ કરીને, ગુરૂ વચનમાં રહીયેરે—હરિ.
શીશ સમરપીને શિષ્ય થયા, પાછી પાની નવ દઇયેરે;
મન કર્મ વચનને વશ કરીને ગુણુ ગોવીંદના ગઇયેરે,—હરિ.
હિંમત રાખી સગાળશાએ, જેની ચંગાવતી રાણીરે;
સાધુ જમાડવાને સુત હણ્યો, આંખે આવ્યા નહિ પાણીરે—હરિ.
પાંચ પાંડવ, કુંતા, દ્રૌપદિ લાખા ગૃહમાં લેવાયારે,
પ્રાણુ જતાં સુધી દ્દઢ રહ્યાં, તો ગરૂડધ્વજ ધાયારે—હરિ.
ગુરૂને ગોવિંદ સમજાણીયે ભીન્ન ભાવ ન કીજેરે;
ગુરૂની કૃપાથી ગોવિંદ મળે, જેથી ભવજળ છીજેરે—હરિ.
સંત ચરણુરજ સેવતાં, સૌ સાધન ફળ લઇયેરે,
સરયૂ અનુજ એમ બોલીયો, અમરા પુર જઇયેરે—હરિ.

❀

(૧૪૨)

માઝી દેવ પુજા દેવ પુજા.
પાય તુઝે ગુરૂ રાજા—ટેક.
ગુરૂ ચરણાચી માટી, તેચી માઝી ભાગીરથી—માઝી.
ગુરૂચરણાંચા બિંદુ, તોચિ માઝા ક્ષીરસીંધુ—માઝી.
ગુરૂચરણાંચે ધ્યાન, તેંચી માઝે સંધ્યા સ્નાન—માઝી.
શિવદિન કેસરી પાહી, સદગુરૂ વાંચુની દૈવત નાહી—માઝી.

❋

(૧૪૩)

તમે ખુબ ખબર કરી ખોજોરે, કાયા તનસે.
કાયા તનસે, ગુરૂ ગમસે—તમે ખુબ.
ઓઘટ ઘાટ ફેરફેર આયો.
સોહંગ નગીના નાદ બજાયો (૨)
ત્રીવેણી કે તીરે ધ્યાન લગાયો
જદ ચઢીયા અગમસે (૨)—તમે ખુબ.
અઘોચરી અનહદ ધુન ગાજે,
અનહદ મુનીજન પુરૂષ બીરાજે (૨)
અનેક કોટ કાયામે વાજે (૨)
કોઈ ગુરૂકે સંગમસે (૨)—તમે ખુબ.
ચાચરી ભુચરી ખેચરી માયા,
વાસના પુત્રી રહી છુપાયા (૨)
જારીતીઆં કને જોત જમાયા (૨)
કોઇ ગુરૂકે ઈલમસે (૨)—તમે ખુબ.

❋

(૧૪૪)

મોરે સદગુરૂ દીની બતાય દલાલી લાલનકી—ટેક.
લાલ લાલ સબ કોઈ કહે, સબ કે પલ્લે લાલ;
પણ ગાંઠ ખોલી દેખે નહિ, યા બીધ ભયા કંગાલ—દલાલી
લાલ પડા ચોગાનમેં રહ્યા કીચ લપટાય;
મૂરખ ઠોકર દે ચલે, સમજુ લીયા ઉઠાય—દલાલી.
સદગુરૂ એસા કીજીયે, જયું મહેંદીકા પાત;
લાલી અંતરમે ભરી, હરીઆલી વાકી જાત—દલાલી.

❋

(૧૪૫)

મુજ મનને ગુરૂવર વારો,
ચંચળતા તજતું નથી સ્વામી
હું તો કહી કહી હાર્યો—મુજ
વિકટ વમળ ભવસાગરમાં ભય, ભમતા ન આવે આરો,
કારણ વીણ કરે છે પ્રભુ તે તર્કવીતર્ક હજારો—મુજ,
મોહાધીન બની બાંધે છે પાપ કર્મનો ભારો,
ઢોંગ અનેક કરે છે તેશઠ, જપતાં જાપ તમારો—મુજ.
વિચરે છે વાયુથી અદકુ—પીને અહંપદ પારો
આંખ ઉઘાડી જરી નથી જોતું—માર્ગ નઠારો સારો—મુજ,
કોઇ ઉપાય વડે પણ તેને ચરણે રાખી સુધારો,
અરજી એ દીન દાસ તણી છે હે ભગવાન સ્વીકારો—મુજ.

❋

(૧૪૬)

ગુરૂવીના જ્ઞાન નવ થાએ ખરો દેવ નહિ દેખાયે,
અજ્ઞાની ગોથા ખાયે (૨) જ્યાં ત્યાં જઈ અથડાએ—ગુરૂ.
કોઇ દેવળમાં દોડે છે (૨) કોઇ તીરથમાં ખોળે છે (૨)
કોઇ યમ નિયમ પાળે છે (૨) તે શ્રમ સૌ ફોગટ જાયે—ખરો.
અંતર દૃષ્ટી જો થાશે (૨) ખોટામાં ખરૂ દેખાશે (૨)
પણ ખોટું ખરામાં ન ભાસે (૨) સદગુરૂ કૃપા ના થાયે—ખરો.
પ્રગટાવી જ્ઞાનનો દીવો (૨) ખરો દેવ ઓળખી લેવો (૨)
પછી જ્યાં ત્યાં તેને જોવો (૨) તે વીના ચોરાશી ન છુટે—ખરો.
હૃદયસ્થ પ્રભુતે ખરો છે (૨) તે સર્વમાં વ્યાપી રહ્યો છે,
તે જેની તેની પાસે છે (૨) પણ તેને કોઈ ના ધ્યાવે—ખરો.

(૧૪૭)

ગુરૂ થોરકાં દેવ થોર મ્હણુવા,
આધી નમસ્કાર કોણાશી કરાવા—ગુરૂ.
મલા ભાસતો સદગુરૂ થોર આહે (૨)
જ્યાચે પ્રસાદે રઘુરાજ પાહે—ગુરૂ.
સ્વયંભાનુ જો ભાનુ આરાધીયેલા (૨)
જ્યાચે કુળી દીપક દીવ્ય ઝાલા—ગુરૂ.
હરિ ભકિત લાગુની તારી સમસ્તા (૨)
નમસ્કાર સાષ્ટાંગ શ્રી ગુરૂનાથા—ગુરૂ.
ધુનઃ—ગુરૂ દત્તાત્રય અવધુતા,
જનાર્દન સ્વામી એકનાથા.

(૧૪૮)

સદ્‌ગુરૂ મેરા મેતો નોકર ચાકર તેરા,
સાહિબ મેરા મે તો હુકમી બંદા તેરા—સદ્‌ગુરૂ.

સદગુરૂ નામ નીશાની દીની (૨)
પ્રીતમ પ્રીત છીનકે લીની (૨)
અપના જાણી દયામોહે કીની (૨)
મીટ ગયા ફેરા મે તાં આદી અનાદી તેરા—સદગુરૂ.

સદગુરૂ સત્ય લોકકે વાસી (૨)
રીદ્ધી સિદ્ધી મુકિત સર્વ દાસી (૨)
સબ ઘટમાંહ રહ્યારે વીલાસી (૨) નહિ દુર હે દેરા—મેતો.

વૃત્તી વસ્તુ લઇને પીછાની (૨)
સુરતી નીરાકાર ઠેરાની (૨)
મૂર્તિ નેણુમાંહી સમાણી (૨) ભયા ઉજીયારા—મેતો.

સુરતા ચલી ચઢી અસ્માના (૨)
શુન્ય શીખરમે કીયા અસ્થાના (૨)
ચન્દા પકયા મુકત મેદાના (૨) રસ્તા ઘડયા મેદાના—મેતો

(૧૪૯)

આલ્યે બાઇ વેડી દરબાર ગુરૂચા ઝાડી—ટેક,

દેહ પીતાંબર ફાટીલા, નવ રત્નાચા હાર કાઢીલા;

સદગુરૂ ગલાં ઘાતલા, વાસના સોડી—આલ્યે,

કલ્પના કાંચોલી કાઢીલી; ત્રીગુણાચી વેણી સોડીલી;

ચારી દેહાંચી મુકિત સાધીલી, પરીતી થોડી—આલ્યે.

વેડી ઝાલ્યે સદગુરૂ ઘરચી, ચીંતા હારપલી મનાચી;
સોય દાખવીલી સ્વસ્વરૂપાચી, લાગલી ગોડી—ઝાલ્યે.
ચિન્મય સ્વરૂપ દાખવીલે, આપણાં મધ્ય મેલવીલે;
પૂર્ણાનંદ ગુરૂને કેલે, પાપના સોડી—ઝાલ્યે.

❀

(૧૫૦)

ચરણુ કમલે ચિત્ત જોડોરે, સદગુરૂ દેવા ચરણુ કમલે ચિત્ત જોડો—ટેક
નિરંકુશ વૃત્તિ ધારી, ફર્યો ફર્યો પૃથ્વી સારી (૨)
મલી નહિ શાંતી ભ્રાંતિ તોડોરે—સદગુરૂ.
જુવાની દીવાની આવી. અનેક ઉપાધી લાવી (૨)
ભમાવિ દમાવિ કાઢયો ખોડોરે—સદગુરૂ.
કિધાં બહુ પાપ પ્રિતે, રાખ્યું નહિ માપ ચિત્તે (૨)
વિત્તેથી વિખાયો ના કંઇ થોડોરે—સદગુરૂ.
તનડું તપાવી નાખ્યું, મનડું ભમાવિ નાખ્યું (૨)
અંતરના પડદા આપ મરોડોરે—સદગુરૂ.
વિષયોપભોગભોગી, બન્યો રૂંવેરૂંવે રોગી (૨)
યોગીજન તાપ તનના તોડોરે—સદગુરૂ.
દ્રષ્ટિથી જોયા જ્યારે, વૃષ્ટી થઇ અમૃત ત્યારે (૨)
વૃત્તિનો સોંપ્યો નાથ અછોડોરે—સદગુરૂ.
મનને વચન કર્મ, સોંપ્યા તમ હાથ ધર્મ (૨)
મર્મો સમજાવી જાળ વછોડોરે—સદગુરૂ.
જીવ શિવ રૂપ થાયે, ભેદ અભેદ જણાયે (૨)
સોહમ્ સોહમ્ ની ધુન છોડોરે—સદગુરૂ.

(૧૫૧)

ગુરૂ પૈયા પડું નામ લિખાય દીજો—ટેક.
જનમો જનમકા સોયા યે મનુવા (૨)
શબ્દ સુનાય જગાય દીજો- ગુરૂ.
રેન અંધિયારી નૈન ના સુઝત (૨)
જ્ઞાનકી જ્યોત જગાય દીજો—ગુરૂ.
વિષકી લ્હેર ઉઠત ઘટભિતર (૨)
અમૃત વર્ષા વર્ષાય દીજો—ગુરૂ.
ઘેરી ઘેરી નદીયાં અગમ વહે ધારા (૨)
નૈયા મોરી પાર લગાય દીજો—ગુરૂ.
ધરમદાસકી અંતર અરજ હય (૨)
અબકી ખેપ નીભાય દીજો—ગુરૂ.

❋

(૧૫૨)

ગુરૂરાજ તારી બેલડીએ,
અમે વળગ્યાં વજ્રની આંકડીએ—ગુરૂરાજ.
તમારી આપેલી કડવી લીંબોડી ખાઇશું, (૨)
નહિ મોહીયે કોઇની કોકડીયે—ગુરૂરાજ.
બીજાના આપેલા પકવાન તજીને (૨)
રાજી રહીશું ગુરૂજી તારી રાબડીયે—ગુરૂરાજ.
બીજાના આવેલા વૈમાન તજીને (૨)
અમે તરશું ગુરૂજી તારી નાવડીએ—ગુરૂરાજ.
રંગ મહેલના ભોગ તજીને (૨)
યોગ સાંધીશું ગુરૂજી તારી ઝુંપડીએ—ગુરૂરાજ.
બીજાના બતાવેલા માર્ગ તજીશું (૨)

પૂજન કરશું ગુરૂજી તારી પાવડીએ—ગુરૂરાજ.
કસોટી કસવી હોય તે કસજો (૨)
ગુરૂ તલજો તેલની તાવડીએ—ગુરૂરાજ.
મોહ નિદ્રાના તીમીર હરીને (૨)
જ્ઞાન અંજન લગાવ્યા ગુરૂ આંખડીએ—ગુરૂરાજ.
અમીધર સંતોના સંગ કરીને (૨)
નીજ સ્વરૂપ દીધા ભકિત માવડીએ—ગુરૂરાજ.

❋

(૧૫૩)

ગુરૂદેવ તમારી પાવડીયો,
એ તો ભવજલ તરવાની નાવડીયો—ગુરૂદેવ.
પાવડી પૂજન સહુ ફળ દાતા (૨)
જાણે કામધેનુ ગાવડીયો—ગુરૂદેવ.
ગુરૂપદ વિમુખને કાંઇએ મળે નહિ (૨)
ફુટેલી કોડી કે કાવડીયો—ગુરૂદેવ.
ગુરૂ જપ જપે તે તો જીંન્હાઓ મેના (૨)
બીજી જીંન્હા તેતો ફાવડીયો—ગુરૂદેવ.
પાવડી ભકિત તે ભકિત મહારાણી (૨)
બીજી ભકિત તેની દાવડીયો—ગુરૂદેવ.
અમીધર પ્રેમનાં ઝરણા વહન્તી (૨)
પાવડીયો મહા માવડીયો—ગુરૂદેવ.

❋

(૧૫૪)

પતિત પાવન ગુરૂદેવ અમારા અમને પાવન કરજો, (૨)
વચનામૃતના વારિ સીંચી શુષ્ક હૃદય ભીંજવજો,
શરણાગત દીન જનનેરે ભવથી પાર ઉતારી દેજો—પતિત.
દીનદાસની અરજ એટલી ગુરૂદેવ જરા ઉરધરજો (૨)
જડતાથી મમવૃત્તિ છોડાવી સ્વરૂપમાં સ્થીર કરજો,
શરણાગતના સ્નેહીરે ગુરૂદેવ નાવિક મમ બનજો—પતિત.
આથી ઝાઝું શું કહીએ બધું જાણો અંતરયામિ (૨)
છતાં અલ્પમતિ બાળ પ્રમાણે સ્તુતી કરૂં શીરનામી,
અરજ દીનદાસની છેલ્લીરે થાજો અંત સમયના બેલી—પતિત.

❋

(૧૫૫)

આનંદ મંગળ કરૂં આરતિ હરિગુરૂ સંતની સેવારે,
પ્રેમે કરી મંદિર પધરાવું (૨) સુંદીર સુણંડા લેવારે—આનંદ
હરિના બાંધ્યા હરિજન છોડે (૨) હરિને એવા હેવારે,
ત્રીભુવન તારણ અધમ ઉદ્ધારણ (૨) સંત ચરણ શુભ એવારે—આનંદ
સકળ તીરથ મારા સંતોને ચરણે (૨) ગંગા જમુના રેવારે,
કહે પ્રીતમ ઓળખો અણુસારે (૨) હરિના જન હરિ જેવારે—આનંદ

❋

(૧૫૬)

પૂર્ણ કૃતાર્થ હું થયો, નથી કશાની આશ;
સકળ વાસનાએ સમી, પામ્યો પદ અવિનાશ,
ધન્ય ધન્ય દયા સદગુરૂ તણી, એમજ સત્ય વદાય;
પરમ તત્વનો અનુભવ કરી, નીજ સ્વરૂપ પમાય.
મહાસાગર અમૃત તણો, દશેદીશ ભરીયો હોય;
તેમાં જેમ ક્રીડા કરે, મીન સોભાગી હોય,
બ્રહ્મરૂપ મહાસાગરે મારૂં મન પણ એમ;
રાત દિવસ ક્રીડા કરૂં, એ સુખ વિસરૂં કેમ.

ધુન.

જય ગુરૂ જય ગુરૂ જય ગુરૂ જય,
જય ગુરૂ સદગુરૂ જય જય જય.

દોહરા.

પ્રથમ નમું ગુરૂદેવને જેને આપ્યું જ્ઞાન,
જ્ઞાને ગોવિંદ ઓળખ્યા ટળ્યું દેહ અભીમાન.

❋

જેની કૃપા કટાક્ષથી મુંગો બોલે વાણુ,
તે ગુરૂ પરમાનંદને પ્રથમ કરૂં પ્રણામ.

❋

આત્મા ઓર પરમાત્મા અલગ રહ્યા બહુકાળ,
સુંદીર મેલા કરદીયા સતગુરૂ મીલા દલાલ.

❋

કબીર તે નર અંધ હય ગુરૂકું કહતે ઓર,
હરિ રૂઠે ગુરૂ મેલસી ગુરૂ રૂઠે નહિ ઠોર.

❋

કોપ પ્રભુનો કારમો ગુરૂથી થાયે શાંત,
ગુરૂ ગોવિંદ ગણીભજો વદે શાસ્ત્ર વેદાંત.

❋

તીરથ નાહે એક ફલ સંત મીલે ફલ ચાર,
સદગુરૂ મીલે અનેક ફળ કહે કબીર વિચાર.

❋

કામીકા ગુરૂ કામહે લોભીકા ગુરૂદામ,
કબીરકા ગુરૂ સંત હે સંતનકા ગુરૂરામ.

❋

ગુરૂ બીન જ્ઞાન ન ઉપજે ગુરૂ બીન મીલે ન ભેદ,
ગુરૂ બીન સંશય નામટે જય જય જય ગુરૂદેવ.

❋

મન મારનકી ઔષધી, સદગુરૂ દેત બતાય,
ઇચ્છત પરમાનંદકો, સો ગુરૂ શરણે જાય.

❋

ભેદી લીયા સાથમેં વસ્તુ દીયા બતાય,
કોટી જનમકા પંથથા, પલમેં દીયા છુડાય.

❋

ચાર ખાનમેં ભટકતા કબહુ ન લાગત પાર,
સો તો ફેરા મીટ ગયા, સદગુરૂકે ઉપકાર.

❋

જ્યું બેલ બનજારકે પ્રીરત ઘણેરે દેશ,
ખાંડ ભરી ભુસ ખાત હે, બીન સદગુરૂ ઉપદેશ.

❋

ગુરૂ ગોવિંદ દોનુ ખડે કીનકું લાગું પાય,
બલીહારી ગુરૂદેવકી, ગોવિંદ દીયા બતાય.

❋

મુંગા હુવા બાવરા બહેરા હુવા કાન,
પાવનસે પાંગુલ હુવા સદગુરૂ માર્યા બાણ.

❋

ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ વિન ઘોર અંધાર,
જે ગુરૂ વાણી વેગળા, તે રડવળ્યા સંસાર.

❋

મન કપડા મેલા ભયા, ઈનિમે બોત વિકાર,
ઐસિ મનકું કૈસે ધોઇએ, સંતો કરો વિચાર.

❋

સદગુરૂ ધોબી જ્ઞાન જળ, સાબુ સરજનહાર,
સુરત શીલાપર ધોઇએ, નીકસે જોત અપાર.

❋

શ્રી સદગુરૂ કરૂણા કરી, કાપ્યા કષ્ટ અપાર,
કૃષ્ણ નામ અમૃતરસ; રેડયા કર્ણ મોઝાર.

❋

બહેજાત સંસારમે, સદગુરૂ પકડે કેશ,
સુંદર કાઢત બુડતે, દે અદભુત ઉપદેશ.

❋

શ્રી હરિ ઘટ ઘટ રમી રહ્યા, મર્મ ન જાને કોય.
પૂર્ણ ગુરૂ જાકુ મીલે, તાકુ માલમ હોય.

❋

પૂર્ણ પ્રભુ ગુરૂદેવ આપ, નારાયણ અવતાર,
સદા રહો મમ શીરપર, શ્રીગુરૂ ચરણ તુમ્હાર.

❋

સમ દૃષ્ટી શીતલ સદા, અદભુત જાકી ચાલ,
ઐસા ગુરૂદેવ કીજીએ, પલમે કરે નીહાલ.

❋

વારીને મથવા થકી, મલે ન માખણ જેમ,
પ્રાપ્ત ન થાયે ગુરૂ વિના, જ્ઞાન કદિ શુભ તેમ.

❋

અન્ય વિચારો છોડીને, ગુરૂપદ પંકજ ધ્યાન,
ધરો સદા શ્રદ્ધા વડે, ઓળખવા ભગવાન.

❋

કબીર ગુરૂકી ભકિત બીન, રાજા ગધ્ધા હોય,
માટી લાદે કુંભારકી, ઘાસ ન ડાલે કોય.

❋

વેદ થકે બ્રહ્મા થકે, થક ગયે શેષ મહેશ,
ગીતાકું જ્યાં ગમ નહિ, વહાં સદગુરૂકા દેશ.

❋

સદગુરૂકે મહીમા અનંત, અનંત કીયા ઉપકાર,
અનંત લોચન ઉઘાડીયા, અનંત દીખાવનહાર.

❋

સદગુરૂ સમાન કો નહિ, સપ્તદ્વિપ નવખંડ,
તિન લોકના પાઇએ, ઓર એકવીસ બ્રહ્માંડ.

❋

ગુરૂ નારાયણ રૂપ હય, ગુરૂ જ્ઞાન કો ઘાટ,
સદગુરૂ બચન પ્રતાપસે, મનકે મીટે ઉચ્ચાટ.

❋

સુમરણ મારગ સાચકા, સદગુરૂ દીયા બતાય,
સ્વાસ ઉવાસે સમરતાં, એક દીન મીલ્યા આય.

❋

સદગુરૂ સતકા શબ્દ હય, જીને સત દીયા બતાય,
જો સતકો પકડ રહે, તો સતહી માંહી સમાય.

❋

હરિ કૃપા તબ જાનીયે, દે માનવ અવતાર,
ગુરૂ કૃપા તબ માનીયે, જબ છોડાવે સંસાર.

❋

વેદ તણો જે ભેદ છે, લહે ન ગુરૂ વિણ કોય,
રવિદાસ નિશ્ચે કહે, ગુરૂ બીન ગમ ન હોય.

❋

રવિદાસ સદગુરૂ વિના, વેદ સદા દુઃખરૂપ,
સાચા સદગુરૂ જો મલે, પામે તત્વ અનુપ.

❋

અંતઃકરણમાં દોષ ત્રણ, મળ વિક્ષેપ અજ્ઞાન,
તે દોષને ટાળવા, ધરે ગુરૂપદ ધ્યાન.

❋

હરણ શોક તૃષ્ણામટી, મટયા વાદ વિવાદ,
હું મારૂં મમતા મટી, સદગુરૂના પ્રસાદ.

❋

વેદ વચન ગુરૂમુખ ગ્રહી, ધારી દૃઢ વિશ્વાસ,
સારા સાર વિચારતા, પ્રગટ બ્રહ્મ પ્રકાશ.

❋

સદગુરૂ કેરા શબ્દજો, માની કરે વિચાર,
રવિદાસ તો પામસે, નિશ્ચે ભવજળ પાર.

❋

લક્ષ ચોરાસી યોનીમાં, ધરે અવતાર અનંત,
જીવ પણ ત્યારે ટળે, સેવે સદગુરૂ સંત.

❋

મહા વાક્ય જે વેદનું, ગુર મુખ કરે વિચાર,
શુદ્ધ વસ્તુ ધારણ કરે, માયા તજે અસાર.

❋

પ્રથમ ગુરૂકો વંદીએ, સોઇ વંદન યોગ.
એસે જયગુરૂ દેવ હે, કાટત હય ભવરોગ.

❋

જૈસી અચ્છી ઔષધી, કરત રોગકો હાન,
તૈસે તીમીર રોગકો, નાશ કરે ગુરૂ જ્ઞાન.

❋

ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ, ગુરૂદેવ મહેશ્વર,
ગુરૂ સાક્ષાત પરિબ્રહ્મ, તસ્મૈ શ્રીગુરૂવે નમઃ

❋

વાણી ન શકે વરણવી, સદગુરૂ તણું સ્વરૂપ,
બુદ્ધી બળ પહોંચે નહિ, ઉપમા રહિત અનુપ.

❋

ગુરૂપદ પંકજ પૂજતાં, ચૌદ લોક પૂજાય,
શિવ વિરંચીને શારદા, સદગુરૂના જશ ગાય.

❋

અંત:કરણુ હોય ઉજળાં, જડ તિમીર ટળી જાય,
સરવે લાગે સૂજવા, પદરજ મહિમાય.

❋

જપ તપ તીરથ જોગનું, ફળ જે કહેવાય,
પ્રીતમ સદગુરૂ સેવતા, તેતો સરવે થાય.

❋

અખંડ મંગલાકારં વ્યાપ્તં એન ચરા ચરમ,
તત્પદં દર્શિ તે ન યસ્ય શ્રીગુરૂવે નમ:

❋

મનહર છંદ.

જ્ઞાનકો પ્રકાશ જાકે, અંધકાર ભયો નાશ ।
દેહ અભીમાન જીન, તજ્યો જાણી છારથી ॥
સોઈ સુખ સાગર, ઉજાગર વૈરાગરજુ ।
જાકે બૈન સુનત બિલાત હે વિકારથી ॥
અગમ અગાધ અતિ, કોઉ નહિ જાને ગતિ ।
આતમાકો અનુભવ, અધિક અપારથી ॥
એસે ગુરૂદેવ વંદનીય, તીહું લોકમાંહી ।
સુંદર વિરાજમાન, શોભત ઉદારથી ॥
ગુરૂ બિન જ્ઞાન નહિ, ગુરૂ બિન ધ્યાન નહિ ।
ગુરૂ બિન આતમ, વિચાર ન લહતુ હૈ ॥
ગુરૂ બિન પ્રેમ નહિ, ગુરૂ બિન નેમ નહિ ।
ગુરૂ બિન શીલહું, સંતોષ ન ગહતું હૈ ॥
ગુરૂ બિન પ્યાસ નહિ, બુદ્ધીકો પ્રકાશ નહિ ।
ભ્રમ હું કો નાશ નહિ, સંષય રહતું હૈ ॥
ગુરૂ બિન બાટ નહિ, ગુરૂ બિન હાટ નહિ ।
સુંદર પ્રગટ લોક, વેદ યુ કહત હૈ ॥
ગુરૂ કે પ્રસાદ બુદ્ધી, ઉત્તમ દશાકું ગ્રહે ।
ગુરૂ કે પ્રસાદ ભવદુઃખ બીસરાઇયે ॥
ગુરૂ કે પ્રસાદ પ્રેમ પ્રીતિ હું અધિક બાઢે ।
ગુરૂ કે પ્રસાદ રામ, નામ ગુણ ગાઇયે ॥
ગુરૂ કે પ્રસાદ સબ, યોગકી યુક્તિ જાનૈ ।
ગુરૂ કે પ્રસાદ સૂન્યમે, સમાધિ લાઇયે ॥
સુંદર કહત ગુરૂદેવ, જુ કૃપાલુ હોઈ ।
તીનકે પ્રસાદ તત્વજ્ઞાન પુનિ પાઇયે ॥
કોઉ દેત પુત્ર ધન, કોઉ દેત બલધન ।

કોઉ દેતરાજ સાજ, દેવરૂષી મુન્યો હૈ ॥
કોઉ દેત યશ માન, કોઉ દેત રસ આન ।
કોઉ દેત વિદ્યાજ્ઞાન, જગતમે ગુન્યો હૈ ॥
કોઉ દેત રિદ્ધિસિદ્ધિ, કોઉ દેત નવ નિધિ ।
કોઉ દેત ઓર કછુ, તાતેં શીશ ધુન્યો હૈ ॥
સુંદર કહત એક, દિયો જીને રામનામ ।
ગુરૂસો ઉદાર કોઉ, દેખ્યો હૈ ન સુન્યો હૈ ॥
ગોવિન્દકે કીયે જીવ જાત હૈ રસાતલકું ।
ગુરૂ ઉપદેશ સો તો, છુટે યમ ફંદ તે ॥
ગોવિન્દ કે કીયે જીવ, વશપરે કર્મનકે ।
ગુરૂ કે નિવારે શું, ફિરત હૈ સ્વછંદ તે ॥
ગોવિંદ કે કીયે જીવ, ડુબત ભવ સાગરમે ।
સુંદર કહત ગુરૂ, કાઢે દુઃખ દ્વંદતે ॥
ઔર હું કહાલો કછું, મુખતે કહુ બનાય ।
ગુરૂ કીતો મહીમાય, અધિક હૈ ગોવિન્દ તે ॥
ચિંતામણી પારસ કલપતરૂ કામધેનું ।
ઔર હુ અનેક નિધી, વારીવારી નાખીયે ॥
જોઈ કછું દેખીયે સો, સકલ વિનાશવંત ।
બુદ્ધી મેં વિચાર કરી, બહુ અભીલાખીયે ॥
તા તે મન વચન કરમ, કરી કર જોરી ।
સુંદર ચરણુ શીશ મેલી દીન ભાખીયે ॥
બહુત પ્રકાર તીનું લોક, સબ સોધે હમ ।
ઐસી કોન ભેટ ગુરૂદેવ આગે રાખીયે ॥
ગુરૂદેવ સર્વોપરી, અધિક વિરાજમાન ।
ગુરૂદેવ સબહીતે અધિક ગરીષ્ઠ હું ॥
ગુરૂદેવ દત્તાત્રય, નારદ શુકાદિ મુનિ ।
ગુરૂદેવ જ્ઞાનઘન, પ્રગટ વસિષ્ટ હું ॥

ગુરૂદેવ પરમ આનંદ, મય દેખીયજી ।
ગુરૂદેવ વર વરિયાનહું વરિષ્ઠ હૈ ॥
સુંદર કહત કછુ મહિમા કહી ન જાય ।
ઐસે ગુરૂદેવ દાદુ મેરે શીર ઇષ્ટ હૈ ॥



વહાલો સંત.

પ્રાગટ્ય.

સંવત ૧૯૪૪ વૈશાખ વદી ૧૩

નિર્વાણ.

સંવત ૧૯૯૨ આસો વદી ૧૧

એક ભકતની ભાવના

મુંબાઈ જેવી મોજીલી નગરીમાં પ્રવૃત્તિવાળા પ્રદેશમાં ગીરગામ જેવા વિશાળ લત્તામાં, માધવબાગ જેવા મધુરસ્થળ આગળ, શ્રીલક્ષ્મી-નારાયણના મંદીર નજીક શ્રીરાધાકૃષ્ણ બાંકે બીહારીની બાજુમાં શ્રી કોરોનેશન બીલ્ડીંગમાં શ્રી નિવાસ ભૂવનમાં પહેલે માળે સંવત ૧૯૮૩ ના શ્રાવણ સુદ ૧૧ પવિત્ર એકાદશીના દીવસે એક પવિત્ર

વિભૂતિ એક પવિત્ર ખુણામાંથી પોતાના પવિત્ર ઓજસનો પ્રભાવ પવિત્ર ભક્તો ઉપર પાડી રહી છે. પણ પવિત્ર અંતઃકરણ વિના બીજા ઉપર એ પ્રકાશ પડી શક્તો નથી

જેમ વાદળાના ઢંકાઇ જવાથી સૂરજનો પ્રકાશ પડતો નથી તેથી કંઈ સૂરજમાં પ્રકાશ નથી એમ નહિ કહેવાય. તેમજ આ મોહમયી નગરીમાં પણ જેના મન મોહથી મશગુલ છે જેના અંતઃકરણ અનેક વાસનાઓથી ભરેલા છે ચિત્ત અનેક પ્રવૃત્તિમાં પરોવાયેલા છે તેવાઓને આ પ્રકાશનો અનુભવ ન થાય તે સ્વભાવિક છે.

પણ જેના ભાગ્યનો ઉદય થયો છે, જેના જન્મ મરણના ફેરા ટળવાના છે જેના અવિચળ મોક્ષના દ્વાર ખુલવાના છે જીવતાં જીવન મૂકિતના લ્હાવા લેવા છે જેને શાન્તીની સેજ ઉપર સુવાનું છે, બ્રહ્માનંદના હીંચોળે ઝુલવું છે, આત્મ જ્યોતીના વિમાનમાં ઉડવું છે. પ્રેમસાગરની માંય ઉંડી ડુબકી મારી મોતી લેવાની જેની ધગસ છે, એવા કોઇ ભાગ્યશાલી પુરૂષોનું ટોળું આ ભૂમિમાં દરરોજ સવારના ૭ થી ૧૦ તથા રાતના ૮ાા થી ૧૦ એ અમૃત સાગરમાં એક તેજસ્વી વિભૂતિ સાથે દિવ્ય આનંદનો વિહાર કરી રહ્યું છે એ તેજોમય દિવ્યવિભૂતિ જ્યારે પોતાના તેજોમય સ્વરૂપમાં ખીલે છે ત્યારે કોઇ નાસ્તિકના હૃદયને પણ ચીરીને એને સત્યની ઝાંખી કરાવી શરણે આવવા પ્રેરે છે. એના કૃપાકટાક્ષના બાણ જો કોઇ ઉપર પડ્યા તો તે જીવ ત્યાંથી દૂર ખસી શકતોજ નથી.

એ શાન્ત મૂર્તિ જ્યારે ઉભી થાય છે, બે હાથ ઉંચા થઇ રહ્યા છે એની દૃષ્ટિમાંથી તેજ તેમજ મુખમાંથી અમૃત વરસી રહ્યું છે. જેણે સફેદ વસ્ત્રો ધારણ કરેલ છે ખુલ્લા માથે ઉભા છે. એ સ્વરૂપના નિકટ આવનાર જીવોની સ્થીતિ મધ ઉપર બેઠેલી માખી જેવી થઈ રહે છે. એની વાણી સાંભળનાર પોતાનો વ્યવહાર સંભાળી શકતો નથી એવા એક બે બનાવ રજુ કરૂં છું.

એક હરિજન પોતાના પિતાશ્રીના મરણ પછી ક્રીયા માટે દેશ જવા તૈયાર થયો ગાંસડી પોટલા બાંધી ગાડીમાં બેસી ગાડી નીચે ઊભી રાખી ઉપર રજા લેવા આવ્યો તેને પાછા ગાંસડા પોટલા છોડી ઘેર બેસી ભજન કરવાની મરજી થઈ એક હરિજન પોતાની સ્ત્રીને હોસ્પીટાલમાં જોવા ગાડીમાં બેસી જતો હતો તેના ઉપર દૃષ્ટિ પડતાં એ ચાલુ ગાડીમાંથી નીચે ઉતરી એ મૂર્તિના શરણે પડયો ગાડીવાલો તો હાંકતેજ ગયો ઠેકાણે જઇ જુવે છે તો ગાડી ખાલી.

જેની દૃષ્ટિના બાણ પડવાથી લોક લાજની મર્યાદા જાળવી શકાય નહિ. ભર બજાર વચ્ચે શુદ્ધ ખોઇ શરણમાં બેસી રહ્યા જેની દૃષ્ટિમાં એવું જાદુજ છે, આ તો એક લક્ષાધિપતિ શેઠીઆની વાત પણ સર્વ ત્યાગ કરેલ પરમહંસ જેવા સાધુ પણ એ દૃષ્ટિથી મોહી પડયા હતા છેડો છોડતા ન હતા માટે એ વાતો અલૌકિક છે એવા અનેક અનુભવો લખ્યાથી શું ? અરે નીચે ઉતારેલા ચોકે નાખેલા માણસના ઉપર દૃષ્ટિ ફેંકવાથી એ માણસ સંજીવન થઈ હજી એ ઉપકાર માની ભજન કરે છે એ મૂર્તિના શરીરમાંથી અગ્નિના ઝોળેઝોળ વહી રહ્યા છે એ બાજુ ભકતો પંખો કરી રહ્યા છે ઉપરથી દોરીનો પંખો પણ ચાલુજ છે છતાં એ ચૈતન્યની ગરમી અટકી શકતી નથી એ ચિતાર જોનાર ને ચૈતન્ય મહાપ્રભુનું સ્મરણ થયા વિના નહિ રહે.

એ ચૈતન્ય પ્રભાવથી ભીંતમાંથી ગોપાલકૃષ્ણની મૂર્તિ પ્રગટ થઇ છે. એવી એ ચૈતન્યની ઉષ્ણતા કોઈથી ખમાઇ નહિ તેથી કેટલાક લોકો વિના કારણે તદ્દન ગેરવ્યાજબીપણે નરી ઇર્ષા ને વૈર વૃત્તિથી પરાધીન અને ગુલામીમાં સડતા નિર્બળ પ્રજામાં જે સામાન્ય દોષ છે તેને વશ થઈ આ વિભૂતિએ મેળવેલ દિવ્ય વિજય તેમજ સિદ્ધિ અને પ્રસિદ્ધી દેખી ન શકાવાથી ખમાઈ ન શકાવાથી જુઠો બળાપો કરવા લાગ્યા એ કુદરતના ન્યાય પ્રમાણે દુઃખી તેમજ

પાયમાલ અવસ્થાને પામ્યા પ્રભુ! પ્રભુ! આવા જીવોને શાન્તી અને સદ્બુદ્ધિ આપ તારે શરણે લે એવા વિઘ્નસંતોષી જીવોને માટે એટલુજ કહેવુ બસ છે કે હે મિત્રો! તમો જે કરો છો તે મિથ્યા ફાંફાં છે ધર્મભાવનાનો જે અનંત ને અમર્યાદિત બળવાન મહામોઝ ઉછળ્યો છે. જેને દિશાઓની મર્યાદાને તોડી પાડી છે લોહચુંબકના ખડકોએ જ્યાં આગળ પોતાના ગુણો મૂકી દીધા છે. અરે જેને સર્વ ગુણોને પોતામાં સમાવી દીધા છે એવા ગુણોથી પર તથા જેના શ્વેત શિખર ઉપર દિવ્ય તેજથી ઝળકતી તેની પ્રતાપવાન મૂર્તિ નૃત્ય કરી રહી છે એવી ઓજસ ભરી દિવ્યમૂર્તિ માટે હે નાદાન મૂર્ખો તમે ગમે તેટલા પ્રયત્નો કરી પાડવાનો પુરૂષાર્થ કરો તો પણ સમજજો કે એ કાર્યમાં શ્રી કૃષ્ણચંદ્રની સંમતી છે એનો કરવાવાલો જે તમને દેખાય છે તે નથી.

બંધુઓ આ ઉદ્યોગ કિર્તિ મેળવવા પૈસા પેદા કરવા અગર કોઇપણ સ્વાર્થ વૃત્તિથી કરવામાં આવ્યું હશે તો હે મૂઢ તમારા અગર બીજા કોઇના પણ પ્રયત્ન વગરજ જગતના મહાનિતિ નિયમ મૂજબ આ મહામોઝ થોડા વખતમાં કાળના ઊંડા મૂળમાંજ સમાઇ જસે અને તેનુ નામ નિશાન સરખુ પણ રહેશે નહિ. પણ જો આ તરંગ શ્રી કૃષ્ણચંદ્રની ઇચ્છાથીજ તેની પ્રેરણા અને આદેશથી ઉત્પન્ન થયો હશે અને આ મહાપુરૂષના પરમ શુદ્ધ અને નિષ્કામ પ્રેમથી જગતને પવિત્ર કરવાને માટેજ સર્જાયો હશે અને જો જીવોના ઉદ્ધાર માટે એનો જન્મ હશે, તો તો પામર નિર્બળ અદેખા માનવી સર્વ શક્તિમાન જગત નિયંતાની ઇચ્છાની ગતિનો વેગ રોકવાની તારામાં શી તાકાત છે. કારણ કે—

“ક્યા કરે વૈરી પ્રબળ જો સહાય કરે યદુવીર
દશ હજાર ગજબળ ઘટયો, ઘટયો ન દશગજ ચીર

જીતને તારે ગગનમે, ઉતને શત્રુ હોય
કૃપા હોય શ્રીરામકી વાળ ન વાંકા હોય"

STONEY HEART

જે ભજનાશ્રમમાંથી આ જયગુરૂ નામની પુસ્તીકા પ્રગટ કરવામાં આવી છે તે ભજનાશ્રમમાં કેવળ ઇશ્વર સ્મરણ ભગવતધ્યાન તથા પ્રાર્થનાઓ તથા ઇશ્વર જશ અને ગુણાનુવાદ ગવાય છે જેનો મનુષ્યને એકજવાર આવી હરિરસ અમૃતપાન કરવાથી પોતાના આત્માને કેવી અલૌકીક શાંતી, આનંદ તથા પરમ સુખનો અનુભવ થાય છે તે પધારવાથી સ્વાત્માનુભવ થશે, માટે સર્વ પ્રેમી બંધુઓને અને મુમુક્ષુઓને હમારી નમ્ર વિનંતી છે કે એકવાર આવી જ્યાં ભગવત નામામૃતનું પાન થઈ રહ્યું છે તે અમૃત રસ પીને પોતાના જીવનનું સાર્થક કરી જીવતાંજ જીવન મુક્ત બની મોક્ષ સુખનો અનુભવ કરો.

જયગુરૂ જયગુરૂ જયગુરૂ જય
જયગુરૂ સદ્દગુરૂ જય જય જય

"પરમ ધામના પંખીડા"

સખી અમેરે પંખીડા પરમ ધામના (૨)
ઉડા વ્યોમના વિહાર (૨) ઉડતાં એ અલખ પ્રકાશમાં
પાંખ પ્રેમની પ્રસાર (૨) અમેરે પંખીડા પરમ ધામના—સખી
સખી છાયા ભૂમિને સ્પર્શે નહિ (૨) ગતિ પરીમીત પાર (૨)
જન્મ મરણુ ના અમદેશમા નહિ પ્યાસ કે આહાર (૨)—અમેરે
સખી રસો વૈ બ્રહ્મ જ્યાં પૂરણુ ભર્યો (૨) એજ અમતણો પ્રદેશ (૨)
ત્યાંથી આવ્યાતા તવ કારણે કહેવા સત્ય આ સંદેશ (૨)—અમેરે
સખી ઉડીયે અમારા હવે ધામમાં (૨) આપી તમને એંધાણુ (૨)
આવો તો ત્યાં ખુશીથી આવજો પૂછી પૂરણુ પીછાન (૨)—અમેરે
સખી શૂન્ય શિખર રંગ મહેલમાં (૨) નહિ ટાઢ અગર તાપ (૨)
રહે છે જ્યાં અમીધર રાજવી ત્યાંજ આપણો મેલાપ—અમેરે

સમાપ્ત.

અનુક્રમણિકા.

ધર્મ વિજય પ્રિન્ટીંગ પ્રેસ,

૨૦, પહેલો ભોઈવાડો,

ભુલેશ્વર, મુંબઈ ૨.